અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


30 DECEMBER-2025 TUESDAY | Vol. : 17 | Issue : 179 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
ફ્લોરિડામાં ટ્રમ્પને મળ્યા ઝેલેન્સકી : અમેરિકી રાષ્ટ્રપતિ બોલ્યા- મેં 8 યુદ્ધો રોક્યા, રશિયા-યુક્રેન......

4 
સંપન્ન હોવા છતાં પણ નમીને રહેવું શ્રેષ્ઠ ગુણ છે અને શ્રેષ્ઠ હોવા છતાં સામાન્ય રહેવું એ સર્વ શ્રેષ્ઠ ગુણ છે

6 
શિલ્પા શેટ્ટીના મોર્ફ્ડ ફોટો-વીડિયો વાઈરલ : બોમ્બે હાઈકોર્ટે એક્ટ્રેસના AIથી બનાવેલા વાંધાજનક કન્ટેન્ટને....

7 
ભારતીય ઘરોમાં દેશની GDP કરતા પણ વધુ સોનું: 34,600 ટન સોનાની કિંમત ₹450 લાખ કરોડ, દેશની GDP ₹370 લાખ કરોડ

### સુપ્રીમ કોર્ટે ઉન્નાવ બળાત્કાર કેસમાં સ્ટે મુક્યો

## કુલદીપ સેંગરને મોટો ઝટકો, સુપ્રીમ કોર્ટે HCના આદેશ પર સ્ટે લગાવ્યો

### હાઈકોર્ટે દોષિત સેંગરની આજીવન કેદની સજા રદ કરી હતી અને તેમને શરતી જામીન આપ્યા હતા : CBIએ આ નિર્ણયને સુપ્રીમમાં પડકાર્યો હતો



નવી દિલ્હી, તા.29

સુપ્રીમ કોર્ટે ઉન્નાવ બળાત્કાર કેસમાં સોમવારે (૨૯ ડિસેમ્બર, ૨૦૨૫) દિલ્હી હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે મુક્યો હતો. હાઈકોર્ટે દોષિત કુલદીપ સેંગરની આજીવન કેદની સજા રદ કરી હતી અને તેમને શરતી જામીન આપ્યા હતા. સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જે.કે. મહેશ્વરી અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બનેલી વેકેશન બેન્ચ અરજી પર સુનાવણી કરી રહી છે. હાઈકોર્ટે સેંગરની સજા રદ કરી હતી અને તેમને શરતી જામીન આપ્યા હતા. જોકે, ઉન્નાવ બળાત્કાર પીડિતાના પિતાના કસ્ટોડિયલ મૃત્યુ સાથે સંકળાયેલા એક અલગ કેસમાં ૧૦ વર્ષની સજાને કારણે સેંગર જેલમાં છે. પીડિતા અને તેનો પરિવાર હાઈકોર્ટના નિર્ણયથી ભારે ગુસ્સે છે અને દિલ્હી હાઈકોર્ટની બહાર વિરોધ કરી રહ્યા છે.

સીબીઆઈનું પ્રતિનિધિત્વ કરતા એસજી તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સગીરા પર ભયાનક રીતે બળાત્કાર કરવામાં આવ્યો હતો અને હાઈકોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (POCSO) ની કલમ ૫ને ધ્યાનમાં લીધી નથી. જસ્ટિસ જેકે મહેશ્વરીએ જણાવ્યું હતું કે કલમ ૩૭૬ પર પહેલાથી જ વિચારણા કરવામાં આવી છે. એસજી મહેતાએ જણાવ્યું હતું કે હાઈકોર્ટે ઘણા પાસાઓની અવગણના કરી છે, જેમાં એ હકીકતનો સમાવેશ થાય છે કે આ એક સગીર પીડિતા સાથે જોડાયેલો કેસ હતો.

એસજી તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સેંગરને બે કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને ઘટના સમયે પીડિતા ૧૬ વર્ષથી ઓછી ઉંમરની હતી. તેણી ૧૫ વર્ષ અને ૧૦ મહિનાની હતી અને સજા સામે અપીલ પેન્ડિંગ હતી. તેમણે જણાવ્યું હતું કે સજાનું કારણ સ્પષ્ટ હતું. બળાત્કાર એક જાહેર સેવક દ્વારા કરવામાં આવ્યો હતો અને સીબીઆઈએ તથ્યો અને પુરાવા સાથે આ સ્થાપિત કર્યું હતું.

આ કેસ ૨૦૧૭નો છે, જ્યારે ઉત્તર પ્રદેશના તત્કાલીન ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગર પર ઉન્નાવ જિલ્લાની એક સગીર છોકરી પર બળાત્કારનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ૨૦૧૯માં દિલ્હીની એક ટ્રાયલ કોર્ટે કુલદીપ સિંહ સેંગરને બળાત્કારનો દોષી ઠેરવ્યો અને તેને આજીવન કેદની સજા ફટકારી હતી. સેંગરને પીડિતાના પિતા અને સાક્ષીઓને પ્રભાવિત કરવાના કસ્ટોડિયલ મૃત્યુમાં પણ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ૨૩ ડિસેમ્બરના રોજ દિલ્હી હાઈકોર્ટે સેંગરની અપીલ પેન્ડિંગ સજાને સ્થગિત કરી દીધી હતી અને તેને પહેલાથી જ પસાર થયેલા સમયગાળા (સાત વર્ષ અને પાંચ મહિના) અને કાનૂની આધારોનો ઉલ્લેખ કરીને શરતી જામીન પણ આપ્યા હતા.

દિલ્હી હાઈકોર્ટે ૨૩ ડિસેમ્બર, મંગળવારે ઉન્નાવ રેપ કેસમાં દોષિત કુલદીપ સિંહ સેંગરની આજીવન કેદની સજા પર રોક લગાવતા તેમના જામીન આપી દીધા હતા. જસ્ટિસ સુબ્રમણ્યમ પ્રસાદ અને જસ્ટિસ હરીશ વૈધનાથન શંકરની બેન્ચે સેંગરને રાહત આપી હતી. જેથી પીડિત પરિવારમાં રોષ વ્યાપી ગયો હતો. હાઈકોર્ટના નિર્ણય બાદ આ મામલો ફરીથી ચર્ચામાં આવ્યો હતો. સીબીઆઈએ આ આદેશ વિરુદ્ધ કાનૂની લડાઈ ચાલુ રાખતા સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. CBIએ સુપ્રીમ કોર્ટને હાઈકોર્ટના સજા સ્થગિત કરવા અને જામીન આપવાના આદેશ પર પુનર્વિચાર કરવા વિનંતી કરી હતી.

## આસામ જેવા આખા દેશમાંથી ઘૂસણખોરોને ભગાડીશું : અમિત શાહ

### આસામના સ્વાતંત્ર્ય સેનાની ગોપીનાથે આસામને ભારતમાં જાળવી રાખવા માટે નેહરુને મજબૂર કર્યા



ગુવાહાટી, તા.29

આસામના નવગાંવમાં સોમવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બટાદ્રવા સ્થાન પુનર્વિકાસ પરિયોજનાનું ઉદ્ઘાટન કરવા પહોંચ્યા. કાર્યક્રમમાં શાહે કહ્યું- હિમંત બિસ્વા સરમાએ બાંગ્લાદેશી ઘૂસણખોરો પાસેથી એક લાખ વીઘા જમીન મુક્ત કરાવી છે. આ જ રીતે અમે આખા દેશમાંથી ઘૂસણખોરોને ભગાડીશું.

તેમણે આગળ કહ્યું કે આજે હું ગોપીનાથ બોરદોલોઈજીને યાદ કરવા માગુ છું. જો તેઓ ન હોત, તો આજે આસામ અને આખો નોર્થ ઈસ્ટ ભારતનો ભાગ ન હોત.

શાહે કહ્યું કે ગોપીનાથે જ જવાહરલાલ નેહરુને આસામને ભારતમાં જાળવી રાખવા માટે મજબૂર કર્યા હતા.

કેન્દ્ર સરકારે ઉગ્રવાદી સંગઠનો સાથે શાંતિ કરારો કર્યા છે, જેમાંથી 92% શરતો પૂરી કરવામાં આવી છે. આસામમાં શાંતિ અને વિકાસની સ્થિતિ મજબૂત બની છે.

બટાદ્રવા થાન નવ-વૈષ્ણવ ધર્મનું કેન્દ્ર છે. આ સ્થળ આસામની સાંસ્કૃતિક એકતા અને આધ્યાત્મિક વારસાનું પ્રતીક છે. આ પ્રોજેક્ટથી પર્યટન અને સંસ્કૃતિને પ્રોત્સાહન મળશે.

આસામમાં કેન્દ્ર સરકારના પ્રયાસોથી શાંતિ, વિકાસ અને સાંસ્કૃતિક સંરક્ષણ થઈ રહ્યું છે. ગુવાહાટીમાં નવી સુરક્ષા વ્યવસ્થાથી શહેર સુરક્ષિત બનશે.

ફરી એકવાર આસામની જનતા ભાજપને પોતાનો ટેકો આપે. અમે સમગ્ર આસામને ઘૂસણખોરોથી મુક્ત કરીશું. જે લોકો ઘૂસણખોરોને વોટ બેંક માને છે, તેઓ આવું ક્યારેય કરી શકતા નથી.

આસામે ડો. મનમોહન સિંહજીને રાજ્યસભામાં મોકલ્યા, પરંતુ તેઓ ફક્ત 7 વાર જ આસામ આવ્યા, જેમાંથી 2 વાર તો ફક્ત રાજ્યસભાનું નામાંકન પત્ર દાખલ કરવા માટે આવ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બટાદ્રવા થાનમાં 227 કરોડ રૂપિયાના ખર્ચે પુનર્વિકસિત શ્રીમંત શંકરદેવ આવિર્ભાવ ક્ષેત્રનું ઉદ્ઘાટન કર્યું.

આ સ્થળ આસામના મહાન વૈષ્ણવ સંત શ્રીમંત શંકરદેવની જન્મભૂમિ છે. અમિત શાહનું પરંપરાગત સત્તરિયા નૃત્ય અને સંગીત સાથે સ્વાગત કરવામાં આવ્યું.

તેમણે ગુરુ આસન (પૂજનીય ગાદી) વાળા મુખ્ય ભવનમાં જઈને દર્શન પણ કર્યા. શ્રીમંત શંકરદેવ આવિર્ભાવ ક્ષેત્રને 2021-22ના રાજ્ય બજેટમાં પુનર્વિકાસ માટે મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય શંકરદેવ સાથે સંકળાયેલા આદર્શો, જીવન-દર્શન અને કલાત્મક યોગદાનને નવી પેઢી સુધી પહોંચાડવાનો છે.

મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ કહ્યું- આ પ્રોજેક્ટ મહાપુરુષ શ્રીમંત શંકરદેવના વારસાના સન્માન અને આસામના નામઘર, સત્ર અને સાંસ્કૃતિક વારસાને સંરક્ષિત કરવાની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

## RSSના વખાણ માટે દિગ્વિજય સિંહ પર રાહુલ ગાંધીનો કટાક્ષ

### બોલ્યા- તમે ખોટું કર્યું, પૂર્વ CMએ જમીન પર બેઠેલા મોદીની તસવીર શેર કરી હતી



નવી દિલ્હી, તા.29

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહને RSS અને ભાજપની પ્રશંસા કરવા બદલ કટાક્ષ કર્યો. દિલ્હી સ્થિત કોંગ્રેસ મુખ્યાલય 'ઇન્દિરા ભવન'માં પાર્ટીના સ્થાપના દિવસ કાર્યક્રમ દરમિયાન બંને નેતાઓ આમનેસામને આવ્યા.

NDTVના અહેવાલ મુજબ, દિગ્વિજય સિંહ સાથે હાથ મિલાવતી વખતે રાહુલ ગાંધીએ તેમને મજાકીયા અંદાજમાં કહ્યું, 'કાલે તમે અયોગ્ય વર્તન કર્યું.' આ સાંભળીને આસપાસ હાજર નેતાઓ હસી પડ્યા. ત્યાં સોનિયા ગાંધી પણ હાજર હતા. તેઓ પણ હસવા લાગ્યા. પછી રાહુલ અને દિગ્વિજય વચ્ચે થોડીવાર વાતચીત થઈ. ખરેખરમાં, દિગ્વિજય સિંહે 27 ડિસેમ્બરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક જૂની તસવીર શેર કરીને RSS અને BJPના સંગઠનાત્મક માળખાની પ્રશંસા કરી હતી. તસવીરમાં નરેન્દ્ર મોદી અને લાલકૃષ્ણ અડવાણી દેખાઈ રહ્યા છે.

પોતાની પોસ્ટમાં દિગ્વિજય સિંહે લખ્યું હતું- આ ખૂબ જ પ્રભાવશાળી તસવીર છે. કેવી રીતે RSSનો જમીની સ્વયંસેવક અને ભાજપનો કાર્યકર્તા નેતાઓના ચરણોમાં ફ્લોર પર બેસીને પ્રદેશનો મુખ્યમંત્રી અને દેશનો વડાપ્રધાન બન્યો. આ સંગઠનની તાકાત દર્શાવે છે. દિગ્વિજય સિંહની પોસ્ટ બાદ પાર્ટીની અંદર તેમની ટીકા થવા લાગી. બીજી તરફ, કોંગ્રેસ સ્થાપના દિવસના કાર્યક્રમને સંબોધિત કરતા પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દિગ્વિજયનું નામ લીધા વિના કહ્યું કે- કોંગ્રેસે ક્યારેય બંધારણ, બિનસાંપ્રદાયિકતા અને ગરીબોના અધિકારો સાથે સમાધાન કર્યું નથી.

ખડગેએ એમ પણ કહ્યું કે કોંગ્રેસે ક્યારેય ધર્મના નામે વોટ માંગ્યા નથી અને ન તો મંદિર-મસ્જિદના નામે નફરત ફેલાવી છે. કોંગ્રેસ નેતા પવન ખેડાએ દિગ્વિજયના નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે કોંગ્રેસને ગોડસેની વિચારધારા સાથે જોડાયેલા સંગઠન પાસેથી કંઈ શીખવાની જરૂર નથી.

કોંગ્રેસ સાંસદ મણિક્કમ ટાગોરે કહ્યું કે- RSS નફરતના આધારે બનેલું એક સંગઠન છે અને તે નફરત ફેલાવે છે. નફરતમાંથી કંઈ શીખવા મળતું નથી. શું તમે અલ-કાયદા પાસેથી કંઈ શીખી શકો છો? અલ-કાયદા નફરત ફેલાવતું સંગઠન છે. તે સંગઠન પાસેથી શું શીખી શકાય?. આ તરફ, વિવાદ વધ્યા બાદ દિગ્વિજય સિંહે પોતાની સ્પષ્ટતામાં કહ્યું કે તેમણે ફક્ત સંગઠનની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું- હું સંગઠનનું સમર્થન કરું છું. હું RSS, PM મોદી અને તેમની નીતિઓની વિરુદ્ધ છું. ANI સાથેની વાતચીતમાં દિગ્વિજય સિંહે કહ્યું- વિચારધારાને લઈને કોઈ મતભેદ નથી. અમે બધા કોંગ્રેસમાં એકજૂટ છીએ. નેહરુ-ગાંધી પરિવાર એવો પરિવાર છે, જેમાં બે લોકોએ શહાદત આપી છે.

## અમેરિકા-ઈઝરાયલ અને યુરોપ સાથે યુદ્ધની સ્થિતિમાં ઈરાન : રાષ્ટ્રપતિએ કહ્યું- આ આપણને ઘૂંટણિયે લાવવા ઈચ્છે છે, પરંતુ હવે આપણે પહેલા કરતા વધુ મજબૂત છીએ



તેહરાન, તા.29

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયાને શનિવારે જણાવ્યું હતું કે તેમનો દેશ અમેરિકા, ઈઝરાયેલ અને યુરોપ સાથે સંપૂર્ણપણે યુદ્ધની સ્થિતિમાં છે. આ નિવેદન સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનેઈની સત્તાવાર વેબસાઈટ પર પ્રકાશિત થયું હતું. પેઝેશકિયાને આ યુદ્ધને 1980-88ના ઈરાન-ઈરાક યુદ્ધ કરતાં પણ વધુ જટિલ અને ખતરનાક ગણાવ્યું હતું, જેમાં લાખો લોકો માર્યા ગયા હતા.

રાષ્ટ્રપતિએ કહ્યું કે હાલમાં આર્થિક, સૈન્ય અને રાજકીય એમ દરેક તરફથી દબાણ વધ્યું છે. આ પરંપરાગત યુદ્ધ કરતાં ક્યાંય વધુ મુશ્કેલ છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ ટ્રમ્પને ફ્લોરિડાના માર-એ-લાગો રિસોર્ટમાં મળવાના છે. આ બેઠકમાં ઈરાન મુખ્ય મુદ્દો રહેશે, જેમાં તેના પરમાણુ કાર્યક્રમ અને સૈન્ય કાર્યવાહી પર ચર્ચા થઈ શકે છે.

રાષ્ટ્રપતિએ લોકોને રાષ્ટ્રીય એકતા જાળવી રાખવા અપીલ કરી અને કહ્યું કે દુશ્મનો આંતરિક વિભાજનનો ફાયદો ઉઠાવવા માગે છે. અમેરિકા અને તેના સહયોગીઓ ઈરાન પર પરમાણુ હથિયારો બનાવવાનો આરોપ લગાવે છે, જેને ઈરાન વારંવાર નકારતું આવ્યું છે. ઈરાનનું કહેવું છે કે તેનો પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ છે. ટ્રમ્પે જાન્યુઆરી 2025માં ફરી સત્તામાં આવ્યા પછી પોતાની 'મેક્સિમમ પ્રેશર' નીતિ ફરી શરૂ કરી, જેમાં ઈરાનના તેલ નિકાસને શૂન્ય કરવા અને વધારાના પ્રતિબંધો લગાવવાના પગલાં સામેલ છે. ફ્રાન્સ, જર્મની અને બ્રિટને સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્રના પ્રતિબંધો ફરીથી લાગુ કર્યા, જે 2015ના પરમાણુ કરાર પછી હટાવવામાં આવ્યા હતા. આ પ્રતિબંધોથી ઈરાનની અર્થવ્યવસ્થા પર દબાણ વધ્યું છે. ઈરાનનું કહેવું છે કે પશ્ચિમી દેશો પ્રતિબંધોનો ઉપયોગ રાજકીય દબાણ માટે કરી રહ્યા છે, જ્યારે તેઓ શાંતિ ઈચ્છે છે. પેઝેશકિયાને દાવો કર્યો કે જૂનના હુમલાઓ છતાં ઈરાનની સેના હવે પહેલા કરતા વધુ મજબૂત છે. તેમણે કહ્યું કે અમારી સેના હથિયારો અને મેનપાવર બંનેમાં મજબૂત છે. તેમણે આગળ કહ્યું, 'અમારી સેના મજબૂતીથી પોતાનું કામ કરી રહી છે.

## બાંગ્લાદેશમાં હિંદુઓને જીવતા સળગાવવાનો પ્રયાસ:દરવાજા બહારથી બંધ કરી 5 ઘરોમાં આગ લગાવી

ઢાકા, તા.29

બાંગ્લાદેશમાં હિંદુ પરિવારોના પાંચ ઘરોમાં આગ લગાવવાની ઘટના સામે આવી છે. આ ઘટના શનિવાર, 27 ડિસેમ્બરના રોજ પિરોજપુર જિલ્લાના દમ્રિતાલા ગામની હોવાનું કહેવાય છે.

પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, આગ લાગી ત્યારે તેઓ ઘરની અંદર ફસાયેલા હતા કારણ કે દરવાજા બહારથી બંધ હતા. કુલ આઠ લોકો ટીન અને વાંસની વાડ કાપીને બહાર નીકળવામાં સફળ રહ્યા. પરંતુ તેમના ઘર, સામાન અને પાલતુ પ્રાણીઓ સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગયા.

આ મામલે સ્થાનિક પોલીસે પાંચ શંકાસ્પદ વ્યક્તિઓની ધરપકડ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગ લાગવાના ચોક્કસ કારણો જાણી શકાયા નથી. મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે હુમલાખોરોએ એક રૂમમાં કપડાં ભરીને આગ લગાડી દીધી, જેના કારણે આગ ઝડપથી આખા ઘરમાં ફેલાઈ ગઈ.

આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો, જેમાં લોકો આગ બુઝાવવાનો પ્રયાસ કરતા જોવા મળી રહ્યા છે. બાંગ્લાદેશમાં હિંદુ લઘુમતીઓ વિરુદ્ધ ઈશનિંદા એટલે કે ધર્મનું અપમાન કરવાના આરોપો સાથે સંકળાયેલા કેસોમાં ઝડપથી વધારો થયો છે. જૂનથી ડિસેમ્બર 2025 વચ્ચે આવા ઓછામાં ઓછા 71 કેસ નોંધાયા છે. આ માહિતી બાંગ્લાદેશના લઘુમતીઓ પર કામ કરતી સંસ્થા 'હ્યુમન રાઈટ્સ કોંગ્રેસ ફોર બાંગ્લાદેશ માઈનોરિટીઝ' (HRCBM) ના રિપોર્ટમાં સામે આવી છે.

માનવાધિકાર કાર્યકર્તાઓનું કહેવું છે કે હુમલા માટે દર વખતે એક જ પ્રકારની પદ્ધતિ અપનાવવામાં આવી રહી છે. પહેલા સોશિયલ મીડિયા પર આરોપ, પછી તરત ધરપકડ, તે પછી ભીડનું એકત્ર થવું અને હિંદુ વિસ્તારો પર હુમલો. હવે ઈશનિંદાના આરોપો ડર ફેલાવવા અને લઘુમતીઓને દબાવવાનું હથિયાર બની રહ્યા છે.

HRCBMનું કહેવું છે કે આ ઘટનાઓ દેશના 30થી વધુ જિલ્લાઓમાં ફેલાયેલી છે. રંગપુર, ચાંદપુર, ચટગાંવ, દિનાજપુર, ખુલના, કુમિલ્લા, ગાઝીપુર, ટાંગાઈલ અને સિલહટ જેવા અનેક વિસ્તારોમાં આવા કિસ્સાઓ સામે આવ્યા છે.



# 'ભાજપ કાર્યકર્તાને ક્યારેય ભૂલતું નથી' : કાર્યકર્તાઓએ જેની કારકિર્દી પૂર્ણ માની હતી, તે ઝંખના પટેલની પ્રદેશ ઉપપ્રમુખ તરીકે 'સરપ્રાઈઝ' એન્ટ્રી

**સુરત, તા.29**

ગુજરાત ભાજપના પ્રદેશ સંગઠનના માળખાની તાજેતરમાં થયેલી જાહેરાતે અનેક રાજકીય વિશ્લેષકો અને ખુદ ભાજપના કાર્યકર્તાઓને ચોંકાવી દીધા છે. આ જાહેરાતમાં સૌથી વધુ ચર્ચિત નામ સુરતના પૂર્વ ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય ઝંખના પટેલનું છે, જેમને પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ જેવી મોટી અને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. એક સમયે જે નેતાની રાજકીય કારકિર્દી પૂર્ણ થઈ ગઈ હોવાનું મનાતું હતું, તેમની આ ધમાકેદાર એન્ટ્રીએ સુરત ભાજપના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.



વર્ષ 2022ની વિધાનસભા ચૂંટણી પછી ઝંખના પટેલ જાણે મુખ્ય પ્રવાહમાંથી ગાયબ થઈ ગયા હતા. 2022માં તેમને ચોર્યાસી વિધાનસભા બેઠક પરથી ટિકિટ આપવામાં આવી નહોતી. રાજકીય નિષ્ણાંતોના મતે, સુરતના સ્થાનિક જૂથવાદના કારણે તેમની ટિકિટ કાપવામાં આવી હતી. એટલું જ નહીં, ધારાસભ્ય પદ ગયા પછી ભાજપના જ મોટા નેતાઓ દ્વારા તેમની સતત અવગણના કરવામાં આવતી હતી. રાજકીય કાર્યક્રમો કે પક્ષની મહત્વની બેઠકોથી તેમને દૂર રાખવાના પૂરતા પ્રયાસો થયા હતા. આ પરિસ્થિતિ જોઈને ભાજપના સામાન્ય કાર્યકર્તાઓએ પણ માની લીધું હતું કે હવે ઝંખના પટેલની રાજકીય કારકિર્દી પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે.

સુરત ભાજપ હંમેશા બે મોટા નેતાઓના જૂથોમાં વહેંચાયેલું રહ્યું છે, પરંતુ ઝંખના પટેલની વિશેષતા એ રહી કે તેઓ કોઈ પણ જૂથમાં સામેલ થયા વગર પોતાની રીતે કાર્યરત રહ્યા. જૂથવાદના કારણે તેમને અનેકવાર અન્યાયનો સામનો કરવો પડ્યો, તેમ છતાં તેમણે પક્ષ સામે બગાવત કરવાને બદલે મૌન રહીને કામ કરવાનું પસંદ કર્યું. તેમના પિતા પણ કોળી સમાજના અગ્રણી નેતા હતા અને તેમણે ચોર્યાસી વિધાનસભા બેઠકને ભાજપનો ગઢ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પિતાના વારસાને આગળ ધપાવતા ઝંખના પટેલે પણ સમાજમાં પોતાની પકડ જાળવી રાખી હતી.

પ્રદેશ ઉપપ્રમુખ બન્યા બાદ ઝંખના પટેલે મીડિયા સમક્ષ પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી કોઈપણ કાર્યકર્તાને ભૂલતી નથી. વહેલું-મોડું ચોક્કસપણે થાય છે પણ પક્ષ હંમેશા કાર્યકર્તાની કામગીરીને ધ્યાને રાખીને જવાબદારી સોંપે છે. આજે મને જે જવાબદારી મળી છે તે માટે હું કેન્દ્રીય અને પ્રદેશ નેતૃત્વનો આભાર માનું છું. તેમણે વધુમાં ઉમેર્યું કે, નરેન્દ્રભાઈ મોદી , અમિતભાઈ શાહ અને સી.આર. પાટીલ, જગદીશભાઈના માર્ગદર્શન હેઠળ સંગઠનમાં આ પ્રથમ મોટી જવાબદારી છે.

ઝંખના પટેલના પિતા રાજા પટેલ 1985માં ભાજપમાં જોડાયા હતા. કાંઠા વિસ્તારમાં સરપંચ તરીકે તેમણે પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી, એ સમયે ભાજપનું એટલું પ્રભુત્વ નહોતું, પરંતુ રાજા પટેલ ભારતીય જનતા પાર્ટી સમર્થિત સરપંચ તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ તેમના વિસ્તારમાં સતત ભાજપ સમર્થિત વિચારધારાના લોકો સરપંચ બને એવો પ્રયાસ કર્યો હતો અને તેમાં તેઓ ખૂબ જ સફળ થયા હતા અને આ જ કારણ હતું કે તેઓ સતત દસ વર્ષ સુધી સરપંચ રહ્યા હતા. તેમની પકડ નાના નાના કાંઠા વિસ્તારનાં ગામોમાં ખૂબ જ મજબૂત હતી. ભાજપમાં જોડાયા ત્યારથી લઈને તેઓ મૃત્યુ પામ્યા ત્યાં સુધી ભારતીય જનતા પાર્ટી સાથે જ હતા.

# ગુજરાત ભાજપના નવા હોદ્દેદારોની CM, DYCM અને વિશ્વકર્મા સાથે બેઠક

## જૂના હોદ્દેદારોને પણ હાજર રખાયા, નવા સંગઠનના માળખાની રચના અને કામગીરીને લઈને આગામી દિવસોમાં ચર્ચા કરાશે

**અમદાવાદ, તા.29**

ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનની જાહેરાત કરી દેવામાં આવી છે. આજે 29 ડિસેમ્બર સોમવારના રોજ પ્રદેશ ભાજપ સંગઠનના હોદ્દેદારો ગાંધીનગર કમલમ ખાતે પોતાનો હોદ્દો સંભાળ્યો છે. મહામંત્રી, ઉપપ્રમુખ, મંત્રી સહિતના હોદ્દેદારો સવારથી જ ગાંધીનગર ખાતે પહોંચ્યા હતાં. ગુજરાત ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરની અધ્યક્ષતામાં યોજાયેલી તમામ હોદ્દેદારોની બેઠક પૂર્ણ થઈ છે. ત્યારબાદ CM, DYCM અને વિશ્વકર્મા સાથેની બેઠક પણ પૂર્ણ થઈ ગઈ છે. આ બેઠકમાં જૂના હોદ્દેદારોને પણ રાખવામાં આવ્યાં હતાં. નવા સંગઠનના માળખાની રચના અને કામગીરીને લઈને આગામી દિવસોમાં ચર્ચા કરાશે.



ગુજરાત ભાજપના મુખ્ય પ્રવક્તા ડો. અનિલ પટેલે જણાવ્યું હતું કે આજે ભાજપ નવનિયુક્ત હોદ્દેદારો સાથે પ્રદેશ પ્રમુખ, સંગઠન મહામંત્રી સાથે બેઠક થઈ જેમાં પરિચય થયો છે. જવાબદાર હોદ્દેદાર તરીકે કેવી રીતે સંગઠન મજબૂત કરવું જોઈએ. ગુજરાત સરકારે જે વિકાસ પ્રજાને આપ્યો છે જે લોકો સુધી પહોંચાડવુ જોઈએ જેમાં તમારી કામગીરી શું છે. તેનું માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્ય ચર્ચા નવી જવાબદારી સોંપવામાં આવી છે તેમાં પાર્ટીને મજબૂત કરવા માટે અને સરકારને કેવી રીતે મદદ કરી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ભાજપ દરેક કાર્યક્રમમાં માટે તૈયાર હોય છે. વિવિધ મોરચાની જવાબદારી અપાઈ છે જેમાં જુના અને નવા હોદ્દેદારોની વચ્ચે સંકલન કરી કામગીરી થશે.

# ન્યૂયર પાર્ટી પહેલાં માણેજામાં બંધ બોડીનું દારુનું કન્ટેનર ઝડપાયું : 375 પેટી દારુ જપ્ત કર્યો....

## ઉતાર્યો તો બોક્સના થપ્પાને થપ્પા લાગી ગયા, બે આરોપી ઝડપાયા, બુટલેગરની શોધખોળ

**વડોદરા, તા.29**

ન્યૂયર સેલિબ્રેશન પહેલાં જ વડોદરાના માણેજામાં સવારે દારૂના કટિંગ વખતે મકરપુરા પોલીસે દરોડો પાડી બંધ બોડીના કન્ટેનર સહિત ચાર વાહનો સાથે 375 પેટી દારૂ જપ્ત કર્યો છે. પોલીસે વાહન લઈને દારૂ ભરવા આવેલા બે આરોપીઓને ઝડપી લીધા છે. જ્યારે ફરાર બુટલેગરની શોધખોળ કરી રહી છે.



કટિંગ સમયે જ પોલીસે દરોડો પાડતા દારુ લેવા આવેલા કેરીયરોમા નાસભાગ મચી ગઈ હતી. જોકે પોલીસે સ્થળ પરથી બંધ બોડીના કન્ટેનરમાં છુપાવેલો લાખોની કિંમતનો દારૂનો જંગી જથ્થો તેમજ કન્ટેનર સહિત ચાર વાહનો કબ્જે કરીને બે શખ્સોની ધરપકડ કરી હતી.

આ અંગે મકરપુરા પોલીસ સ્ટેશનના પીઆઇ એ એમ ગોહિલે જણાવ્યું હતું કે, 375 પેટી જેટલો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે અને બે આરોપીને પકડ્યા છે. સમગ્ર મામલે હાલ કાર્યવાહી ચાલી રહી છે અને બુટલેગરની શોધખોળ ચાલુ છે.

આગામી નવા વર્ષ 31મી ડિસેમ્બરને લઈને લોકોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ દારુના રસિકોને દારૂનો સ્ટોક પહોંચાડવા માટે બુટલેગરો ફરી સક્રિય થયા છે. જોકે પોલીસ પણ પહેલેથી જ બાજ નજર રાખી રહી છે. બંધ બોડીના કન્ટેનરમાંથી છોટા હાથી સહિતના અન્ય વાહનોમાં દારૂ સપ્લાય થઈ રહ્યો હતો. આ દરમિયાન મકરપુરા પોલીસની ત્રાટકી હતી. આ મોટી કાર્યવાહીમાં બે વાહનમાં દારૂ લેવા આવેલા બે શખ્સો ઝડપાયા છે. જ્યારે અન્ય ઈસમો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

## 'અમે રજૂઆત માટે આવીએ એટલે ગેટ પર તાળા મારી દે'

# માંજલપુરમાં યુવકના મોત મામલે AAPની કમિશનર કચેરીએ રજૂઆત, મૃતકના પરિવારને 5 કરોડનું વળતર આપવાની માગ

**વડોદરા, તા.29**

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં પાલિકાની બેદરકારીના કારણે ગટરમાં પડી જવાથી યુવકે જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. આ ઘટનામાં રિટાયર્ડ પોલીસ અધિકારીના પુત્ર વિપુલસિંહ ઝાલાનું ખુલ્લી ગટરમાં પડી જવાથી મોત થયું હતું. જેને લઈ આજે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજસિંહ સોલંકી દ્વારા જવાબદાર સામે માનવ વધનો ગુન્હો દાખલ કરવામાં આવે એવી કોર્પોરેશનમાં રજૂઆત કરવામાં આવી હતી.

AAPના ગુજરાત યુવા પ્રદેશ પ્રમુખ સાથે શહેર પ્રમુખ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે પહોંચ્યા હતા.



અહીં રજૂઆત માટે આવેલા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને ગેટમાં પ્રવેશવા ન દેતા હોબાળો મચાવ્યો હતો. આ દરમિયાન હાય રે કોર્પોરેશન હાય હાય અને ભાજપ હમ સે ડરતી હે, પોલીસ કો આગે કરતી હૈ ના નારા લગાવ્યા હતા. કેટલાક કાર્યકર્તાઓ કમિશનર કચેરી ગેટ પર ચડી કચેરીમાં પ્રવેશવાની પ્રયાસ કર્યો હતો. બાદમાં આપના કાર્યકર્તાઓ દ્વારા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી હતી.

AAP પાર્ટીના નેતા બ્રિજરાજસિંહ સોલંકીએ જણાવ્યું કે, માંજલપુર વિસ્તારમાં બનેલી ઘટનામાં શહેરમાં ખુબજ દુઃખનો માહોલ છે ત્યારે આજે આમ આદમી પાર્ટી આ પરિવારના હક્ક, અધિકાર અને ન્યાય માટે આજે કમિશનરને મળવા માટે આવ્યા છીએ. પરંતુ ડરીને તેઓ ગાંધીનગર ભાગી ગયા છે. પરંતુ અમે ડેપ્યુટી કમિશનરને મળીને માંગણીઓ મૂકી છે કે, આવનાર દિવસોમાં આ પીડિત પરિવારને 5 કરોડની આર્થિક સહાય આપવામાં આવે. જે કોઈ જવાબદાર છે, તેઓની ઉપર ફરિયાદ દાખલ કરવામાં આવે એવી માંગ છે.

વધુમાં કહ્યું કે, વડોદરા શહેરમાં વિકાસના નામે ચારે બાજુ ખાડા ખોદીને રાખ્યા છે અને લોકો ટેક્સ ભરે છે ત્યારે આ લોકોને કોઈ પડી નથી. ગુજરાતમાં NCRBનો રિપોર્ટ કહે છે કે, 500 લોકોના મોત તો ખાડામાં પડવાથી થયા છે. આવનાર દિવસોમાં આમ આદમી પાર્ટી જરૂર પડશે તો આંદોલન કરવા પણ તૈયાર છે. જયારે જ્યારે આમ આદમી પાર્ટી રજૂઆત માટે આવે છે, ત્યારે ગેટ પર તાળા મારી દેવામાં આવે છે. પોલીસને આગળ કરી દેવામાં આવે છે અને અધિકારીઓ ભાગતા ફરે છે તેનું કારણ છે કે તેઓ ખોટા છે. જનતાના ટેક્સના પૈસે ઘર ભરવાનું કામ કરે છે. બેદરકારીના કારણે નિર્દોષ નાગરિકોના મોત થાય છે. આગામી દિવસોમાં જે કઈ કરવું પડશે તે અમે કરીશું.

# 17 કરોડનું એક્વેરિયમ 11 વર્ષમાં જ 'ખખડધજ' : નવું બનાવવું કે થીગડા મારવા? એ નિર્ણય લેવામાં જ પાલિકાએ 270 દિવસ વેડફ્યા

**સુરત, તા.29**

સુરતના વિસ્તારમાં આવેલું અને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર ગણાતું 'સુભાષચંદ્ર બોઝ એક્વેરિયમ' હાલ વહીવટી નિષ્ક્રિયતા અને ભ્રષ્ટાચારના આરોપોના વમળમાં ફસાયું છે. 2014માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે જે પ્રોજેક્ટનું લોકાર્પણ થયું હતું, તે માત્ર 11 વર્ષના ટૂંકા ગાળામાં જ મુલાકાતીઓ માટે 'જોખમી' જાહેર કરી દેવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, 28 માર્ચ, 2025થી આ એક્વેરિયમ જાહેર જનતા માટે બંધ છે, પરંતુ 9 મહિના વીતી જવા છતાં સુરત મહાનગરપાલિકા હજુ એ નક્કી નથી કરી શકી કે બિલ્ડિંગને રિપેર કરવું કે તોડીને નવું બનાવવું.

સુરતની શાન ગણાતી મુગલીસરા કચેરી જે મુઘલકાળમાં બનેલી છે, તે આજે પણ અડીખમ ઉભી છે. તેની સામે માત્ર 11 વર્ષ પહેલાં અંદાજે 17 કરોડના ખર્ચે બનેલા એક્વેરિયમના બીમ અને કોલમ નબળા પડી જતાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે, ઈમારતના પિલર ક્ષતિગ્રસ્ત છે અને ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેમ છે. આ રિપોર્ટના આધારે જનતાની સલામતી માટે દરવાજા બંધ તો કરી દેવાયા. નવાઈની વાત એ છે કે, એક્વેરિયમ અંદરથી બંધ છે અને મુલાકાતીઓ માટે પ્રવેશબંધી છે, તેમ છતાં સુરત મહાનગરપાલિકા દ્વારા ગાર્ડન મેઈન્ટેનન્સ અને માછલીઓની દેખરેખ માટેના કોન્ટ્રાક્ટ નિયમિત રીતે ચાલુ રાખવામાં આવ્યા છે. એક્વેરિયમના મુખ્ય ગેટ પર 'મેઈન્ટેનન્સ કામગીરી ચાલુ હોવાથી બંધ છે' તેવા બોર્ડ મારી દેવામાં આવ્યા છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર રિપેરિંગ માટેના કોઈ ટેન્ડર પણ હજુ સુધી બહાર પાડવામાં આવ્યા નથી. મુલાકાતીઓ દૂર-દૂરથી આવે છે અને નિરાશ થઈને પરત ફરે છે. ખાસ કરીને વેકેશનના સમયમાં બાળકો અને વિદ્યાર્થીઓ માટે આ એક શ્રેષ્ઠ શૈક્ષણિક કેન્દ્ર હતું.

# જંગલેશ્વરના 1350 દબાણકારોનું હિયરિંગ શરૂ: જંત્રી પ્રમાણે મકાન કાયદેસર કરી આપવાની માગ, 10મી જાન્યુઆરીએ મિલકતધારકો PMને રજૂઆત કરશે

**રાજકોટ, તા.29**

રાજકોટમાં આજી નદીના કાંઠે રિવરફ્રન્ટ બનાવવા માટે સરકારી જમીન પરના 1350 જેટલા દબાણો દૂર કરવા માટેની નોટિસ આપવામાં આવી હતી. જેમાં આજે પ્રથમ દિવસે 590 મિલકત ધારકોને હિયરિંગ માટે બોલાવવામાં આવ્યા છે. જેઓની માંગણી છે કે જંત્રી પ્રમાણે મકાન અને દુકાન કાયદેસર કરી આપવામાં આવે અને ઘરની છત છીનવવામાં ન આવે. જો અમારા પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આગામી 10 જાન્યુઆરીના આવનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ રજૂઆત કરવામાં આવશે.



જંગલેશ્વર શેરી નંબર - 30 માં રહેતા ઉમર સોરાએ જણાવ્યું હતું કે, અમે અહીં પરિવાર સાથે રહીએ છીએ. જેમાં વર્ષ 1976 પહેલાના લાઈટ બિલ અને વેરા બિલ છે. આજી રિવરફ્રન્ટ બનાવવા માટે ડિમોલિશન કરવું એ યોગ્ય નથી. અમારા ઘર પરથી છત છીનવાય તો અમે રહેવા માટે ક્યાં જશું? જેથી અમને જંત્રી મુજબ મકાન કાયમી કરાવી આપવામાં આવે અથવા આવાસ ફાળવણી કરવામાં આવે.

તેમણે જણાવ્યું કે અમે અહીં 15 જેટલા લોકો રહીએ છીએ. જેથી અમને ક્વાર્ટરની ફાળવણી કરવામાં આવે તેવી માંગણી છે. તાજેતરમાં કોંગ્રેસ દ્વારા અમારા પક્ષમાં રી જાહેર સભા કરવામાં આવી હતી અને અમને વિશ્વાસ છે કે કોંગ્રેસ પક્ષ દ્વારા અમને ન્યાય અપાવવામાં આવશે. આગામી 10 થી 12 જાન્યુઆરી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અહીં આવી રહ્યા છે ત્યારે તેમને રજૂઆત કરવા માટે પણ અમે જશું. રાજકોટ પૂર્વ વિભાગના મામલતદાર નિલેશ અજમેરાએ જણાવ્યું હતું કે, 1350 લોકોને નોટિસ આપવામાં આવી છે. જેમાંથી પ્રથમ દિવસે 590 લોકોને હીયરિંગ માટે બોલાવવામાં આવ્યા છે. જેમાં જે લોકો ગેરહાજર રહેશે તેઓને ત્રણ તક આપવામાં આવશે અને ત્યારબાદ કલમ 202 મુજબ ડિમોલિશન માટેની ફાઈનલ નોટિસ આપવામાં આવશે. બીજા દિવસે 540 અને ત્રીજા દિવસે 260 મિલકત ધારો કોને બોલાવવામાં આવ્યા છે. જેમના દ્વારા લાઈટ બિલ અને વેરાબીલ રજૂ કરવામાં આવી રહ્યા છે. જેની તપાસણી બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# જ્વેલર્સના નામે કેશિયરે રૂ. 1.99 કરોડનું કરી નાખ્યું: ગ્રાહકોને અલગ અલગ સ્કીમ આપી છેતરપિંડી આચરી, જ્વેલર્સના નામના ખોટા વાઉચર બનાવ્યા

**રાજકોટ, તા.29**

રાજકોટમાં વધુ એક સોની વેપારી સાથે ઉચાપતની ઘટના સામે આવી છે. આ વખતે ઉચાપતની ઘટનામાં અન્ય કોઈ નહિ પરંતુ જવેલર્સ શોરૂમમાં કેશિયર તરીકે ફરજ બજાવતા શખ્સે જ છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. કેશિયર દ્વારા ગ્રાહકને ખોટી અલગ અલગ સ્કીમ બતાવી રૂપિયા પડાવ્યા હોવાનું અને જવેલર્સના નામના ખોટા વાઉચર બનાવ્યા હતા જે મળી કુલ 1.99 કરોડની છેતરપિંડી આચરી હોવાની જાણ થતા શોરૂમના માલિકે કેશિયર સામે ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે કેશિયર હિતેશ પરમાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેરના નાના મવા મેઈન રોડ પર સાકેત પાર્કમાં રહેતાં અને મવડી રોડ ઉપર, નાના મૌવા રોડ ઉપર તથા જામનગરમાં અર્જુન જવેલર્સ નામે સોના ચાંદીના દાગીનાનો શો રૂમ ધરાવતા મનીષભાઈ નથુભાઈ ઘાડીયા (ઉ.વ.40)એ મૂળ આણંદ જિલ્લાના બોરસદના વતની અને હાલ બાલાજી હોલ, 150 ફૂટ રિંગરોડ, વલ્લભ વિદ્યાનગર સોસાયટી શેરી નં.3માં રહેતા અને નાનામવા રોડ ઉપર આવેલી તેમની બ્રાન્ચમાં કેશિયર તરીકે નોકરી કરતા હિતેષ શૈલેષ પરમાર સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, નાના મૌવા રોડ ઉપર આવેલા તેઓના અર્જુન જવેલર્સ શો રૂમમાં હિતેષ પરમારને ગઈ તા.12.08.2022થી કેશીયર તરીકે નોકરી ઉપર રાખ્યો હતો. તે શો રૂમમાં ત્રણ વર્ષથી વધારે સમય સુધી નોકરી પર ચાલુ રહેતા શો રૂમના નિયમ મુજબ અનુભવના આધારે કેશીયરના હેડ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. ગઈ તા.26.12.2024થી હિતેષ પરમારને મવડી રોડ ઉપર આવેલ અર્જુન જવેલર્સમાં કેશીયર હેડ તરીકે બદલી કરી હતી. કંપનીના મોબાઈલમાંથી ડાયરેક્ટ કસ્ટમરોનો સંપર્ક કરી તેમનો વિશ્વાસ જીતી લીધો હતો. તા.17.07.2025ના રોજ જામનગરમાં આવેલ અર્જુન જવેલર્સમાં હિતેષ પરમારને ડેપ્યુટેશન પર ત્યાં કેશીયર તરીકે રાખી સંપુર્ણ જવાબદારી સોંપવામાં આવી હતી અને રાજકોટથી તા.05.08.2025થી નોકરીમાંથી છુટા કર્યા હતા. છુટો કર્યાના અઠવાડીયા બાદ તા.12.08.2025ના એક ગ્રાહક ઈશાબેન સોરઠીયા મવડી ખાતે આવેલ અર્જુન જવેલર્સના શો રૂમ ખાતે આવી જણાવ્યું કે, મે હિતેષ પરમારને ડિસેમ્બર 2024થી તા.20.05.2025 સુધીમાં કટકે કટકે રૂ.45.40 લાખ સોનાના બિસ્કીટ લેવા પેટે ડીપોઝીટ તરીકે જમા કરાવ્યા છે. હિતેષે મને કહ્યું કે, છ માસની સ્કીમ મુજબ તમને 6 સોનાના બિસ્કીટ 400 તથા 200 મળી કુલ 600 ગ્રામ 6 મહિના બાદ મળશે અને આ માટે મને એક ઓર્ડર વાઉચર ફોર્મ આપ્યું છે જેમાં રિમાર્કસમાં 600 ગ્રામ સોનુ જમા છે તેવો ઉલ્લેખ વાળું ઓર્ડર વાઉચર આપ્યું છે.



ફરીયાદીએ તે વાઉચર લઇ સિસ્ટમમાં ચેક કરતા ઈશાબેન સોરઠીયાના રૂ.45.60 લાખ જમા થયા ન હતા, જેથી ઈશાબેન સોરઠીયાએ જે સોનાનો ઓર્ડર આપ્યો અને તેના બદલામાં શો-રૂમનુ વાઉચર હિતેષ પરમારે આપેલ તે ખોટુ ઉભુ કરવામાં આવ્યું હોવાનુ જાણવા મળ્યું હતુ. આ પછી તે જ દિવસે બીજા એક ગ્રાહક અંકીતાબેન રૈયાણી શો-રૂમ ખાતે આવી હિતેષ પરમારને તા.23.10.2024ના સોનાના દાગીના ખરીદવા પેટે રૂ.20 લાખ રોકડા તથા તા.07.05.2025થી તા.28.05.2025 સુધીમાં અલગ અલગ તારીખે રોકડા રૂપિયા એક કરોડ જમા કરાવ્યા છે અને આ હિતેષભાઈએ 500 ગ્રામ સોનુ આપ્યું છે અને તેની પાસેથી 450 ગ્રામ સોનુ લેવાનુ બાકી છે જે બાબતનુ અર્જુન જ્વેલર્સ નામનુ વાઉચર બનાવી આપ્યું છે, જે અસલ વાઉચર બતાવતા તેમાં હિતેષ પરમારની તારીખ સાથેની સહી હતી. જેથી તે બાબતે જવેલર્સના સિસ્ટમમાં ચેક કરતા તે પણ હિતેષ પરમાર દ્વારા ખોટુ વાઉચર ઉભુ કરેલ હોવાનુ જાણવા મળ્યું હતુ. શો-રૂમના સીસીટીવી કેમેરા ચેક કરતા તા.21.05.2025ના સાંજના 7 વાગ્યાથી 9 વાગ્યા દરમિયાન હિતેષ પરમાર શો રૂમમાંથી 450 ગ્રામના સોનાના બિસ્કીટનું પાઉચ જેમાં 100 ગ્રામના 4 તથા 50 ગ્રામનુ 1 તેના પેન્ટના ખિસ્સામાં મુકીને લઈ જતો જોવા મળ્યો હતો. તે શો-રૂમમાંથી સોનુ લઈ ગયો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

# મેક્સિકોમાં ટ્રેન પાટા પરથી ઊતરી, એન્જિન પલટી ગયું : 13નાં મોત, 98 ઘાયલ, 250 મુસાફરો સવાર હતા, મેક્સિકન નેવીની દેખરેખ હેઠળ ચાલતી હતી ટ્રેન....













**ઓઆક્સાકા, તા.29**

મેક્સિકોના દક્ષિણી રાજ્ય ઓઆક્સાકામાં એક ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ, જેના પછી ટ્રેનનું એન્જિન પલટી ગયું. ઘણા ડબ્બા પણ પલટી ગયા.

આમાં 13 લોકોનાં મોત થયા છે અને 98 લોકો ઘાયલ થયા છે. આ ટ્રેન મેક્સિકોના અખાત અને પ્રશાંત મહાસાગરને જોડતા એક નવા રેલમાર્ગ પર ચાલી રહી હતી. આ રેલવે લાઇનનું સંચાલન મેક્સિકન નૌકાદળ કરે છે.

મેક્સિકન નૌકાદળ અનુસાર, ટ્રેનમાં 250 લોકો સવાર હતા, જેમાં 9 ક્રૂ મેમ્બર શામેલ હતા. આ દુર્ઘટના ચિવેલા અને નિજાંડા કસ્બાઓ વચ્ચે એક વળાંક પર થઈ.

ઘાયલોમાંથી 36ને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શીનબાઉમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે પાંચ ઘાયલોની હાલત ગંભીર છે. તેમણે વરિષ્ઠ અધિકારીઓને ઘટનાસ્થળે મોકલીને મૃતકોના પરિવારોને મદદ કરવાના નિર્દેશ આપ્યા છે.

ઓક્સકા રાજ્યના ગવર્નર સલોમોન જારાએ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે ઘણી સરકારી એજન્સીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ઘાયલોને મદદ કરી રહી છે.

મેક્સિકોના એટર્ની જનરલ અર્નેસ્ટિના ગોડોય રામોસે પણ સોશિયલ મીડિયા પર જાણકારી આપી કે આ ઘટનાની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ ટ્રેન પ્રશાંત મહાસાગરના સાલિના ક્રુઝ બંદરથી એટલાન્ટિક મહાસાગર સુધી લગભગ 290 કિલોમીટરનું અંતર કાપે છે.

આ ઈન્ટરોશિયનિક ટ્રેન સેવા 2023 માં તત્કાલીન રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોર દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ મેક્સિકોના દક્ષિણ ભાગમાં રેલ યાત્રાને પ્રોત્સાહન આપવા અને તેહુઆન્ટેપેક ઈસ્થમસ ક્ષેત્રમાં માળખાકીય સુવિધાઓના વિકાસનો એક ભાગ છે.

સરકારની યોજના આ ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય વેપાર માટે વ્યૂહાત્મક કોરિડોર બનાવવાની છે, જ્યાં બંદરો અને રેલ લાઈનો દ્વારા બંને મહાસાગરોને જોડી શકાય. આ દુર્ઘટનાથી રેલ સેવા પ્રભાવિત થઈ છે અને બચાવ કાર્ય ચાલુ છે.

## ઘાનાના યુવકે પોતાને પયગંબર ગણાવ્યો:25 ડિસેમ્બરથી પ્રલય શરૂ થવાનો દાવો કર્યો હતો, હવે કહ્યું- ભગવાને અમને વધુ સમય આપ્યો

**એક્રો, તા.29**

આફ્રિકી દેશ ઘાનામાં 30 વર્ષનો એક યુવક પોતાને ભગવાન દ્વારા મોકલેલો પયગંબર કહી રહ્યો છે. પહેલા તેણે દાવો કર્યો હતો કે 25 ડિસેમ્બરથી આખી દુનિયામાં એવી ભયાનક પૂર આવશે કે પૃથ્વી પાણીમાં ડૂબી જશે અને ત્રણ વર્ષ સુધી સતત વરસાદ પડશે.

એટલે કે 25 ડિસેમ્બરથી પ્રલયની શરૂઆત થઈ જશે, જોકે હવે તે કહી રહ્યો છે કે તેની પ્રાર્થના પછી ઈશ્વરે લોકોને વધુ સમય આપ્યો છે.

આ યુવકનું નામ એબો નોઆ છે. સોશિયલ મીડિયા પર તે પોતાને 'એબો જીસસ' કહે છે. ઈન્સ્ટાગ્રામ પર તેના લગભગ 32 હજાર ફોલોઅર્સ છે.

વાઈરલ વીડિયોમાં એબો નોઆ કહેતો દેખાઈ રહ્યો છે કે તેને ભગવાનનો સંદેશ મળ્યો છે કે ખૂબ જ જલદી સતત વરસાદ શરૂ થશે, જેનાથી આખી પૃથ્વી જળમગ્ન થઈ જશે અને જેમ આજે દુનિયા ચાલી રહી છે, તેનો અંત આવી જશે.

એબો નોઆનું કહેવું છે કે ભગવાને તેને અગાઉથી તૈયારી



કરવા કહ્યું છે. આ જ કારણોસર તે મોટી-મોટી લાકડાની હોડીઓ, એટલે કે આર્ક બનાવી રહ્યો છે. તેનો દાવો છે કે આ હોડીઓ જ વિનાશના સમયે લોકોને બચાવી શકશે.

તે કહે છે કે તેને કુલ આઠ હોડીઓ બનાવવાનો આદેશ મળ્યો છે. વીડિયોમાં તે પોતે એક મોટી લાકડાની હોડી પાસે ઊભો રહીને તેના નિર્માણની દેખરેખ રાખતો જોવા મળે છે.

આ વીડિયો વાઈરલ થતાં જ સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ. ઘણા લોકો તેના દાવા પર સવાલ ઉઠાવી રહ્યા છે. કેટલાક યુઝર્સ બાઈબલના પુસ્તક જેનેસિસનો હવાલો આપી રહ્યા છે, જેમાં લખ્યું છે કે ભગવાને મેઘધનુષ્ય દ્વારા વચન આપ્યું હતું કે તે પૃથ્વીને ફરી ક્યારેય સંપૂર્ણ પૂરથી નષ્ટ નહીં કરે. આ જ કારણોસર લોકો એબો નોઆની વાતોને સાચી માનવા તૈયાર નથી.

એબો નોઆ આ પહેલા પણ આવા દાવા કરી ચૂક્યો છે. ઓગસ્ટમાં પણ તેણે આવો જ દાવો કર્યો હતો. હવે એબો નોઆ કહી રહ્યો છે કે ભગવાને અમારી પ્રાર્થના સાંભળી લીધી છે. તેમણે અમને વધુ સમય આપ્યો છે, જેથી અમે વધુ હોડીઓ બનાવી શકીએ. આ ક્રિસમસનો આનંદ માણો.

આ સમગ્ર મામલા સાથે જોડાયેલી એક વધુ વિચિત્ર ઘટના પણ સામે આવી છે. સમાચાર છે કે એક વ્યક્તિએ ગુસ્સામાં આવીને એક હોડીને સળગાવી દીધી. તેને લાગ્યું કે આ જ એબો નોઆની હોડી છે.

જણાવવામાં આવી રહ્યું છે કે તેની પત્ની અને પરિવારજનો પૂરની અફવા સાંભળીને તે હોડી પાસે રહેવા ચાલ્યા ગયા હતા. પાછળથી ખબર પડી કે તે હોડી એબો નોઆ સાથે જોડાયેલી જ નહોતી. આ પછી આ મામલો વધુ ચર્ચામાં આવી ગયો.

## ફ્લોરિડામાં ટ્રમ્પને મળ્યા ઝેલેન્સકી : અમેરિકી રાષ્ટ્રપતિ બોલ્યા- મેં 8 યુદ્ધો રોક્યા, રશિયા-યુક્રેન યુદ્ધ સૌથી મુશ્કેલ, સમાપ્ત થવાની કોઈ સમયમર્યાદા નથી

**વોશિંગ્ટન, તા.29**

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી રશિયા સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે રવિવારે અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાતચીત કરવા પહોંચ્યા. ટ્રમ્પે અમેરિકાના ફ્લોરિડા સ્થિત પોતાના રિસોર્ટ 'માર-એ-લાગો'માં ઝેલેન્સકીનું સ્વાગત કર્યું.

રિસોર્ટની બહાર ઊભા રહીને બંને નેતાઓએ પત્રકારો સાથે વાત કરી. ટ્રમ્પે કહ્યું- મેં આઠ યુદ્ધ સમાપ્ત કરાવ્યા છે, પરંતુ રશિયા-યુક્રેન યુદ્ધ સૌથી મુશ્કેલ છે. અમે વાતચીતના અંતિમ તબક્કામાં છીએ. જોઈએ શું થાય છે. કાં તો યુદ્ધ સમાપ્ત થઈ જશે, અથવા ખૂબ લાંબા સમય સુધી ચાલતું રહેશે અને લાખો લોકો માર્યા જશે.

ટ્રમ્પે કહ્યું- યુદ્ધ ક્યારે અટકશે, તેની કોઈ નિશ્ચિત સમય મર્યાદા નથી. આજે ઝેલેન્સકી સાથે મારી મીટિંગ છે. હું મીટિંગ પછી રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને ફરીથી ફોન કરીશ અને અમે વાતચીત ચાલુ રાખીશું. ઘણા લોકો માર્યા ગયા છે અને બંને રાષ્ટ્રપતિ સમાધાન કરવા માંગે છે.



ટ્રમ્પે ઝેલેન્સકી સાથેની મીટિંગ બરાબર પહેલાં પુતિન સાથે ફોન પર વાતચીત કરી હતી. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર લખ્યું- આજે બપોરે 1 વાગ્યે યુક્રેનના રાષ્ટ્રપતિ સાથેની બેઠક પહેલાં, મારી રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે એક સારી અને ખૂબ જ સાર્થક ફોન પર વાતચીત થઈ.

ઝેલેન્સકી અને ટ્રમ્પ વચ્ચે વાતચીત એવા સમયે થઈ રહી છે, જ્યારે રશિયાએ યુક્રેનની રાજધાની કિવ પર ફરીથી મિસાઈલ અને ડ્રોન હુમલા તેજ કર્યા છે. આ બેઠકનો હેતુ યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે શાંતિનો માર્ગ શોધવાનો છે. ટ્રમ્પે ગયા મહિને એક શાંતિ યોજના રજૂ કરી હતી, જેના પર હવે બંને દેશો વચ્ચે વાતચીત ચાલી રહી છે.

પહેલા આ યોજનામાં 28 શરતો હતી, પરંતુ હવે યુક્રેને તેને ઘટાડીને 20 મુદ્દાઓમાં કરી દીધી છે. અમેરિકી અધિકારીઓ સતત બંને પક્ષો સાથે વાત કરી રહ્યા છે, જેથી કોઈ મધ્યમ માર્ગ શોધી શકાય. ઝેલેન્સકીની આ ચોથી અમેરિકી યાત્રા છે.

અમેરિકાનું કહેવું છે કે મોટાભાગના મુદ્દાઓ પર સહમતિ બની ચૂકી છે. ઝેલેન્સકી લગભગ 90% વાતો પર સહમત થઈ ગયા છે. ખુદ ઝેલેન્સકીએ પણ સ્વીકાર્યું છે કે તેઓ ઘણું આગળ વધી ચૂક્યા છે, પરંતુ હજુ સંપૂર્ણ સમજૂતી થઈ નથી. તેમણે કહ્યું કે શાંતિ મેળવવી સરળ નથી, પરંતુ દરેક મુલાકાત આપણને તેની નજીક લઈ જાય છે.

હજુ પણ કેટલાક મોટા સવાલો બાકી છે. સૌથી મોટો સવાલ જમીનને લઈને છે. રશિયા ઈચ્છે છે કે યુક્રેન પોતાનો પૂર્વીય વિસ્તાર ડોનબાસ છોડી દે. ઝેલેન્સકીએ કહ્યું છે કે જો રશિયા પહેલા યુદ્ધ રોકવા પર તૈયાર થાય છે, તો તેઓ આ અંગે પોતાના દેશના લોકો પાસેથી અભિપ્રાય લેશે અને જનમત સંગ્રહ કરાવશે. એક વધુ મહત્વનો મુદ્દો ઝાપોરિઝિયા ન્યુક્લિયર પ્લાન્ટનો છે, જે હાલમાં રશિયાના કબજામાં છે. યુક્રેન ઈચ્છે છે કે તેને અમેરિકા અને યુક્રેન મળીને ચલાવે અને તેમાંથી બનતી વીજળી બંનેમાં વહેંચવામાં આવે.

આજની બેઠકમાં રશિયા સામેલ નહીં થાય. આ વાતચીત ફક્ત અમેરિકા અને યુક્રેન વચ્ચે થશે. અમેરિકાને આશા છે કે તેનાથી શાંતિનો એક માળખો નક્કી થઈ શકશે.

ઝેલેન્સકી ઈચ્છે છે કે અમેરિકા યુક્રેનને મજબૂત સુરક્ષાની ખાતરી આપે, જેથી ભવિષ્યમાં રશિયા ફરીથી હુમલો ન કરી શકે. અમેરિકી અધિકારીઓનું કહેવું છે કે જે સુરક્ષા પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે, તે અત્યાર સુધીનો સૌથી મજબૂત પેકેજ છે. ટ્રમ્પે કહ્યું છે કે તેમને ઝેલેન્સકી સાથેની મુલાકાતથી સારા પરિણામની અપેક્ષા છે, પરંતુ તેમણે એમ પણ કહ્યું કે અંતિમ નિર્ણય તેમની મંજૂરીથી જ થશે.

કુલ મળીને, સમગ્ર વિશ્વની નજર આજે યોજાનારી આ મહત્વપૂર્ણ બેઠક પર ટકેલી છે, કારણ કે તેનાથી યુક્રેન-રશિયા યુદ્ધને સમાપ્ત કરવાની દિશામાં કોઈ મોટું પગલું નીકળી શકે છે.

આ દરમિયાન રશિયા તરફથી હુમલા ચાલુ છે. યુક્રેનિયન સેના અનુસાર, એક જ રાતમાં રશિયાએ સેંકડો ડ્રોન અને ડઝનબંધ મિસાઈલો છોડી. ઝેલેન્સકીએ કહ્યું કે રશિયા એક તરફ વાતચીતની વાત કરે છે અને બીજી તરફ હુમલા પણ કરી રહ્યું છે, જેનાથી તેના ઈરાદાઓ પર સવાલ ઉભા થાય છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ સ્પષ્ટ કહ્યું છે કે જો યુક્રેન શાંતિથી વાત નહીં માને, તો રશિયા તાકાતના જોરે પોતાના લક્ષ્યો પૂરા કરશે.

## ચીને તાઈવાનને પાંચેય બાજુથી ઘેર્યું, સૈન્ય-અભ્યાસ શરૂ : જવાબમાં તાઈવાને કાઉન્ટર કોમ્બેટ એક્સરસાઈઝ શરૂ કરી, ત્રણેય સેનાઓ પણ એલર્ટ પર...

**બેઈજિંગ, તા.29**

ચીને તાઈવાનને પાંચેય બાજુથી ઘેરીને મોટા પાયે સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે. ચીનની સેનાએ તાઈવાનના ઉત્તર, ઉત્તર-પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને પૂર્વીય તટ નજીક અલગ-અલગ ઝોન બનાવીને લાઈવ-ફાયર ડ્રિલ શરૂ કરી છે. ચીનની કાર્યવાહીના જવાબમાં તાઈવાને પણ કાઉન્ટર કોમ્બેટ એક્સરસાઈઝ શરૂ કરી દીધી છે. તાઈવાનના રક્ષા મંત્રાલયે કહ્યું છે કે તેની આર્મી, નૌસેના અને વાયુસેનાને એલર્ટ પર રાખવામાં આવી છે.

ચીનની હિલચાલ પર કડક નજર રાખવામાં આવી રહી છે. તાઈવાને પોતાની સેનાઓને તહેનાત કરીને કોમ્બેટ-રેડીનેસ ડ્રિલ




શરૂ કરી છે. તાઈવાને ચીન પર ક્ષેત્રીય શાંતિ અને સ્થિરતાને નબળી પાડવાનો આરોપ લગાવ્યો છે. તાઈવાન કોસ્ટ ગાર્ડ અનુસાર, ચીનના સૈન્ય અભ્યાસથી જહાજોની અવરજવર અને માછીમારોની સુરક્ષા પર જોખમ ઉભુ થયો છે.

ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) અનુસાર, આ અભ્યાસમાં નૌકાદળ, વાયુસેના અને રોકેટ ફોર્સને એકસાથે તહેનાત કરવામાં આવ્યા છે. ડ્રિલમાં યુદ્ધ જહાજો, ફાઈટર જેટ, બોમ્બર, ડ્રોન અને લાંબા અંતરની મિસાઈલોનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આના દ્વારા દરિયાઈ અને હવાઈ લક્ષ્યોને નિશાન બનાવવા, બંદરોની નાકાબંધી અને બાહ્ય હસ્તક્ષેપને રોકવાનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આ સાથે જ ચીની કોસ્ટ ગાર્ડને પણ તાઈવાનની આસપાસ સમુદ્રમાં એક્ટિવ કરવામાં આવ્યા છે.

આ સૈન્ય અભિયાનને 'જસ્ટિસ મિશન 2025' નામ આપવામાં આવ્યું છે. ચીનની સેનાએ કહ્યું છે કે આ અભ્યાસ તાઈવાનની 'અલગતાવાદી તાકાતો' અને બાહ્ય દેશોના હસ્તક્ષેપ વિરુદ્ધ ચેતવણી છે. ધ ગાર્ડિયન દ્વારા ડિફેન્સ એક્સપર્ટ્સને ટાંકીને જણાવાયું છે કે આ વખતે ચીનનો અભ્યાસ પહેલા કરતા મોટો છે અને તાઈવાનની ખૂબ નજીક કરવામાં આવી રહ્યો છે. ખાસ કરીને પૂર્વ કિનારે બનાવેલા સૈન્ય ઝોનને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે, કારણ કે આ જ દિશામાંથી સંકટના સમયે તાઈવાનને આંતરરાષ્ટ્રીય મદદ મળી શકે છે. ચીન તાઈવાનને પોતાનો હિસ્સો માને છે અને તેના પર કોઈપણ બળજબરીપૂર્વકના કબજાનો વિરોધ કરે છે. તાઈવાન જાપાનથી માત્ર 110 કિલોમીટર દૂર છે. તાઈવાનની આસપાસનો દરિયાઈ વિસ્તાર જાપાન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

## હવામાં જબરદસ્ત બ્લાસ્ટ સાથે અથડાયા બે હેલિકોપ્ટર : USમાં બે પાઈલટ મિત્રોમાંથી 1નું મોત

**વોશિંગ્ટન, તા.29**

અમેરિકાના ન્યૂ જર્સી સ્થિત હેમન્ટનમાં રવિવારે બે હેલિકોપ્ટર હવામાં અથડાયા હતા. આ અકસ્માતમાં એક પાઈલટનું મોત થયું હતું, જ્યારે બીજાને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંને હેલિકોપ્ટરમાં માત્ર પાઈલટ જ સવાર હતા. હેમન્ટન પોલીસે જણાવ્યું કે સવારે લગભગ 11:25 વાગ્યે હેલિકોપ્ટર દુર્ઘટનાની જાણ થઈ હતી. ઘટનાસ્થળેથી સામે આવેલા વીડિયોમાં એક હેલિકોપ્ટર ઝડપથી ગોળ-ગોળ ફરતું જમીન તરફ પડતું દેખાયું હતું. ટક્કર બાદ એક હેલિકોપ્ટરમાં આગ લાગી ગઈ હતી, જેને પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે ઓલવી હતી. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) અનુસાર, આ ટક્કર હેમન્ટન મ્યુનિસિપલ એરપોર્ટ ઉપર થઈ હતી. આમાં એનસ્ટ્રોમ F-28A અને એનસ્ટ્રોમ 280C મોડેલના હેલિકોપ્ટર સામેલ હતા. એક પાઈલટનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે બીજાને જીવલેણ ઈજાઓ સાથે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. FAA અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) અકસ્માતની તપાસ કરશે. પૂર્વ FAA અને NTSB તપાસકર્તા એલન ડીલના મતે, પ્રારંભિક તપાસમાં એ જોવામાં આવશે કે બંને પાઈલટ્સ વચ્ચે કોઈ સંચાર થયો હતો કે નહીં અને શું તેઓ એકબીજાને જોઈ શકતા હતા. APના અહેવાલ મુજબ, દુર્ઘટના સ્થળ નજીક એક કેફેના માલિક સાલ સિલિપિનોએ જણાવ્યું હતું કે બંને પાઈલટ તેમના કેફેમાં નિયમિતપણે આવતા હતા અને ઘણીવાર સાથે નાસ્તો કરતા હતા. સિલિપિનોએ કહ્યું કે તેમણે અને અન્ય ગ્રાહકોએ હેલિકોપ્ટરને ઉડાન ભરતા જોયા. પરંતુ એક હેલિકોપ્ટર નીચેની તરફ જવા લાગ્યું, ત્યારબાદ બીજું હેલિકોપ્ટર પણ નીચેની તરફ જવા લાગ્યું. તેમણે કહ્યું, 'આ આઘાતજનક હતું. આવું બન્યા પછી પણ હું હજી ધ્રુજી રહ્યો છું.'

હેમન્ટન નિવાસી ડેન ડેમેશેકે જણાવ્યું કે તેઓ જીમમાંથી બહાર નીકળી રહ્યા હતા. તે જ સમયે તેમણે જોરદાર અવાજ સાંભળ્યો અને બે હેલિકોપ્ટરને બેકાબૂ થઈને ફરતા જોયા. પહેલું હેલિકોપ્ટર સીધુંથી ઊંધું થઈ ગયું અને ફરતું ફરતું હવામાંથી નીચે પડવા લાગ્યું.

## તંત્રી લેખ

# બ્રાહ્મણવાદ, RSS સાથે ઘરોબો, જસ્ટિસ સ્વામીનાથન પર કેમ લાગ્યા આરોપ

'જસ્ટિસ સ્વામીનાથન બ્રાહ્મણિક ઈકોસિસ્ટમના મોટા સમર્થક છે. કોર્ટની કાર્યવાહીમાં સ્પષ્ટ દેખાય છે કે તેઓ ખાસ સમુદાયના વકીલો સાથે સાંઠગાંઠમાં કામ કરે છે. અનેક વકીલોએ તેમના આદેશો વિરુદ્ધ ફરિયાદ કરી છે. સામાન્ય લોકો આદેશોને ઊંડાણપૂર્વક જોતા નથી, પરંતુ વકીલો જાણે છે કે આ પેટર્ન કેવી રીતે ચાલી રહી છે.' તમિલનાડુની મદ્રાસ હાઈકોર્ટમાં સિનિયર એડવોકેટ સારનાથન મદુરાઈ બેન્ચના જસ્ટિસ જી.આર. સ્વામીનાથન પર જાતિના આધારે ભેદભાવના ગંભીર આરોપો લગાવે છે. તેઓ કહે છે કે જસ્ટિસ સ્વામીનાથનનો RSSની વિચારધારા તરફ ઝુકાવ છે અને તેઓ બ્રાહ્મણ વકીલોને પ્રાધાન્ય આપે છે. આ વર્તન કાયદાકીય નિષ્પક્ષતાની વિરુદ્ધ છે. જસ્ટિસ સ્વામીનાથનનો વિરોધ કરનારાઓમાં એડવોકેટ સારનાથન એકલા નથી. મદ્રાસ હાઈકોર્ટના 8 થી વધુ પૂર્વ જસ્ટિસ અને અનેક વકીલો પણ તેમનો વિરોધ કરી રહ્યા છે. DMK અને ઈન્ડિયા બ્લોકના 120 સાંસદોએ સ્વામીનાથનને હટાવવા માટે લોકસભામાં મહાભિયોગની નોટિસ આપી છે. 9 ડિસેમ્બર 2024ના રોજ આપવામાં આવેલી મહાભિયોગ નોટિસ પર હાલમાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કોઈ નિર્ણય લીધો નથી. તેમણે 19 ડિસેમ્બરે કહ્યું કે તેઓ નિયમો અને પ્રક્રિયા મુજબ તેની તપાસ કરી રહ્યા છે.

# ઝાલોદ તાલુકાના હાઇવે માર્ગો પર અકસ્માત નિવારણ માટે અધિકારીઓની સંયુક્ત વિઝિટ

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 29**

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રાજ્યના હાઈવે તેમજ રોડ માર્ગો પર થતા અકસ્માતો ઘટાડવા અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા માટે વિવિધ વિભાગોના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. આ સૂચનાઓના અનુસંધાને ઝાલોદ તાલુકામાંથી પસાર થતા નેશનલ હાઈવે તથા અન્ય મુખ્ય માર્ગો પર અકસ્માત નિવારણ હેતુથી સંયુક્ત વિઝિટ યોજવામાં આવી હતી. આ વિઝિટ દરમિયાન નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ એન્જિનિયર શ્રી લખનસિંહ બધેલ, દાહોદ જિલ્લા ટ્રાફિક અધિકારી શ્રી એન.જી. શેખ, આર.ટી.ઓ ઈન્સ્પેક્ટર શ્રી વાઘેલા, ઝાલોદ ડી.વાય.એસ.પી શ્રી ડી.આર. પટેલ, દાહોદ જિલ્લા એલ.સી.બી પી.એસ.આઈ શ્રી આર.વી. રાઠોડ તેમજ ફતેપુરા પી.એસ.આઈ શ્રી જે.કે. રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. વિઝિટ દરમિયાન ઝાલોદ તાલુકામાં આવેલા એવા માર્ગોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું જ્યાં અગાઉ અકસ્માતો સર્જાયા છે અથવા ભવિષ્યમાં અકસ્માત સર્જાવાની સંભાવના છે. આ માર્ગો પર અકસ્માતો ન સર્જાય અથવા ટાળી શકાય તે માટે વિવિધ મુદ્દાઓની તકનિકી અને કાયદાકીય દૃષ્ટિએ વિગતવાર નોંધ લેવામાં આવી હતી. વિશેષરૂપે માર્ગોમાં પડેલા ખાડા, માર્ગોની અસમતોલ સ્થિતિ, વળાંકવાળા વિસ્તારોમાં માર્ગદર્શક બોર્ડ અને સૂચક ચિહ્નોની અછત, હાઈવે પર થયેલા દબાણો, બ્લાઈન્ડ સ્પોટ્સ, માર્ગ કિનારે ઉગી નીકળેલ ઝાડી-ઝાંખરા, તેમજ વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવા જેવા મુદ્દાઓ પર ગંભીરતાથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

અધિકારીઓ દ્વારા આ પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો કે અકસ્માતો માનવીય ભૂલના કારણે થાય છે કે પછી રોડની તકનિકી ખામીઓને કારણે થાય છે. આ અભ્યાસના આધારે આગામી સમયમાં અકસ્માત દર ઘટાડવા માટે જરૂરી સુધારાત્મક પગલાં લેવામાં આવશે. હાઈવે ઓથોરિટી દ્વારા અકસ્માત નિવારણ માટે લેવાય તેવા પગલાં : હાઈવે ઓથોરિટી દ્વારા માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવશે - હાઈવે તથા મુખ્ય માર્ગો પર પડેલા ખાડાઓનું તાત્કાલિક સમારકામ, માર્ગોની સપાટીને સંતુલિત કરી વાહન ચાલકો માટે સુરક્ષિત બનાવવી, વળાંકવાળા અને જોખમી વિસ્તારોમાં સ્પષ્ટ માર્ગદર્શક બોર્ડ, રિફ્લેક્ટર અને સૂચક ચિહ્નો સ્થાપિત કરવું, બ્લાઈન્ડ સ્પોટ્સ દૂર કરવા માર્ગ કિનારાની ઝાડી-ઝાંખરા અને અવરોધો દૂર કરવું, હાઈવે પર થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કાર્યવાહી, વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે યોગ્ય ડ્રેનેજ સિસ્ટમ વિકસાવવી, અકસ્માત ઝોન તરીકે ઓળખાતા વિસ્તારોમાં સ્પીડ કંટ્રોલ ઉપાયો અને ચેતવણી બોર્ડ મૂકવા, નિયમિત માર્ગ સલામતી ઓડિટ અને તકનિકી નિરીક્ષણ, નિષ્કર્ષ : સરકાર, હાઈવે ઓથોરિટી અને પોલીસ વિભાગના સંયુક્ત પ્રયાસોથી ઝાલોદ તાલુકાના હાઈવે માર્ગોને વધુ સુરક્ષિત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં જરૂરી સુધારાઓ પૂર્ણ થતાં અકસ્માતોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવશે, જેથી માનવજીવનની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

# દાહોદમાં શ્રીમદ ભગવદ ગીતા પૂજન દ્વારા બાળકોમાં સંસ્કાર અને આધ્યાત્મિક જાગૃતિ

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 29**

મોઢ જ્ઞાતિ સમસ્ત પંચ, દાહોદ અંતર્ગત કાર્યરત શ્રી મોઢેશ્વરી કેળવણી મંડળ, દાહોદ દ્વારા સમાજના બાળકોમાં સંસ્કાર, સંસ્કૃતિ અને આધ્યાત્મિક મૂલ્યોના સિંચન હેતુથી સંસ્કાર સિંચન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તા. 15/11/2025, શનિવારના રોજ સમાજની વાડી ખાતે યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકોને શ્રીમદ ભગવદ ગીતાનું મહત્વ સમજાવવું તેમજ ગીતાજયંતિના પાવન અવસરે ગીતાજીનું પૂજન કરવાની પરંપરા વિકસાવવી હતો. આ હેતુસર કાર્યક્રમમાં શ્રીમદ ભગવદ ગીતાનું પૂજન તેમજ પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકો ઉત્સાહભેર જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન શ્રીમતી શિલ્પાબેન રાણાપુરવાલા, શ્રીમતી રશ્મિબેન કાબરાવાલા અને શ્રીમતી મોનિકાબેન મોઢિયા દ્વારા બાળકોને ગીતાજીના શ્લોકોના પઠન કરાવવામાં આવ્યા તથા શ્રદ્ધાપૂર્વક ગીતાજીનું પૂજન કરાવવામાં આવ્યું. બાળકોમાં ધાર્મિક ભાવના સાથે સંસ્કારની ઊંડી સમજ વિકસે તે માટે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત તમામ બાળકોને શ્રીમતી જાગૃતિબેન રાજેશકુમાર શાહ તરફથી નાસ્તો તથા એગ્ઝામ બોર્ડ ભેટરૂપે આપવામાં આવ્યા, જેને કારણે બાળકોમાં વિશેષ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ દાતાઓ, કાર્યકરો તથા ઉપસ્થિત સૌનો શ્રી મોઢેશ્વરી કેળવણી મંડળ, દાહોદ તરફથી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# શુદ્ધ મન અને આત્માની યુતિથી ઝળહળતા સૂર્ય જેવી દૈદિપ્યમાન શક્તિ ઉત્પન્ન થાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વેદાંનાં સામવેદોસ્મિ દેવાનાં વાસવઃ ઈન્દ્રિયાણાં મનશ્ચાચસ્મિ ભૂતાનામસ્મિ ચેતના. અર્થાત હું વેદોમાં સામવેદ છું, દેવોમાં ઈન્દ્ર છું, ઈન્દ્રિયોમાં મન છું, અને પ્રાણીઓની ચેતના એટલે કે જીવનશક્તિ છું. શ્રીમદ્ ભગવતના દસમા અધ્યાય નો આ 12 મો શ્લોક છે. એમાં સ્પષ્ટપણે ભગવાન યોગ યોગેશ્વર એ કહ્યું છે, કે વેદોમાં સામવેદ અને દેવોમાં ઈન્દ્ર, પરંતુ આપણે એમાં જવું નથી કારણ કે વેદ સુધીની આપણી ઊંચાઈ નથી, અને દેવતાઓમાં ખાસ કંઈ રુચિ નથી. પણ ઈન્દ્રિયોમાં હું મન છું, તો આપણને પ્રશ્ન એ થાય કે મનની ચંચળાતાને નાથવી કે રોકવી શું કામ જરૂરી છે? શક્ય છે? કારણ કે એ તો સ્વયં ઈશ્વર છે. આ વિધાન ઘણું સુક્ષ્મ ચિંતન માંગી લે છે. કારણ કે આપણે સૌ જાણીએ છીએ કે મનને કારણે જ જીવનની સઘળી સમસ્યા છે, અને એકવાર ગીતામાં કહી દીધું કે ઈન્દ્રિયોમાં મન હું છું, તો પછી મનનો નિષેધ શું કામ? અથવા તો એને વશમાં કરવા દમન શુ કામ?; કારણ કે મન તો કોઈનું ચંચળ ન હોય એવું બને નહીં! અને ચંચળતા એ અભિશાપ પણ બને, અને આશીર્વાદ પણ બને, આ વાત મુખ્ય ચિંતનની છે. આપણે અગાઉ મનની ગતિ વિશે વાત કરી હતી, ત્યારે સ્પષ્ટપણે લખ્યું હતું કે સ્વ પ્રેરિત મન ભોગકારક દ્રવ્યની ઈચ્છા કરે, એ તેની સ્થૂળ ગતિ છે. એટલે કે એ રીતે મન જો ચંચળતાથી ગતિ કરે, એટલે કે ઈચ્છા કરે, અને પૂરી થાય નહીં, તો અભિશાપ પણ બની શકે, અને એવી જ રીતે કોઈની ઈચ્છા પૂરી થાય તો એના પ્રત્યે ઈર્ષાનો ભાવ પણ આવે, એટલે ઈચ્છા અને ઈર્ષા બંને એક કુળ ધરાવતી બહેનો છે. એકના આવવાથી બીજાના આવવાની શક્યતા છે, અને ઈર્ષાવાળું મન પરમાત્મા નથી, શુદ્ધ અને નિર્મળ મન જ પરમાત્મા એટલે કે અવિનાશી ઈશ્વરે ગણાવેલું પોતાનું સ્વરૂપ છે. માનસ મહાકાલ વાંચતી હતી, તો એમાં પૂજ્ય બાપુએ પણ સ્પષ્ટપણે લખ્યું હતું કે ઈચ્છા દ્વારા ઉત્પન્ન થતી ઈર્ષા, મનને ક્યારેય શાંત થવા દેતી નથી. જીવ જ્યારે જન્મે છે, ત્યારે અદ્રશ્ય ઈન્દ્રીય તરીકે જે મન રહેલું છે, એ મન પરમાત્મા છે, આપણું અત્યારનું મન તો આવા કેટલા વિકારોથી આપણે ભરી મૂક્યું છે, અને એટલે જ મન આગળ નિર્મળ અને શુદ્ધ એવા શબ્દ પ્રયોગો પણ થાય છે, કારણ કે એવું આપણે રહેવા દીધું નથી. બાકી એને જો નિર્મળ અને શુદ્ધ રહેવા દઈએ તો એ અવિનાશી ઈશ્વર જ છે. આત્મા સ્વરૂપે તો પરમાત્માનો અંશ બિરાજમાન જ છે, અને મનમાં પણ કોઈ વિકાર ન્હોય, તો મન અને આત્માની યુતિથી અલૌકિક શક્તિ ઉત્પન્ન થાય છે, જે ઝળહળતા સૂર્ય જેવી પ્રકાશમાન છે, અને અનેકો નાં જીવન દેદીપ્યમાન કરે છે. પરંતુ અગાઉ કહ્યું હતું તેમ, 'જો અને તો' નું આ ત્રાજવું ભાગ્યે જ સમ થાય છે, અને એટલે નક્કી તો આપણે જ કરવું પડશે કે આપણું મન આપણી માટે તેમજ કોઈ માટે અભિશાપ બને તેવું હોવું જોઈએ? કે પછી આપણી અને કોઈની માટે આશીર્વાદ બને તેવું હોવું જોઈએ?

હવે આજ શ્લોકની અંતિમ વાત તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ તો એમાં ભગવાને કહ્યું છે કે પ્રાણીઓની ચેતના એટલે કે જીવનશક્તિ પોતે છે. પ્રાણ ઉર્જા એવો પણ આપણે ત્યાં એક શબ્દ પ્રયોગ થાય છે, જે શક્તિ આત્માની છે, પણ તે શરીર સાથે જોડાયેલી રહે છે, અને એને કારણે આપણે જીવિત છીએ. આપણે ત્યાં બીજો એક શબ્દ જીજીવીષા પણ છે, અને એને કારણે પણ દેહ ટકી રહે છે. જીવન શક્તિ અને જીજીવીષા બંનેમાં ચાહ છે, પણ એટલું જ અંતર છે કે એકમાં ઈશ્વર તત્વની ચાહ છે, અને બીજામાં શરીર રહે એવી ચાહ છે. આપણે આપણી જીવનશક્તિ એટલે કે પ્રાણ ઊર્જાને ઈશ્વર સાક્ષાત્કાર તરફ વાળી શક્યા નહીં, અને કદાચ પૂજા પાઠ ભક્તિ ભાવ વગેરે એની માટે કર્યું, પણ જીવની અદમ્ય ઈચ્છા રહી નહીં! અદમ્ય ઈચ્છા તો શરીર ટકી રહે, ભોગ સલામત રહે,અને મળતાં રહે, એ બધી જ રહી! અને એને કારણે આપણે જીજીવીષા થી ટકી ગયાં, એમ કહી શકાય. પણ ભગવાન યોગેશ્વરે આગળ કહ્યું છે તેમ પ્રાણી માત્રની જીજીવીષા છૂટે નહીં ત્યાં સુધી તેનું કાળ મૃત્યુ સંભવ નથી, અને એટલે જ આપણે જોઈએ છીએ, તેમ વૃદ્ધાવસ્થા તરફ ગતિ કરતા શરીરની એક પછી એક શરીર ને લગતી ચાહના ઘટતી જાય છે. ઈશ્વર તો અવસ્થા પ્રેરક આ વાત જીવને સમજાય એટલે ઈન્દ્રિયોની કાર્યશક્તિ ઘટાડે જ છે, પરંતુ તે છતાં દેહની ભોગ પ્રત્યેની લાલાયિતા ઘણીવાર એટલી બધી હોય કે, શરીર સાથ આપતું ન હોય, છતાં તેની રસિકતા ઘટે નહીં, અને એને કારણે તે બે પ્રકારે વ્યાધિ ભોગવે. એક તો શરીરનું કષ્ટ, અને બીજું તે ભોગ ભોગવી શકતા નથી, અને બીજા આરામથી ભોગવે છે, એનું દુઃખ પણ કષ્ટ આપે છે. એકવાર આમ કરી લઉં! એકવાર તેમ કરી લઉં! એમ મન પણ ચચળાવે છે, પણ ત્યારે મન જો યોગ્ય ઈચ્છા કરવા કેળવાયેલું હોય, અને સતત ભોગ પ્રેરક જીવન જીવ્યા ન હોય તો પ્રમાણમાં દેહને ઓછા કષ્ટ પડે છે.

મનની ચંચળતાને કારણે જેવી તેવી ઈચ્છાઓ થાય નહીં, આ ઇચ્છાઓ દ્વારા ઈર્ષાઓ પ્રવેશે નહીં, અને અભિશાપ બને નહીં, એ માટે આપણી સનાતન ધારામાં, જીવન સાથે કર્મ અને ધર્મને જોડવામાં આવ્યા છે. કર્મ અને ધર્મ એ મનની બે એવી આંખો છે, જેના દ્વારા આપણે આપણા મનને નિર્મળ અને શુદ્ધ રાખી શકીએ છીએ, જે બિલકુલ તરોતાજી ચેતનાના જન્મ સમયે હતું, એવું જ બાલિક, નિર્દોષ, અને નિખાલસ છે, જેમાં કોઈ પ્રત્યે ઈર્ષા નથી, કોઈની નિંદા નથી, કે કોઈની પ્રત્યે દ્વેષ નથી, અને એટલે જ આવું મન અંતઃકરણ ચતુષ્કોણ ના બાકીના બીજા ત્રણ ખૂણાઓને પણ સંતુલિત રાખે છે, બુદ્ધિ નીરામયી, અને શ્રદ્ધા તરફ દોરનારી હોય છે, અને એ ચિત્તનું ચિત્ર હંમેશા ચળકતું રહે છે, અહમ પણ ગર્વ કરી શકાય એવો હોય છે, અને એટલે અંતઃકરણ અરીસા જેવું ચોખ્ખું ચણાક દેખાય છે.

સામવેદ થકી ઈશ્વરને પામીએ, ભગવત ગીતા થકી જાણીએ, શ્રીમદ ભાગવત થકી જાણીએ, કે પછી રામાયણ કે મહાભારત થકી ઈશ્વર તત્વને જાણીએ, માર્ગ ગમે તે હોય, પણ એ માર્ગે આપણું મન વિચલિત ન થાય એવું હોવું જોઈએ! અને એટલે જ ભોગની લાલાયિતાથી અંજાઈને ગમે તેવી ઈચ્છાઓ કરવી નહીં, કે જેના થકી ઈર્ષા નામની આગ આપણા અંતઃકરણમાં પ્રવેશે, અને આપણું જીવન અશાંત કરી મૂકે. જો આપણે આપણા મનને શુદ્ધ અને નિર્મળ રાખી શકીશું તો ભગવાન યોગ યોગેશ્વર ને આપણા અંતઃકરણમાં આપણે અનુભવી શકીશું, જે આપણી આલોકિક શક્તિનું કેન્દ્ર બની કાયમ આપણી જીવનશક્તિનો સ્ત્રોત બની, સકારાત્મક ઉર્જા ઉત્પન્ન કરશે, આપણે સૌ આ રીતે અલોકિક શક્તિ ઉત્પન્ન કરી, જીવન જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ. અને એટલે જ ભોગની લાલાયિતાથી અંજાઈને ગમે તેવી ઈચ્છાઓ કરવી નહીં, કે જેના થકી ઈર્ષા નામની આગ આપણા અંતઃકરણમાં પ્રવેશે, અને આપણું જીવન અશાંત કરી મૂકે. જો આપણે આપણા મનને શુદ્ધ અને નિર્મળ રાખી શકીશું તો ભગવાન યોગ યોગેશ્વર ને આપણા અંતઃકરણમાં આપણે અનુભવી શકીશું, જે આપણી આલોકિક શક્તિનું કેન્દ્ર બની કાયમ આપણી જીવનશક્તિનો સ્ત્રોત બની, સકારાત્મક ઉર્જા ઉત્પન્ન કરશે, આપણે સૌ આ રીતે અલોકિક શક્તિ ઉત્પન્ન કરી, જીવન જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.



# સંપન્ન હોવા છતાં પણ નમીને રહેવું શ્રેષ્ઠ ગુણ છે અને શ્રેષ્ઠ હોવા છતાં સામાન્ય રહેવું એ સર્વ શ્રેષ્ઠ ગુણ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

છેલ્લા બે દિવસથી ઠંડીનો ચમકારો વધ્યો હિલસ્ટેશન માઉન્ટ આબુમાં પારો ગગડીને માઈનાન્સ ત્રણ થતાં પર્યટકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે તો ધરતીપુત્રોમાં હરખની હેલી ચહેરા પર વરસી હોય તેવું લાગી રહ્યું છે કેમ ના લાગે કાળઝાળ મોંઘવારી ખાતરનો કાળો કકળાટ સહન કરીને શિયાળુ રવિ પાક ઉછેરવા મથામણકર્તા માણસને શુભ સંકેત મળ્યા હોય તેવી અનુભૂતિ થાય જ આજે આપણે ચિંતનાત્મક લેખમાળામાં જોઈએ તો ઘણા સમય પહેલા,એક નગરમાં એક ખૂબ જ પ્રભાવશાળી મહંત રહેતા હતા. ઘણા શિષ્યો તેમની પાસે શિક્ષણ મેળવવા માટે આવતા હતા. એક દિવસ, એક શિષ્યએ મહંતને પૂછ્યું, 'સ્વામી જી,તમારા ગુરુ કોણ છે?તમેકયા ગુરુ પાસેથી શિક્ષણ મેળવ્યુંછે?' શિષ્યના પ્રશ્ન પર મહંત હસ્યા અને કહ્યું, 'મારા હજારો ગુરુઓ છે! જો હું તેમના નામોની યાદી આપું તો મહિનાઓ લાગશે. પણ હું તમને મારા ત્રણ ગુરુઓ વિશે ચોક્કસ જણાવીશ.

એક ચોર હતો.એક વાર,હું મારો રસ્તો ભૂલી ગયો,અને જ્યારે હું દૂરના ગામમાં પહોંચ્યો ત્યારે ખૂબ મોડું થઈ ગયું હતું. બધી દુકાનો અને ઘરો બંધ હતા. પણ અંતે,મને એક માણસદિવાલ તોડવાનો પ્રયાસ કરતો મળ્યો. મેં તેને પૂછ્યું કે હું ક્યાં રહી શકું. તેણે કહ્યું, 'રાત્રે આ સમયે આશ્રય શોધવો ખૂબ મુશ્કેલ હશે, પરંતુ જો તમે ઈચ્છો તો તમે મારી સાથે રહી શકો છો. હું ચોર છું, અને જો તમને ચોર સાથે રહેવામાં વાંધો ન હોય તો તમે મારી સાથે રહી શકો છો.'તે એટલો મીઠો માણસ હતો કે હું તેની સાથે એક મહિનો રહ્યો! દરરોજ રાત્રે તે મને કહેતો, 'હું કામ પર જાઉં છું,કૃપા કરીને આરામ કરો અને પ્રાર્થના કરો.' જ્યારે તે કામ પરથી પાછો ફરતો, ત્યારે હું તેને પૂછતો,'તમને કંઈ મળ્યું?'તે કહેતો,'આજે મને કંઈ મળ્યું નથી,પરંતુ જો ભગવાનની ઈચ્છા હોત,તો મને ચોક્કસજલ્દી કંઈક મળશે.'તે ક્યારેય નિરાશ કે ઉદાસ નહોતો;તે હંમેશા ખુશ રહેતો

જ્યારે હું વર્ષોથી ધ્યાન કરતો હતો અને કંઈ થતું ન હતું, ત્યારે એવા સમયે આવતા જ્યારે હું સંપૂર્ણપણે હતાશ અને નિરાશ થઈ જતો અને મારી પ્રેક્ટિસ છોડી દેવાનું નક્કી કરતો. પછી અચાનક મને તે ચોર યાદ આવતો જે દરરોજ કહેતો,'જો ભગવાન ની ઈચ્છા હોત, તો મને ચોક્કસ જલ્દી કંઈક મળશે.'

અને મારા બીજા ગુરુ એક કૂતરો હતા. એક ખૂબ જ ગરમીના દિવસે, હું ખૂબ તરસ્યો હતો અને પાણી શોધવા માટે ભટકતો હતો ત્યારે એક કૂતરો દોડતો આવ્યો. તે પણ તરસ્યો હતો.નજીકમાં એક નદી હતી. કૂતરો આગળ ગયો અને નદીમાં જોયું અને પાણીમાં બીજો કૂતરો જોયો તેનું પોતાનું પ્રતિબિંબ.તે જોઈને કૂતરો ખૂબ જ ડરી ગયો.તે પડછાયા પર ભસતો અને પાછળ હટતો, પણ ખૂબ તરસ્યો હોવાથી તે પાછો ફરતો.તે મારી પાસે પાછો ફરતો. છેવટે, તેના ડર છતાં, તે નદીમાં કૂદી પડ્યો, અને તે કૂદતાંની સાથે જ પડછાયો ગાયબ થઈ ગયો. તે કૂતરાની હિંમત જોઈને, મેં એક મહાન પાઠ શીખ્યા. તેના ડર છતાં, વ્યક્તિએ કૂદકો મારવો જ જોઈએ. સફળતા ફક્ત તે જ લોકોને મળે છે જેઓ બહાદુરીથી પોતાના ડરનો સામનો કરે છે.

અને મારા ત્રીજા ગુરુ એક નાનો બાળક છે. હું એક ગામમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે મેં એક નાના બાળકને સળગતી મીણબત્તી લઈને જતો જોયો. તે તેને નજીકના ચર્ચમાં મૂકવા જઈ રહ્યો હતો.મેં મજાકમાં તેને પૂછ્યું 'શું તમે મીણબત્તી પ્રગટાવી?' તેણે જવાબ આપ્યો,'હા,મેં પ્રગટાવી.'મેં તેને કહ્યું કે એક ક્ષણ આવી જ્યારે મીણ બત્તી બુઝાઈ ગઈ,અને પછી એક ક્ષણ જ્યારે તે પ્રગટાઈ. શું તમે મને તે સ્ત્રોત બતાવી શકો છો જ્યાંથી પ્રકાશ આવ્યો?બાળક હસ્યું અને મીણબત્તી બુઝાવતા કહ્યું,'હવે તમે પ્રકાશ જતો જોયો છે.તે ક્યાં ગયો?તમે મને કહો.''મારો અહં કાર તૂટી ગયો,મારું જ્ઞાન અદ્રશ્ય થઈ ગયું.અને તે ક્ષણે મને મારી પોતાની મૂર્ખતાનો અહેસાસ થયો. ત્યારથી,મેં ફક્ત જ્ઞાન છોડી દીધું 'ગઈકાલના લેખની વાત આગળ વધારીએ તો સાધુઓ ભરતનાં વખાણ કરે છે. અમારા વૈરાગ્ય કરતાં ભરતનો વૈરાગ્ય ચઢી જાય. ભરતજી ત્યાંથી આગળ ચાલ્યા. સીતારામ સીતા રામ કરતાં ભરત ચાલે છે. સુર્યનારાયણ અસ્તાચલમાં ગયા છે. લોકોએ ચિત્રકૂટની તળેટીમાં મુકામ કર્યો.


આ બાજુ સીતાજીને સ્વપ્ન આવ્યું કે, ભરતજી આપણને મળવા આવ્યા છે.સાથે અયોધ્યા ની પ્રજા છે,પણ સાસુજીનો વેશ અમંગળ હતો.રામજી કહે છે,આ સ્વપ્ન સારું નથી.કાંઈક દુઃખની વાત સાંભળવી પડશે.પ્રાતઃકાળ થતાં ભરતજી પાછા વ્યાકુળ થયા કે મારું કાળું મુખ હું રામજીને કેવી રીતે બતાવું? રામજી મને જોઈ ચાલ્યા જશે તો?ના,ના,મોટાભાઈ આવું નહીં કરે. મને જરૂર અપનાવશે.ભાભી મને મળવા રામજીને ના કહેશે તો? ના, ના, સીતાજીના હૃદયમાં રામજી વિરાજ્યા છે. તે એવું નહીં કરે. સીતારામ બોલતાં બોલતાં ભરતજી મળવા ચાલ્યા.

ત્યારે ભીલ લોકો દોડતા રામજી પાસે આવ્યા. કહે કે કોઈ ભરત નામનો રાજા આપને મળવા આવે છે. સાથે ચતુરંગી સેના છે. કાંઈ કપટ તો નહીં હોય ને? રામજી વિચારમાં પડ્યા એટલે લક્ષ્મણના મનમાં કુભાવ થયો કે, ભરત જો મળવા જ આવતો હોય તો સાથે સેના લાવવાની શું જરૂર હતી? હું જાણું છું, ભરત સાધુ છે પણ રાજ્ય મળ્યા પછી તેની બુદ્ધિ બગડી શકે તેથી પોતાના રાજ્યને નિષ્કંટક કરવા તે અહીં આવ્યો હશે. સત્તા મળે એટલે મનુષ્ય પાગલ બની જાય છે. લક્ષ્મણને ક્રોધ આવ્યો. રઘુનાથજીએ લક્ષ્મણને હાથ પકડી બેસાડયા. રામ કહે છે, ભરતને બ્રહ્મલોકનું રાજ્ય મળે તો પણ તેને મદ થાય તેમ નથી. આ જગતમાં ભરત જેવો ભાઈ નથી અને થવાનો નથી! આ બાજુ સીતાજીને સ્વપ્ન આવ્યું કે, ભરતજી આપણને મળવા આવ્યા છે.સાથે અયોધ્યા ની પ્રજા છે,પણ સાસુજીનો વેશ અમંગળ હતો.રામજી કહે છે,આ સ્વપ્ન સારું નથી.કાંઈક દુઃખની વાત સાંભળવી પડશે.પ્રાતઃકાળ થતાં ભરતજી પાછા વ્યાકુળ થયા કે મારું કાળું મુખ હું રામજીને કેવી રીતે બતાવું? રામજી મને જોઈ ચાલ્યા જશે તો?ના,ના,મોટાભાઈ આવું નહીં કરે. મને જરૂર અપનાવશે.ભાભી મને મળવા રામજીને ના કહેશે તો? ના, ના, સીતાજીના હૃદયમાં રામજી વિરાજ્યા છે. તે એવું નહીં કરે. સીતારામ બોલતાં બોલતાં ભરતજી મળવા ચાલ્યા.
ત્યારે ભીલ લોકો દોડતા રામજી પાસે આવ્યા. કહે કે કોઈ ભરત નામનો રાજા આપને મળવા આવે છે. સાથે ચતુરંગી સેના છે. કાંઈ કપટ તો નહીં હોય ને? રામજી વિચારમાં પડ્યા એટલે લક્ષ્મણના મનમાં કુભાવ થયો કે, ભરત જો મળવા જ આવતો હોય તો સાથે સેના લાવવાની શું જરૂર હતી? હું જાણું છું, ભરત સાધુ છે પણ રાજ્ય મળ્યા પછી તેની બુદ્ધિ બગડી શકે તેથી પોતાના રાજ્યને નિષ્કંટક કરવા તે અહીં આવ્યો હશે. સત્તા મળે એટલે મનુષ્ય પાગલ બની જાય છે. લક્ષ્મણને ક્રોધ આવ્યો. રઘુનાથજીએ લક્ષ્મણને હાથ પકડી બેસાડયા. રામ કહે છે, ભરતને બ્રહ્મલોકનું રાજ્ય મળે તો પણ તેને મદ થાય તેમ નથી. આ જગતમાં ભરત જેવો ભાઈ નથી અને થવાનો નથી!

ભરતજી સીતારામ સીતારામ બોલતાં આવે છે. ભરતજીનો પ્રેમ એવો છે કે, ચિત્રકૂટના પથ્થરો પણ પીગળી ગયા છે.ભરત જુએ કે રામજી બિરાજ્યા છે અને સીતા અને લક્ષ્મણ સેવામાં હાજર છે, ધીરજ ધારણ કરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા તે આગળ વધ્યા. લક્ષ્મણજીએ તે જોયું. લક્ષ્મણે રામજીને કહ્યું કે, ભરતજી તમને પ્રણામ કરે છે. રામજી બોલી ઊઠ્યા, મારો ભરત છે? ક્યાં છે? તે સામે દોડયા અને ભરતને ઊઠાવી આલિંગન આપ્યું. ચિત્રકૂટ ઉપર જીવ અને શિવનું મિલન થયું! કેવું અદ્ભુત દર્શન!

લક્ષ્મણ એટલે વૈરાગ્ય. સીતાજી એટલે પરાભક્તિ. વૈરાગ્ય અને પરાભક્તિ સાથે લઈને ભગવાન ચિત્રકૂટમાં એટલેચિત્તમાં-અંતરમાં વિરાજે છે.તેને જીવ એટલે ભરત મળવા જાય છે.એ મિલનનુંચિંતન પણ મનુષ્યનાં પાપને બાળે છે.

વાચક ચાહક મિત્રો,શિષ્ય બનવા નો અર્થ શું છે?શિષ્ય બનવાનો અર્થ એ છે કે સમગ્ર અસ્તિત્વ માટે ખુલ્લા રહેવું.દરેક સમયે દરેક જગ્યાએથી શીખવા માટે તૈયાર રહેવું.જીવનની દરેક ક્ષણ આપણ ને કંઈક શીખવાની તક આપે છે.આપણે હંમેશા શિષ્ય રહેવું જોઈએ અને જીવન માં સારી વસ્તુઓ શીખતા રહેવું જોઈએ. જીવન આપણને કોઈને કોઈ સ્વરૂપમાં ગુરુનો સામનો કરાવે છે. તે આપણા પર નિર્ભર કરે છેકે આપણે તે મહંત ની જેમ શિષ્ય બની શકીએછીએ અને તે ગુરુ પાસેથી શીખી શકીએ છીએ કે નહીં..!! આજે આપણે અહીં અટકીએ અસ્તુ.



# વાર્ષિક સમીક્ષા – પશ્ચિમ રેલવે 2025, રાષ્ટ્રીય સિદ્ધિઓ, સંચાલન શ્રેષ્ઠતા અને મુસાફર કેન્દ્રિત વિકાસનું ઐતિહાસિક વર્ષ

## એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે ઉધના જંકશન (ગુજરાત) અને બ્રહ્મપુર (ઓડિશા) વચ્ચે અમૃત ભારત એક્સપ્રેસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

**અમદાવાદ, તા. 29**

કેલેન્ડર વર્ષ 2025 પશ્ચિમ રેલવે માટે એક ઐતિહાસિક અને પરિવર્તનકારી વર્ષ તરીકે ઉજાગર થયું છે.આ વર્ષ રાષ્ટ્રીય મહત્વની સિદ્ધિઓ, રેકોર્ડ માળખાકીય વિકાસ, ઉત્કૃષ્ટ પરિચાલન પ્રદર્શન તથા પ્રવાસી સુરક્ષા, સેવા ગુણવત્તા, ડિજિટલ શાસન, આવક વૃદ્ધિ અને સતત વિકાસ પર નિરંતર કેન્દ્રિત પ્રયાસોથી પરિપૂર્ણ રહ્યું. આખા વર્ષ દરમિયાન પશ્ચિમ રેલવેએ વ્યાપક પાયે સંચાલનને ચોકસાઇ સાથે, વારસાને આધુનિકતા સાથે અને વિકાસને અનુશાસન સાથે સંતુલિત કરવાની પોતાની ક્ષમતાનું સશક્ત પ્રદર્શન કર્યું.

રાષ્ટ્રીય ઉપલબ્ધિઓ અને ઐતિહાસિક પ્રથમ

વર્ષની સૌથી મહત્વપૂર્ણ સિદ્ધિઓમાંની એક એવી રહી કે પશ્ચિમ રેલવેએ તેના સમગ્ર બ્રોડ ગેજ નેટવર્કનું 100% વિદ્યુતીકરણ પ્રાપ્ત કર્યું. આથી પશ્ચિમ રેલવે ભારતીય રેલવે સંપૂર્ણ રીતે વિદ્યુતીકૃત રેલ નેટવર્ક ધરાવતા વિસ્તારોમાં મજબૂતીથી સ્થાપિત થયું છે સતત અને ઊર્જા-કાર્યક્ષમ સંચાલન પ્રત્યે તેનું વચન વધુ મજબૂત બન્યું છે.

એક અન્ય મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે રોલિંગ સ્ટોક વર્કશોપ, દાહોદમાં લોકો મેન્યુફેક્ચરિંગ શોપનું નિર્માણ અને લોકાર્પણ કરવામાં આવ્યું, જે 21,405 કરોડના પરિયોજનાખર્ચથી વિકસાવવામાં આવ્યું છે. આ અદ્યતન એકમનો શિલાન્યાસ માનનીય વડા પ્રધાન દ્વારા કરવામાં આવ્યો હતો અને પરિયોજનાનું કાર્ય વર્ષ 2025માં પૂર્ણ કરવામાં આવ્યું હતું આ અદ્યતન સંયંત્ર 9000 હોર્સ પાવરની ઈલેક્ટ્રિક માલગાડી એન્જિનના નિર્માણ માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેના કારણે ભારતીય રેલવેની માલ વહન ક્ષમતા વધશે અને લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો થશે આ સંયંત્ર "મેક ઇન ઇન્ડિયા" અને "મેક ફોર ધ વર્લ્ડ" પહેલને મજબૂત સમર્થન આપે છે, જેના હેઠળ ભારતીય રેલવે માટે બ્રોડ ગેજ વિદ્યુત લોકોમોટિવ અને નિકાસ માટે સ્ટાન્ડર્ડ ગેજ વિદ્યુત લોકોમોટિવનું નિર્માણ કરવામાં આવશે. આ હરિત ઉત્પાદનના સિદ્ધાંતો પર આધારિત અને હરિત ઊર્જાથી સંચાલિત આ પ્રોજેક્ટે સીધા તેમજ આડકતરી રીતે વિશાળ પ્રમાણમાં રોજગારનું સર્જન કર્યું છે તથા દાહોદ ક્ષેત્રના આર્થિક વિકાસને પણ મજબૂત પ્રોત્સાહન આપ્યું છે.

વર્ષ દરમિયાન, પશ્ચિમ રેલવેએ 234 કિલોમીટર નવી લાઈનો, દોહરીકરણ અને ગેજ પરિવર્તન કાર્ય પૂર્ણ કર્યા, જેનાથી નેટવર્ક ક્ષમતા, પરિચાલન સ્થિતિસ્થાપકતા અને મજબૂતીમાં નોંધપાત્ર વધારો થયો. એક મહત્વપૂર્ણ તકનીકી સિદ્ધિ તરીકે, મિશન રફતાર હેઠળ રતલામ ડિવિઝનના ખાચરૌદ-નાગદા ડબલ લાઈન સેક્શન પર ભારતની પ્રથમ 2+25 કેવી ટ્રેક્શન સિસ્ટમનું સફળતાપૂર્વક કમિશનિંગ કરવામાં આવ્યું, જેનાથી ઉચ્ચ ઝડપે સંચાલન, વધુ સારી ઊર્જા કાર્યક્ષમતા તેમ જ ભવિષ્ય માટે તૈયાર ટ્રેક્શન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુનિશ્ચિત થયું છે.

અવસંરચના વિસ્તરણ અને સુરક્ષા કાર્ય - સંપર્ક, લોજિસ્ટિક્સ અને ક્ષેત્રીય વિકાસમાં પરિવર્તનકારી ભૂમિકા

વર્ષ 2025 દરમિયાન, પશ્ચિમ રેલવેએ મોટા પાયે માળખાકીય સુદ્ઢીકરણ કાર્ય ચાલુ રાખીને સંરક્ષા અને ક્ષમતા વૃદ્ધિની દિશામાં મહત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. આ સમયગાળામાં કુલ 138 રોડ ઓવર બ્રિજ અને અંડર બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું, 114 માનવયુકત સમપાર ક્રોસિંગનું નાબૂદીકરણ કરવામાં આવ્યું અને 660 કિલોમીટર ડબલ્યુ-બીમ ફેન્સિંગ સ્થાપિત કરવામાં આવી, જેનાથી પ્રવાસીઓની સુરક્ષા અને સંચાલન કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થયો છે

વર્ષ 2025 દરમિયાન પશ્ચિમ રેલવે દ્વારા ડબલ લાઈન, ગેજ રૂપાંતર અને વિદ્યુતીકરણ સંબંધિત અનેક ઊંચા પ્રભાવકારી યોજનાઓનું સફળતાપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું, જેના પરિણામે ગુજરાતમાં મુસાફર આવાગમન, માલ વાહન ક્ષમતા તેમજ ક્ષેત્રીય આર્થિક વિકાસને નોંધપાત્ર મજબૂતી મળી. મુખ્ય યોજનાઓમાં આનંદ-ગોધરા રેલ ખંડનું દોહરીકરણ (79 કિ.મી., 693 કરોડ)નો સમાવેશ થાય છે.

જે આનંદ, ખેડા અને પંચમહાલ જિલ્લાઓને આવરી લે છે. તે જ રીતે, મહેસાણા-પાલનપુર રેલ ખંડનું દોહરીકરણ (65.10 કિ.મી., 537 કરોડ), જે બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાઓને આવરી લે છે, દિલ્હી-અમદાવાદ રાજધાની માર્ગ પર બાકી રહેલી છેલ્લી સિંગલ લાઈન ના અંતરને દૂર કરનાર એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ રહ્યો છે.

રાજકોટ- હડમતીયા ખંડનું દોહરીકરણ (39 કિમી, 377 કરોડ), જે રાજકોટ-કાનાલૂસ દોહરીકરણ પ્રોજેક્ટ (111 કિમી)નો ભાગ છે, રાજકોટ જિલ્લામાં રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કર્યું છે. તેની સાથે, ગાંધીનગર અને મહેસાણા જિલ્લાઓને આવરી લેતા કાલોલ-કડી-કટોસણ રોડ રેલ ખંડનું ગેજ પરિવર્તન સહિત વિદ્યુતીકરણ (37 કિમી, 347 કરોડ) એક મહત્વપૂર્ણ સિદ્ધિ રહી છે. મહેસાણા, પાટણ અને અમદાવાદના આકાંક્ષી જિલ્લાઓને આવરી લેતા બેચરાજી-રણુજ રેલ ખંડનું ગેજ પરિવર્તન (40 કિમી, 520 કરોડ) રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ અને પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનને અનુરૂપ કરવામાં આવ્યું છે . સાથે સાથે, સાબરમતી-બોટાદ રેલ ખંડનું વિદ્યુતીકરણ (106 કિમી, 333 કરોડ) પૂર્ણ થતાં ગુજરાતમાં રેલ નેટવર્કનું 100% વિદ્યુતીકરણ સુનિશ્ચિત થયું છે.

સમગ્ર રીતે, આ પ્રોજેક્ટોએ રેલ નેટવર્કમાં રહેલી અડચણો દૂર કરી છે, ભીડભાડ તેમજ ટ્રેનોની અનાવશ્યક રોકને ઘટાડીને મુખ્ય રેલ કોરિડોર પર મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઓછો કર્યો છે. પરિણામે સંચાલનમાં વધુ સ્થિતિસ્થાપકતા આવી છે અને વધારાની મુસાફર તથા માલગાડીઓના સંચાલન માટે માર્ગ પ્રસસ્ત થયો છે. આ અવસંરચના મજબૂતીકરણથી મલ્ટીમોડલ લોજિસ્ટિક્સને બળ મળ્યું છે, પરિવહન ખર્ચમાં ઘટાડો થયો છે, પુરવઠા શ્રેણીની કાર્યક્ષમતામાં સુધારો થયો છે અને ઓટોમોબાઈલ, ઔદ્યોગિક, કૃષિ તથા ઉત્પાદન ક્ષેત્રોને મહત્વપૂર્ણ આધાર પ્રાપ્ત થયો છે. સાથે સાથે, પર્યાવરણને અનુકૂળ રેલ સંચાલનને પ્રોત્સાહન મળ્યું છે તેમજ પ્રાદેશિક વિકાસ, રોજગાર સર્જન અને અમદાવાદ, રાજકોટ, જામનગર, દ્વારકા તથા ભાવનગર જેવા મુખ્ય શહેરી કેન્દ્રો સુધી વધુ સારો જોડાણ સુનિશ્ચિત થયું છે.

પરિચાલન ઉત્તમતા અને સમયપાલનમાં નેતૃત્વ

વર્ષ 2025 દરમિયાન પશ્ચિમ રેલવેએ સમયપાલનના ક્ષેત્રમાં અસાધારણ પ્રદર્શન નોંધાવ્યું અને ભારતીય રેલવેની શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ઝોનલ રેલવે તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું. મેઈલ/એક્સપ્રેસ ટ્રેનોની સમયપાલનતા સમગ્ર સિસ્ટમમાં સર્વોચ્ચ સ્તરે રહી, જેમાં નવેમ્બર 2025માં લગભગ 97% સમયપાલનતા અને નવેમ્બર સુધીની સંચિત અવધિમાં લગભગ 96% સમયપાલનતા નોંધાઈ, જે તમામ ઝોનલ રેલવેમાં શ્રેષ્ઠ રહી.

આ નોંધપાત્ર સિદ્ધિ ભારે ચોમાસાની પરિસ્થિતિઓ, અત્યંત સઘન ઉપનગરીય રેલ સંચાલન, વિશાળ પાયે ઉત્સવ વિશેષ ટ્રેનોના સંચાલન તેમજ સતત ચાલી રહેલા અવસંરચના કાર્યો છતાં હાંસલ કરવામાં આવી. આ પ્રદર્શન પશ્ચિમ રેલવેની મજબૂત પરિચાલન યોજના, વાસ્તવિક સમયની અસરકારક દેખરેખ અને શિસ્તબદ્ધ નિયંત્રણ પ્રણાલીની શક્તિ દર્શાવે છે.

મુંબઈ ઉપનગરીય રેલ નેટવર્ક - ભારતની જીવનરેખા

પશ્ચિમ રેલવેનું મુંબઈ ઉપનગરીય રેલ નેટવર્ક ફરી એકવાર પોતાની મજબૂતી અને વિશ્વસનીયતાનું પ્રમાણ આપતું મુંબઈની જીવનરેખા તરીકે સેવા આપતું રહ્યું, જે દરરોજ 30 લાખથી વધુ મુસાફરોની જરૂરિયાતોને પૂર્ણ કરે છે. ચોમાસા દરમિયાન ભારે વરસાદની ઘટનાઓ છતાં, સઘન પૂર્વ-ચોમાસા આયોજન, સંપત્તિઓની ઉત્તમ તૈયારી અને ઝડપી પ્રતિસાદ પ્રણાલીના કારણે ઉપનગરીય સેવાઓ મોટાભાગે નિરવધિ રીતે સંચાલિત થતી રહી.

પ્રમુખ મુસાફર સેવા વિસ્તરણ અને વધતી માંગનું અસરકારક પ્રબંધન

વર્ષ 2025 દરમિયાન નવી નિયમિત રેલ સેવાઓની શરૂઆત તથા વધતી અને મોસમી મુસાફરીની માંગને પૂર્ણ કરવા માટે વિશાળ પાયે સ્પેશિયલ ટ્રેનોના સંચાલન દ્વારા મુસાફર જોડાણમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો. પરિણામે મુસાફરોને વધુ સુવિધા, વધુ વિકલ્પો અને સરળ અવરજવર સુનિશ્ચિત થઈ.

એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે ઉધના જંકશન (ગુજરાત) અને બ્રહ્મપુર (ઓડિશા) વચ્ચે અમૃત ભારત એક્સપ્રેસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પશ્ચિમ રેલવે તથા ગુજરાતની પ્રથમ અમૃત ભારત એક્સપ્રેસ છે, જેણે પશ્ચિમ ભારત અને પૂર્વીય તટ વચ્ચેની કિફાયતી લાંબા અંતરની રેલ જોડાણ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી છે।

આ ઉપરાંત, પ્રાદેશિક આવાગમનને મજબૂત બનાવવા માટે નવી MEMU સેવાઓની શરૂઆત કરવામાં આવી. તેમજ ભાવનગર-અયોધ્યા વચ્ચેની નવી રેલ સેવાને માનનીય રેલ મંત્રી, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી તથા માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા લીલી ઝંડી બતાવીને રવાના કરવામાં આવી, જેના કારણે તીર્થયાત્રીઓ અને મુસાફરો માટે લાંબા અંતરની રેલ જોડાણ સુવિધાનો વધુ વિસ્તાર થયો છે।

મુસાફરીની વધતી માંગનું અસરકારક સંચાલન કરવા તથા નિયમિત સેવાઓને પૂરક સહયોગ આપવા માટે પશ્ચિમ રેલવેએ વર્ષ 2025 દરમિયાન આશરે 7000 ફેરા હોલિડે સ્પેશિયલ ટ્રેનો તરીકે સંચાલિત કર્યા. આ ટ્રેનો ઉનાળાની રજા, ગણપતિ, દિવાળી-છઠ તેમજ ક્રિસમસ/નવવર્ષ દરમિયાન વિવિધ તબક્કાઓમાં ચલાવવામાં આવી. સાથે સાથે, અસ્થાયી તથા કાયમી ધોરણે ટ્રેનોમાં વધારાના કોચ પણ જોડવામાં આવ્યા.

# અમદાવાદ મંડળના આદરજ મોટી-વિજાપુર રેલખંડનું ગેજ પરિવર્તન કાર્ય પૂર્ણ

**અમદાવાદ, તા. 29**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના આદરજ મોટી-વિજાપુર રેલખંડ (39.75 કિમી)નું ગેજ પરિવર્તન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ખંડ હવે મીટર ગેજમાંથી બ્રોડ ગેજમાં પરિવર્તિત થઈ આધુનિક, સુરક્ષિત અને કુશળ રેલ સંચાલન માટે સંપૂર્ણ રીતે છે. આ ખંડનું સંરક્ષા નિરીક્ષણ (સેફ્ટી ઈન્સ્પેક્શન) રેલ સંરક્ષા આયુક્ત (CRS), પશ્ચિમ સર્કલ દ્વારા 29 અને 30 ડિસેમ્બર, 2025ના રોજ કરવામાં આવશે.

આદરજ મોટી-વિજાપુર રેલખંડ અમદાવાદ મંડળની આદરજ મોટી-વિજાપુર-અંબલિયાસન ગેજ પરિવર્તન યોજનાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ યોજનાને વર્ષ 2022-23માં સ્વીકૃતિ આપવામાં આવી હતી.યોજનાનો અંદાજિત ખર્ચ રૂ. 417.53 કરોડ છે, જેને 17.05.2022ના રોજ સ્વીકૃતિ આપવામાં આવી હતી.

આ રેલખંડમાં કુલ 01 મેજર બ્રિજ, 44 માઈનર બ્રિજ તથા 35 રોડ અન્ડર બ્રિજ (RUB)નું નિર્માણ કરવામાં આવ્યું છે તથા આ રેલખંડમાં આદરજ મોટી, રાંધેજા, ઉનાવા-વાસન, મકાખડ, લોદરા અને વિજાપુર સ્ટેશનોનો સમાવેશ થાય છે.

આ બ્રોડ ગેજ ખંડમાં 60 કિગ્રાના નવા રેલ પેનલ પાથરવામાં આવ્યા છે. આદરજ મોટી અને વિજાપુર સ્ટેશનો પર સ્ટાન્ડર્ડ-II ઈન્ટરલોકિંગ સિસ્ટમ તથા મલ્ટિપલ એસ્પેક્ટ કલર લાઈટ સિગ્નલિંગ (MACLS) સ્થાપિત કરવામાં આવી છે, જેના પરિણામે ટ્રેનોના સંચાલનમાં સંરક્ષા, સમયપાલન અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થશે.ગેજ પરિવર્તન બાદ આ માર્ગ દ્વારા મુસાફરોને દેશના મુખ્ય રેલવે સ્ટેશનો અને મોટા શહેરો સાથે સીધી બ્રોડ ગેજ કનેક્ટિવિટી પ્રાપ્ત થશે.

આદરજ મોટી હાલમાં મોજૂદ એક દ્વિ-ગેજ જંકશન સ્ટેશન છે, જ્યાંથી આદરજ મોટી-ગાંધીનગર-અમદાવાદ (બ્રોડ ગેજ) તથા આદરજ મોટી-કડી-કટોસણ (બ્રોડ ગેજ) લાઈનો જોડાયેલી છે. ગેજ પરિવર્તન પૂર્વે આદરજ મોટી-વિજાપુર એક અલગ મીટર ગેજ ખંડ હતો, જે હવે બ્રોડ ગેજમાં રૂપાંતરિત થઈ એકીકૃત રેલ નેટવર્કનો ભાગ બન્યો છે.

આ ગેજ પરિવર્તન યોજનાથી આદરજ મોટી-વિજાપુર વચ્ચે એકીકૃત બ્રોડ ગેજ રેલ પ્રણાલી ઉપલબ્ધ થશે. તેના કારણે વિસ્તારમાં રોજગારના નવા અવસરો સર્જાશે, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસને વેગ મળશે તેમજ પર્યાવરણ-અનુકૂળ, સતત અને ઝડપી રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે. ઉત્તમ પરિવહન સુવિધાઓથી દૈનિક યાત્રીઓ, પ્રવાસીઓ અને વ્યાપારિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે, જેના કારણે પ્રાદેશિક આર્થિક એકીકરણ વધુ મજબૂત બનશે.

સંરક્ષા નિરીક્ષણ પૂર્ણ થયા બાદ આ માર્ગ પર ટ્રેનોનું સંચાલન શરૂ કરી શકાશે. નવા બ્રોડ ગેજ જોડાણથી ભવિષ્યમાં નવી યાત્રી તથા માલગાડીઓના સંચાલનની સંભાવનાઓ પણ વધશે. આથી ઉત્તર ગુજરાતના ગ્રામિણ અને ઔદ્યોગિક વિસ્તારોને વધુ સારી રેલ કનેક્ટિવિટી મળશે, મુસાફરીનો સમય ઘટશે અને પ્રદેશના વેપાર, ઉદ્યોગ અને કૃષિને નવી ગતિ મળશે.

# 30 ડિસેમ્બર 2025ના રોજ આદરજ મોટી-વિજાપુર રેલ ખંડ પર સ્પીડ ટ્રાયલ, દરેક ને રેલવે પાટા પરથી સુરક્ષિત અંતર જાળવવાની અપીલ

**અમદાવાદ, તા. 29**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના આદરજ મોટી-વિજાપુર રેલ ખંડ (39.75 કિમી)નું ગેજ પરિવર્તન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ખંડ હવે મીટર ગેજમાંથી બ્રોડ ગેજમાં પરિવર્તિત થઈ આધુનિક, સુરક્ષિત અને કાર્યક્ષમ રેલ સંચાલન માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ ખંડનું સુરક્ષા નિરીક્ષણ (સેફ્ટી ઈન્સ્પેક્શન) રેલ સુરક્ષા કમિશનર (CRS), પશ્ચિમ સર્કલ દ્વારા 29 અને 30 ડિસેમ્બર 2025ના રોજ કરવામાં આવી રહ્યું છે.

આદરજ મોટી-વિજાપુર સેકશનમાં નવી પરિવર્તિત બ્રોડ ગેજ રેલવે લાઈન પર તારીખ 30 ડિસેમ્બર 2025ના રોજ 120 કિમી પ્રતિ કલાકની ગતિએ સ્પીડ ટ્રાયલ કરવામાં આવશે.

આમ જનતા, મજૂરો, ખેડૂતો અને સ્થાનિક નિવાસીઓને વિશેષ વિનંતી છે કે તેઓ રેલવે ટ્રેકની નજીક ન જાય, કોઈપણ પરિસ્થિતિમાં ટ્રેક પાર ન કરે તથા બાળકો અને પશુઓને રેલ લાઇનથી દૂર રાખે.

આ રેલ ખંડમાં કુલ 01 મેજર બ્રિજ, 44 માઈનર બ્રિજ અને 35 રોડ અંડર બ્રિજ (RUB)નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ રેલ ખંડમાં આદરજ મોટી, રાંધેજા, ઉનાવા-વાસન, મકાખડ, લોદરા અને વિજાપુર સ્ટેશનો સામેલ છે. ગેજ પરિવર્તન બાદ ટ્રેનોના સંચાલનમાં સંરક્ષા, સમયપાલન અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થશે. આ માર્ગ દ્વારા યાત્રીઓને દેશના મુખ્ય રેલવે સ્ટેશનો અને મોટા શહેરો સાથે સીધી બ્રોડ ગેજ કનેક્ટિવિટી પ્રાપ્ત થશે.

આદરજ મોટી હાલ એક વર્તમાન દ્વિ-ગેજ જંકશન સ્ટેશન છે, જ્યાંથી આદરજ મોટી-ગાંધીનગર-અમદાવાદ(બ્રોડ ગેજ)અને આદરજ મોટી-કડી-કટોસણ (બ્રોડ ગેજ) લાઈનો જોડાયેલી છે. ગેજ પરિવર્તન પહેલાં આદરજ મોટી-વિજાપુર એક અલગ મીટર ગેજ ખંડ હતો, જે હવે બ્રોડ ગેજમાં પરિવર્તિત થઈ એકીકૃત રેલ નેટવર્કનો ભાગ બની ગયો છે.

# બાવળાના ધનવાડા ક્લસ્ટર ખાતે યોજાયેલી રવિ કૃષિ તાલીમ અને પ્રેરણા પ્રવાસનો 90 ખેડૂતોએ લાભ લીધો

**અમદાવાદ, તા. 29**

બાવળા તાલુકાના ધનવાડા ક્લસ્ટર ખાતે 'રવિ કૃષિ તાલીમ' અંતર્ગત ખેડૂતો માટે એક વિશેષ પ્રેરણા પ્રવાસ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. નોન મિશન ક્લસ્ટર હેઠળ જિલ્લા અંદર યોજાયેલા આ કાર્યક્રમમાં આધુનિક ખેતી પદ્ધતિઓ અને રવિ પાકના વ્યવસ્થાપન અંગે ખેડૂતોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ તાલીમમાં ધનવાડા અને આસપાસના વિસ્તારના કુલ 90 જેટલા ઉત્સાહી ખેડૂતોએ હાજર રહીને ખેતીલક્ષી અદ્યતન જાણકારી મેળવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ટી.પી.એમ. સુશ્રી ઝરણા ચાવડા અને એગ્રી આસિસ્ટન્ટ સુશ્રી સેજલ ચૌહાણ દ્વારા ખેડૂતોને રવિ સીઝન દરમિયાન લેવામાં આવતા પાકોની માવજત, ખાતર વ્યવસ્થાપન અને જીવાત નિયંત્રણ અંગે ટેકનિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અધિકારીઓએ ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરી ઓછી મહેનતે વધુ ઉત્પાદન કેવી રીતે મેળવવું તે વિશે સમજણ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંકલન સી.આર.પી. શ્રી દશરથભાઈ તથા કે.એસ. સુશ્રી ગુલાબબહેન દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રેરણા પ્રવાસના ભાગરૂપે યોજાયેલી આ તાલીમમાં ખેડૂતોએ પોતપોતાના ખેતી વિષયક પ્રશ્નો અને મૂંઝવણો રજૂ કરી હતી, જેનું નિષ્ણાતો દ્વારા સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

# હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી' અને 'વોકલ ફોર લોકલ' મંત્રને ચરિતાર્થ કરતી દાહોદ જિલ્લાના ગુરુ ગોવિંદ – લીમડીના રણીયાર ગામની બહેનો

**ઝાલોદ, તા. 29**

દાહોદ જિલ્લામાં લીમડી તાલુકાના રણીયાર ગામ ખાતે "જય બ્રહ્માણીમાં WSHG" સ્વસહાય જૂથ દ્વારા ગામની જ ૨૨ જેટલી બહેનોને માટીકામ થકી રોજગારી મળી રહી છે. આ જૂથની વાત કરીએ તો, માટીકામ થકી અહી ગામની જ બહેનો દ્વારા વિવિધ પ્રકારની ડિઝાઈન અને આકારમાં કોડીયા, દીવા, અગરબત્તી સ્ટેન્ડ, ફૂલદાની, દહીં હાંડી, બિરયાની હાંડી, ગલ્લા, કુલ્હડ, વાડકી તેમજ ફૂલછોડ માટેના પોટ જેવી અનેકવિધ વસ્તુઓ બનાવવામાં આવે છે. સ્વસહાય જૂથના પ્રમુખશ્રી પ્રજાપતિ લક્ષ્મીબેન જણાવે છે કે, ગામની વિધવા તેમજ જરૂરીયાતમંદ બહેનોને એમાંથી આર્થિક મદદ મળી રહી છે. આ બહેનોને કામ ચાલુ કર્યા પહેલા ૧ મહિના સુધી સતત તાલીમ આપી માટીકામ શીખવવામાં આવ્યું હતું. ગાંધીનગરથી આ તાલીમ લેવામાં આવી હતી. મને પણ માટીકામમાં રસ છે. છેલ્લા ૬ મહિનાથી બહેનો પણ સતત ઘણું સારું કામ કરી રહી છે. બહેનોને દિવસના રૂપિયા ૩૫૦ ની રોજગારી મળે છે. સવારના ૯ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તેઓનો કામ પ્રત્યેનો ઉત્સાહ મને આ કામમાં હજી કઈ નવું અને વધુ કરવાની પ્રેરણા આપે છે. માટીની વસ્તુઓ બનાવવા સ્થાનિક માટી સાથે મોરબીથી લાલ માટી પણ મંગાવવામાં આવે છે. માટી ગાળવા, ગુંદણ માટે, માટી ચાળવા, દાણા પાડવા માટેના એમ વિવિધ પ્રકારના મશીનો થકી કામગીરી કરવામાં આવી રહી છે. આ તમામ મશીનો ગામની આ બહેનો સરળતાથી ઓપરેટ કરી રહી છે. હા, ૩ જેટલા ભાઈઓ પણ આ કામમાં જોડાયા છે, જેથી હાર્ડ વર્ક કરવામાં બહેનોની મદદ થઈ રહે છે. આ ભાઈઓ પણ બહેનોની સાથે જ કામગીરી કરી રહ્યા છે. તેઓ મશીન ઓપરેટ કરવાથી માંડીને જો કઈ નાનું-મોટું રીપેરીંગ કાર્ય હોય તો તેઓ જાતે જ કરે છે. અમારે વસ્તુઓનું વેચાણ કરવા બજાર સુધી લાંબા થવું પડતું નથી, એમ કહેતાં પ્રજાપતિ લક્ષ્મીબેન વધુમાં જણાવે છે કે, દાહોદ સહિત અમદાવાદથી પણ અમને ઓર્ડર મળે છે, એ મુજબ અમે જથ્થામાં વેચાણ કરીએ છીએ. એ સાથે આસપાસના અમુક નાના-મોટા ધંધાદારીઓ પણ અમારી પ્રોડક્ટ લઈ જઈને બજારમાં વેચે છે. આ કામગીરી કરવા માટે બહેનોને દિવસના ૩૫૦ રૂપિયા મળે છે.

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં અમદાવાદના કલ્કી તીર્થધામ ખાતે 'ક્રીડા ભારતી'ના રાષ્ટ્રીય અધિવેશનનું સમાપન

## ગુજરાત સ્પોર્ટ્સ ક્ષેત્રે વૈશ્વિક હબ બનવા સજ્જ; ખેલ મહાકુંભ ૨૦૨૫માં રેકોર્ડબ્રેક ૭૩ લાખ ખેલાડીઓની ભાગીદારી : નાયબ મુખ્યમંત્રી

**અમદાવાદ, તા. 29**

અમદાવાદના શ્રી કલ્કી તીર્થધામ, પ્રેરણપીઠ ખાતે આયોજિત 'ક્રીડા ભારતી'ના ત્રિ-દિવસીય પાંચમા રાષ્ટ્રીય અધિવેશનનો સમાપન સમારોહ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ગરિમામય ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે તેમણે સંસ્થાની કામગીરીની પ્રશંસા કરતા જણાવ્યું કે ક્રીડા ભારતી માત્ર ખેલાડીઓ જ નહીં, પરંતુ દેશપ્રેમના સંસ્કારો દ્વારા શ્રેષ્ઠ ભાવિ નાગરિકો તૈયાર કરવાનું ભગીરથ કાર્ય કરી રહી છે.તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા ખેલ મહાકુંભના પરિણામે આજે છેવાડાના ખેલાડીઓને પ્લેટફોર્મ મળ્યું છે. વર્ષ ૨૦૨૫માં આ આયોજનમાં કુલ ૭૩ લાખ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. રાજ્યના ખેલાડીઓને સ્પોર્ટ્સ ઈન્જરી માટે વિદેશ ન જવું પડે તે હેતુથી ગુજરાતમાં AI અને સંશોધન આધારિત અત્યાધુનિક 'સ્પોર્ટ્સ મેડિસિટી' વિકસાવવામાં આવી રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું.શ્રી સંઘવીએ કહ્યું કે ગુજરાતે નેશનલ ગેમ્સનું આયોજન માત્ર ૧૦૦ દિવસમાં કર્યું હતું. તાજેતરમાં જ લોકાર્પણ કરવામાં આવેલા અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કોમનવેલ્થ વેઈટ લિફ્ટિંગ અને એશિયન એક્વેટિક્સ જેવી સ્પર્ધાઓનું સફળ આયોજન પણ કરવામાં આવ્યું છે. ત્યારે આગામી સમયમાં યોજાનારી કોમનવેલ્થ ટૂર્નામેન્ટના આયોજન માટે અમદાવાદ-ગુજરાત સજ્જ છે. તેમણે ઉપસ્થિત તમામ ખેલાડીઅને





અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની અચૂક મુલાકાત લેવા આમંત્રણ પણ પાઠવ્યું હતું.યુવા શક્તિમાં આત્મવિશ્વાસ, ખેલભાવના અને દેશભક્તિ વિકસાવવા માટે આ પ્રકારના આયોજનો અત્યંત મહત્ત્વના સાબિત થશે તેમ જણાવતાં શ્રી સંઘવીએ કહ્યું કે ગુજરાત પણ નશામુક્ત, સ્વસ્થ અને અનુશાસનબદ્ધ સમાજના નિર્માણ માટેના સંકલ્પ સાથે સતત પ્રયત્નશીલ છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભારતીય સંસ્કૃતિની પરંપરાગત રમતોને જાળવી રાખવા બદલ ક્રીડા ભારતીના પ્રયાસોને બિરદાવ્યા હતા અને રાજ્ય સરકાર તરફથી તમામ શક્ય સહાયની ખાતરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઓનલાઈન ક્રીડા જ્ઞાન પરીક્ષાના વિજેતાઓને પારિતોષિકના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ સરકાર્યવાહ શ્રી આલોક કુમારજીએ વ્યાયામ અને રમતગમતને ભારતીય પરંપરાનું અભિન્ન અંગ ગણાવ્યું હતું. અખાડાઓ શારીરિક સજ્જતાનું કેન્દ્ર રહ્યા છે. આ પ્રસંગે મહામંત્રી રાજ ચૌધરીએ ક્રીડા ભારતીના ત્રિદિવસીય અધિવેશનમાં કરવામાં આવેલી ચર્ચાઓ અને પરિસંવાદો વિશે માહિતી આપી હતી. તેમણે આ ત્રણ દિવસ દરમિયાનની ચર્ચાઓ અને સંવાદોનું નવનીત અન્ય કાર્યકર્તાઓ સુધી પહોંચાડીને તેમનો ઉત્સાહ વધારવાનું સૂચન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધ્યક્ષ ગોપાલજી સૈની, મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી ચૈતન્યજી કશ્યપ સહિત વિવિધ પ્રાંતના પદાધિકારીઓ, પ્રશિક્ષકો અને સ્વયંસેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભારતીય સંસ્કૃતિની પરંપરાગત રમતોને જાળવી રાખવા બદલ ક્રીડા ભારતીના પ્રયાસોને બિરદાવ્યા હતા અને રાજ્ય સરકાર તરફથી તમામ શક્ય સહાયની ખાતરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઓનલાઈન ક્રીડા જ્ઞાન પરીક્ષાના વિજેતાઓને પારિતોષિકના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક

સંઘના સહ સરકાર્યવાહ શ્રી આલોક કુમારજીએ વ્યાયામ અને રમતગમતને ભારતીય પરંપરાનું અભિન્ન અંગ ગણાવ્યું હતું. અખાડાઓ શારીરિક સજ્જતાનું કેન્દ્ર રહ્યા છે. આ પ્રસંગે મહામંત્રી રાજ ચૌધરીએ ક્રીડા ભારતીના ત્રિદિવસીય અધિવેશનમાં કરવામાં આવેલી ચર્ચાઓ અને પરિસંવાદો વિશે માહિતી આપી હતી. તેમણે આ ત્રણ દિવસ દરમિયાનની ચર્ચાઓ અને સંવાદોનું નવનીત અન્ય કાર્યકર્તાઓ સુધી પહોંચાડીને તેમનો ઉત્સાહ વધારવાનું સૂચન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધ્યક્ષ ગોપાલજી સૈની, મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી ચૈતન્યજી કશ્યપ સહિત વિવિધ પ્રાંતના પદાધિકારીઓ, પ્રશિક્ષકો અને સ્વયંસેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઈન્ડિયન વુમન્સ ટીમે ચોથી T20I 30 રનથી જીતી : શેફાલી અને મંધાનાની 162 રનની પાર્ટનરશિપ

## ભારતીય ટીમે પ્રથમ ત્રણ ટી20 મેચ જીતીને સિરીઝમાં 3-0ની અજેય લીડ મેળવી છે

**તિરુવનંતપુરમ, તા. 29**

રવિવારે ભારતીય મહિલા ટીમે શ્રીલંકાને પોતાનો સર્વોચ્ચ T20I સ્કોર બનાવીને હરાવ્યું. ટીમે ચોથી મેચ 30 રનથી જીતી. શ્રીલંકાએ તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ સ્ટેડિયમમાં બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતે 221 રન બનાવ્યા, જેમાં શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાનાએ 162 રનની ઓપનિંગ ભાગીદારી કરી. મોટા લક્ષ્યનો સામનો કરી રહેલા શ્રીલંકાના કેપ્ટન ચમારી અતાપટ્ટુએ ફિફ્ટી ફટકારી, પરંતુ ટીમ ફક્ત 191 રન જ બનાવી શકી. આ શ્રીલંકાનો T20Iમાં શ્રેષ્ઠ સ્કોર રહ્યો. ભારત માટે વૈષ્ણવી શર્મા અને અરુંધતી રેડ્ડીએ બે-બે વિકેટ લીધી. ચોથી મેચ જીતીને, ભારતે સિરીઝમાં 4-0ની અજેય લીડ મેળવી. પાંચમી મેચ 30 ડિસેમ્બરે તિરુવનંતપુરમમાં રમાશે. ઓપનર સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માની અડધી સદીની મદદથી ભારતે 2 વિકેટે 221 રન બનાવ્યા. શેફાલીએ શ્રેણીમાં સતત ત્રીજી અડધી સદી ફટકારી, જેમાં તેણે 79 રન બનાવ્યા. મંધાનાએ 35 બોલમાં અડધી સદી પૂરી કરી અને 80 રન બનાવીને આઉટ થઈ ગઈ. આ ઈનિંગ સાથે, મંધાનાએ 10,000 આંતરરાષ્ટ્રીય રન પણ પૂર્ણ કર્યા, અને આ સિદ્ધિ મેળવનારી ચોથી મહિલા ક્રિકેટર બની.રિચા ઘોષે 16 બોલમાં અણનમ 40 રન બનાવ્યા. જેમાં તેણે 79 રન બનાવ્યા.



મંધાનાએ 35 બોલમાં અડધી સદી પૂરી કરી અને 80 રન બનાવીને આઉટ થઈ ગઈ. આ ઈનિંગ સાથે, મંધાનાએ 10,000 આંતરરાષ્ટ્રીય રન પણ પૂર્ણ કર્યા, અને આ સિદ્ધિ મેળવનારી ચોથી મહિલા ક્રિકેટર બની.રિચા ઘોષે 16 બોલમાં અણનમ 40 રન બનાવ્યા. કેપ્ટન હરમનપ્રીત કૌર 10 બોલમાં 16 રન બનાવીને અણનમ રહી. ભારતીય ટીમે પ્રથમ ત્રણ ટી20 મેચ જીતીને સિરીઝમાં 3-0ની અજેય લીડ મેળવી છે. ટીમે બે મેચ 8 વિકેટે અને એક મેચ 7 વિકેટે જીતી. ભારતની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ 10 હજાર ઈન્ટરનેશનલ રન પૂરા કરી લીધા છે. તેણે સાતમી ઓવરમાં સિંગલ લઈને આ રેકોર્ડ બનાવ્યો. તે આવું કરનારી ચોથી જ મહિલા ક્રિકેટર બની છે. તેની પહેલા ભારતની જ મિતાલી રાજ, ન્યૂઝીલેન્ડની સૂઝી બેટ્સ અને ઈંગ્લેન્ડની શાર્લોટ એડવર્ડ્સ જ આવું કરી શકી છે. મિતાલી 10,868 રન સાથે વુમન્સ ક્રિકેટની ટૉપ સ્કોરર છે. ઈન્ડિયન ઈનિંગની 11મી ઓવરમાં શેફાલી વર્માએ ચોગ્ગો ફટકારીને 30 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી લીધી. તેણે નિમાષા મદુશાની સામે ઓવરના ત્રીજા બોલ પર છગ્ગો પણ ફટકાર્યો. શેફાલી વર્માએ આ T20 સિરીઝમાં સતત ત્રીજી ફિફ્ટી ફટકારી છે. ટીમે બે મેચ 8 વિકેટે અને એક મેચ 7 વિકેટે જીતી. ભારતની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ 10 હજાર ઈન્ટરનેશનલ રન પૂરા કરી લીધા છે. તેણે સાતમી ઓવરમાં સિંગલ લઈને આ રેકોર્ડ બનાવ્યો. તે આવું કરનારી ચોથી જ મહિલા ક્રિકેટર બની છે. તેની પહેલા ભારતની જ મિતાલી રાજ, ન્યૂઝીલેન્ડની સૂઝી બેટ્સ અને ઈંગ્લેન્ડની શાર્લોટ એડવર્ડ્સ જ આવું કરી શકી છે. મિતાલી 10,868 રન સાથે વુમન્સ ક્રિકેટની ટૉપ સ્કોરર છે. ઈન્ડિયન ઈનિંગની 11મી ઓવરમાં શેફાલી વર્માએ ચોગ્ગો ફટકારીને 30 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી લીધી. તેણે નિમાષા મદુશાની સામે ઓવરના ત્રીજા બોલ પર છગ્ગો પણ ફટકાર્યો. શેફાલી વર્માએ આ T20 સિરીઝમાં સતત ત્રીજી ફિફ્ટી ફટકારી છે.

## ટી-20 મેચમાં 8 વિકેટ લેવાનો વર્લ્ડ રેકોર્ડ બન્યો : ભૂતાનના સ્પિનરે મ્યાનમાર સામે કમાલ કરી

**મુંબઈ તા. 29**

ભૂતાનનો ઓફ સ્પિનર સોનમ યેશેએ ઈતિહાસ રચ્યો છે. 22 વર્ષીય સોનમ ટી-20 ક્રિકેટની એક મેચમાં 8 વિકેટ લેનાર વિશ્વનો પ્રથમ બોલર બન્યો છે. યેશેએ પોતાના કોટાના ચાર ઓવરમાં 7 રન આપીને 8 વિકેટ લીધી હતી. જેમાં એક મેડન ઓવર પણ સામેલ હતી. તેની ઈકોનોમી માત્ર 1.75 રહી હતી. સોનમે 26 ડિસેમ્બરે ગેલેફુમાં મ્યાનમાર સામે રમાયેલી ત્રીજી ટી-20 ઈન્ટરનેશનલ મેચમાં 8 વિકેટ ઝડપી હતી. ભૂતાન ક્રિકેટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું- 'આ એક યાદગાર સ્પેલ છે.



## ગૌતમ ગંભીર પર લટકતી તલવાર!:ટીમના ખરાબ પર્ફોર્મન્સથી હેડ કોચની થશે હકાલપટ્ટી, ગંભીરની જગ્યા લેશે VVS લક્ષ્મણ?; BCCIનો ખુલાસો



**મુંબઈ તા. 29**

ગૌતમ ગંભીર જ ભારતના ટેસ્ટ કોચ બની રહેશે. BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ સ્પષ્ટ કર્યું છે કે ટેસ્ટ ટીમના નવા કોચ તરીકે VVS લક્ષ્મણનો સંપર્ક કરવામાં આવ્યો હોવાના સમાચાર સંપૂર્ણપણે ખોટા અને પાયાવિહોણા છે. તેમણે કહ્યું કે બોર્ડે ટેસ્ટ ટીમના લીડરશિપ ગ્રુપમાં ફેરફાર કરવા અંગે કોઈ નિર્ણય લીધો નથી. દેવજીત સૈકિયાએ ANI સાથેની વાતચીતમાં કહ્યું, આ સમાચાર સંપૂર્ણપણે તથ્યહીન છે. કેટલાક પ્રતિષ્ઠિત મીડિયા સંસ્થાનો પણ તેને ચલાવી રહ્યા છે, પરંતુ તેમાં કોઈ સત્ય નથી. BCCI તેનો સીધો ખંડન કરે છે. આ માત્ર કલ્પના પર આધારિત સમાચાર છે. લક્ષ્મણને કોચ બનાવ્યા હોવાના સમાચાર તાજેતરના દિવસોમાં ઘણા મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે ટેસ્ટ ટીમના ખરાબ પ્રદર્શન પછી VVS લક્ષ્મણને આગામી ટેસ્ટ કોચ બનાવી શકાય છે. આ અટકળો એવા સમયે સામે આવી, જ્યારે ભારતને ઘરઆંગણે સાઉથ આફ્રિકા સામે 2-0થી ટેસ્ટ સિરીઝ ગુમાવવી પડી હતી. આ પહેલા ન્યૂઝીલેન્ડ સામે પણ ટીમને 0-3થી હારનો સામનો કરવો પડ્યો હતો. આ તસવીર 2022ની છે. તે સમયે હેડ કોચ રાહુલ દ્રવિડની ગેરહાજરીમાં VVS લક્ષ્મણે ભારતીય ટીમના હેડ કોચની જવાબદારી સંભાળી હતી. આ તસવીર 2022ની છે. તે સમયે હેડ કોચ રાહુલ દ્રવિડની ગેરહાજરીમાં VVS લક્ષ્મણે ભારતીય ટીમના હેડ કોચની જવાબદારી સંભાળી હતી. વન-ડે-T20માં ભારતનું પ્રદર્શન મજબૂત ટેસ્ટ ક્રિકેટમાં તાજેતરની નિષ્ફળતાઓથી વિપરીત, લિમિટેડ ઓવર્સમાં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન મજબૂત રહ્યું છે. ગૌતમ ગંભીરની કોચિંગ હેઠળ ભારતે ICC ચેમ્પિયન્સ ટ્રોફી અને એશિયા કપ T20 એક પણ મેચ હાર્યા વિના જીત્યા.





## એપી ઢિલ્લોંએ 'થોડી સી દારૂ' સાથે તારા સુતરિયાને કિસ કરી

■ કોન્સર્ટમાં સંજય દત્તની સરપ્રાઈઝ એન્ટ્રી : સિંગરે સ્ટેજ પર એક્ટરના ચરણ સ્પર્શ્યા કર્યાં

**મુંબઈ તા. 29**

મુંબઈમાં શુક્રવારે સિંગર એપી ઢિલ્લોંના કોન્સર્ટ શોમાં બોલિવૂડ એક્ટર સંજય દત્ત અચાનક સ્ટેજ પર પહોંચી ગયો. તેની એન્ટ્રી થતા જ ત્યાં હાજર ભીડમાંથી આનંદનો જોરદાર શોર ગૂંજ્યો. લોકો તાળીઓ પાડવા લાગ્યા અને વીડિયો બનાવવા લાગ્યા. આ કોન્સર્ટ મુંબઈના જિયો વર્લ્ડ સેન્ટરમાં યોજાયો હતો. આ શો એપી ઢિલ્લોંનના વન ઓફ વન ટૂરનો ભાગ હતો. કોન્સર્ટ દરમિયાન સંજય દત્ત અને એક્ટ્રેસ તારા સુતારિયા પણ સ્ટેજ પર જોવા મળ્યા. એક વીડિયોમાં એપી ઢિલ્લોં સંજય દત્તને સ્ટેજ તરફ લઈ જતો જોવા મળ્યો. આ દરમિયાન સંજય ફેન્સ સાથે હાથ મિલાવતો જોવા મળ્યો. ત્યારબાદ બંનેએ એકબીજાને ગળે લગાવ્યા. બીજા વીડિયોમાં એપીએ સંજયને ભીડ સાથે પરિચય કરાવ્યો. તેણે કહ્યું, “યો મુંબઈ, આ લિજેન્ડ માટે શોર મચાવો.” આના પર ત્યાં હાજર લોકો વધુ ઉત્સાહિત થઈ ગયા. કોન્સર્ટ દરમિયાન એપી ઢિલ્લોંએ સંજય દત્તને પગે પણ લાગ્યો. તેના જવાબમાં સંજયે કહ્યું, “આ મારો નાનો ભાઈ છે, પંજાબી મુંડા.” આ સાંભળીને દર્શકોએ જોરદાર તાળીઓ પાડી. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, સંજય દત્ત તાજેતરમાં ફિલ્મ 'ધુરંધર'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારું પરફોર્મન્સ કરી રહી છે. કોન્સર્ટમાં એપી સાથે તારા સુતારિયાએ પણ સ્ટેજ શેર કર્યું. બંનેએ ડાન્સ કર્યો. એપીએ તારાને ગળે લગાડી અને ગાલ પર કિસ પણ કરી.

## આલિયા-રણબીર નવા વર્ષની ઉજવણી માટે ઉપડ્યાં



**મુંબઈ, તા. 29**

રણબીર કપૂર અને આલિયા ભટ્ટ નવા વર્ષના થોડા દિવસો પહેલા મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યાં. બંને રજાઓ ગાળવા રવાના થઈ રહ્યા હતાં. આ દરમિયાન રણબીર કપૂરનો નવો લુક સૌથી વધુ ચર્ચામાં રહ્યો. વીડિયોમાં રણબીર ક્લીન-શેવ લુકમાં દેખાયો. તેણે બહાર ઉભેલા ફોટોગ્રાફર્સને પોઝ પણ આપ્યો. આલિયા ભટ્ટે પણ પેપરાઝીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. તે હસતી જોવા મળી, હાથ હલાવ્યો અને એરપોર્ટની અંદર જતા પહેલા ફ્લાઈંગ કિસ પણ આપી. આલિયાએ ઓલિવ ગ્રીન ઓવરસાઈઝ્ડ જેકેટ, સનગ્લાસિસ સાથે કેઝ્યુઅલ ટ્રાવેલ લુક અપનાવ્યો. આ અઠવાડિયાની શરૂઆતમાં આલિયાએ તેના ક્રિસમસ સેલિબ્રેશનની તસવીરો પણ શેર કરી હતી. તેણે મુંબઈમાં તેની માતા સોની રાઝદાનના ઘરે યોજાયેલી ક્રિસમસ પાર્ટીની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી હતી. આ તસવીરોમાં પરિવારની ખુશહાલ પળો જોવા મળી હતી. તેમાં રણબીર, આલિયા અને દીકરી રાહાની સુંદર ઝલક પણ સામેલ હતી.



## શિલ્પા શેટ્ટીના મોર્ફ્ડ ફોટો-વીડિયો વાઈરલ : બોમ્બે હાઈકોર્ટે એક્ટ્રેસના AIથી બનાવેલા વાંધાજનક કન્ટેન્ટને હટાવવાનો આદેશ આપ્યો

**મુંબઈ તા. 29**

બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીની AI દ્વારા બનાવેલી અને મોર્ફ કરેલી તસવીરોને અત્યંત પરેશાન કરનારી અને ચોંકાવનારી ગણાવી. કોર્ટે ઘણા સોશિયલ મીડિયા પ્લેટફોર્મને તાત્કાલિક આવી તમામ લિંક્સ અને વેબસાઈટ્સ હટાવવાનો આદેશ આપ્યો છે. 'મહિલાની પરવાનગી વિના આ રીતે કન્ટેન્ટ મૂકી શકાય નહીં' હકીકતમાં, શિલ્પા શેટ્ટીએ પોતાના વ્યક્તિત્વ (પર્સનાલિટી) સંબંધિત અધિકારોના રક્ષણ માટે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. તેમણે એવી વેબસાઈટ્સ અને AI દ્વારા બનાવેલી સામગ્રી સામે કાર્યવાહીની માંગ કરી હતી, જેમાં તેમની મોર્ફ કરેલી તસવીરો અને વીડિયો દર્શાવવામાં આવ્યા હતા. કેસની સુનાવણી કરતા જસ્ટિસ અદ્વૈત સેઠનાની વેકેશન બેન્ચે કહ્યું કે, 'વેબસાઈટ્સ પર મૂકવામાં આવેલું કન્ટેન્ટ પ્રથમ દૃષ્ટિએ જ અત્યંત પરેશાન કરનારું છે.' કોર્ટે કહ્યું કે, 'કોઈપણ વ્યક્તિ, ખાસ કરીને કોઈ મહિલાને તેની જાણકારી કે પરવાનગી વિના આ રીતે રજૂ કરી શકાય નહીં કારણ કે તેનાથી તેની ગોપનીયતા પર અસર પડે છે.' AI દ્વારા અવાજ અને હાવભાવની નકલ કરવામાં આવી, અરજીમાં શિલ્પાએ આરોપ લગાવ્યો હતો કે AI ટૂલ્સનો ઉપયોગ કરીને તેમના અવાજ અને હાવભાવની નકલ કરવામાં આવી. આનાથી તેમની પરવાનગી વિના મોર્ફ્ડ ફોટો, પુસ્તકો અને અન્ય ઉત્પાદનો બનાવવામાં આવ્યા. શિલ્પાએ કોર્ટને તમામ વેબસાઈટ્સને આ કન્ટેન્ટ હટાવવા અને તેમની પરવાનગી વિના તેમનું નામ, અવાજ કે તસવીરનો ઉપયોગ કરતા રોકવાની માંગ કરી. હાઈકોર્ટે કહ્યું કે, સોશિયલ મીડિયા પર હાજર આવી તસવીરો તેમને ખોટી અને વાંધાજનક રીતે દર્શાવે છે. કોર્ટ મુજબ આવી તસવીરો તેમની છબી અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે. તેથી કોર્ટે તમામ પ્લેટફોર્મને તરત જ આવા તમામ URL હટાવવાનો આદેશ આપ્યો છે. કેસની સુનાવણી કરતા જસ્ટિસ અદ્વૈત સેઠનાની વેકેશન બેન્ચે કહ્યું કે, 'વેબસાઈટ્સ પર મૂકવામાં આવેલું કન્ટેન્ટ પ્રથમ દૃષ્ટિએ જ અત્યંત પરેશાન કરનારું છે.' કોર્ટે કહ્યું કે, 'કોઈપણ વ્યક્તિ, ખાસ કરીને કોઈ મહિલાને તેની જાણકારી કે પરવાનગી વિના આ રીતે રજૂ કરી શકાય નહીં કારણ કે તેનાથી તેની ગોપનીયતા પર અસર પડે છે.' AI દ્વારા અવાજ અને હાવભાવની નકલ કરવામાં આવી, અરજીમાં શિલ્પાએ આરોપ લગાવ્યો હતો કે AI ટૂલ્સનો ઉપયોગ કરીને તેમના અવાજ અને હાવભાવની નકલ કરવામાં આવી. આનાથી તેમની પરવાનગી વિના મોર્ફ્ડ ફોટો, પુસ્તકો અને અન્ય ઉત્પાદનો બનાવવામાં આવ્યા. શિલ્પાએ કોર્ટને તમામ વેબસાઈટ્સને આ કન્ટેન્ટ હટાવવા અને તેમની પરવાનગી વિના તેમનું નામ, અવાજ કે તસવીરનો ઉપયોગ કરતા રોકવાની માંગ કરી. હાઈકોર્ટે કહ્યું કે, સોશિયલ મીડિયા પર હાજર આવી તસવીરો તેમને ખોટી અને વાંધાજનક રીતે દર્શાવે છે.

# ભારતીય ઘરોમાં દેશની GDP કરતા પણ વધુ સોનું: 34,600 ટન સોનાની કિંમત ₹450 લાખ કરોડ, દેશની GDP ₹370 લાખ કરોડ



**નવી દિલ્હી, તા.29**

આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમતો રેકોર્ડ ઊંચાઈએ પહોંચવાને કારણે ભારતીય પરિવારો પાસે રહેલા કુલ સોનાની કિંમત 5 ટ્રિલિયન ડોલર (450 લાખ કરોડ) ને પાર કરી ગઈ છે. આ આંકડો દેશની કુલ GDP (4.1 ટ્રિલિયન ડોલર) કરતા પણ વધુ છે.

મોર્ગન સ્ટેનલીના એક રિપોર્ટ અનુસાર ભારતીય ઘરોમાં લગભગ 34,600 ટન સોનું જમા છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું 4,500 ડોલર પ્રતિ ઔંસ (1,42,700 પ્રતિ 10 ગ્રામ) ને પાર ટ્રેડ કરી રહ્યું છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) અનુસાર, ભારતની GDP હાલમાં લગભગ 4.1 ટ્રિલિયન ડોલર (લગભગ 370 લાખ કરોડ) છે. એટલે કે જો ભારતના ઘરોમાં રાખેલા સોનાની કુલ કિંમત જોવામાં આવે તો તે દેશની સંપૂર્ણ અર્થવ્યવસ્થા કરતા પણ વધુ છે.

ઈન્ફોમેરિક્સ વેલ્યુએશન એન્ડ રેટિંગ્સના ચીફ ઈકોનોમિસ્ટ ડો. મનોરંજન શર્મા અનુસાર આ સરખામણી ઘણી રસપ્રદ છે. તેમણે કહ્યું, 'GDP એક ફ્લો વેરીએબલ એટલે કે સતત બદલાતું રહે છે જ્યારે ગોલ્ડ હોલ્ડિંગ એક સ્ટોક છે.

આ આંકડો ભારતના અર્થતંત્રમાં સોનાના સાંસ્કૃતિક, નાણાકીય અને મનોવૈજ્ઞાનિક મહત્વને દર્શાવે છે. યુદ્ધ, આર્થિક સંકટ કે મોંઘવારીના સમયે ભારતીયોનો ભરોસો સૌથી વધુ સોના અને અમેરિકી ડોલર પર જ રહે છે.'

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જ્યારે કોઈ સંપત્તિની કિંમત વધે છે, ત્યારે લોકો પોતાને ધનવાન અનુભવે છે અને વધુ ખર્ચ કરે છે. તેને વેલ્થ ઈફેક્ટ એટલે કે ધનનો પ્રભાવ કહેવાય છે. જોકે, એમકે ગ્લોબલનો એક રિપોર્ટ તેનાથી વિપરીત દાવો કરે છે.

રિપોર્ટ અનુસાર, ભારતમાં 75-80% સોનું જ્વેલરીના રૂપમાં છે. લોકો તેને લાંબા ગાળાની બચત અને પરંપરા તરીકે જુએ છે. કારણ કે લોકો તેને વેચતા નથી, તેથી કિંમતો વધવાથી તેમના ખર્ચ કે ખરીદી પર કોઈ ખાસ અસર થતી નથી.

ભારત દુનિયામાં સોનાનો બીજો સૌથી મોટો ખરીદદાર છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC) ના ડેટા અનુસાર: વિશ્વભરની કુલ માગમાં ભારતનો હિસ્સો 26% છે. ચીન 28% સાથે પ્રથમ સ્થાને છે.

જૂન 2025 સુધીના આંકડા મુજબ, ભારતમાં સિક્કા અને બાર (છૂટક ખરીદી)ની માગ પણ વધી છે, જે 23.9% થી વધીને 32% થઈ ગઈ છે.

માત્ર સામાન્ય લોકો જ નહીં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) પણ પોતાનો ગોલ્ડ સ્ટોક સતત વધારી રહ્યું છે. 2024 થી અત્યાર સુધી RBI એ પોતાના રિઝર્વમાં 75 ટન સોનું ઉમેર્યું છે. હવે ભારતનો કુલ સરકારી ગોલ્ડ રિઝર્વ 880 ટન થઈ ગયો છે. આ ભારતનાં કુલ વિદેશી મુદ્રા ભંડારનો લગભગ 14% હિસ્સો છે.

માર્કેટ એક્સપર્ટ્સનું માનવું છે કે સોનાની કિંમતોમાં આ ઉછાળા પાછળ માત્ર સામાન્ય લોકો જ નહીં, પરંતુ દુનિયાભરની કેન્દ્રીય બેંકો પણ છે. ચીનની 'પીપલ્સ બેંક ઓફ ચાઈના' મોટા પાયે સોનું ખરીદી રહી છે. ઘણા દેશો હવે ડોલર પર પોતાની નિર્ભરતા ઓછી કરવા અને જિયો-પોલિટિકલ જોખમથી બચવા માટે સોનાને સુરક્ષિત વિકલ્પ માની રહ્યા છે.

અર્થશાસ્ત્રીઓ માટે સૌથી મોટો પડકાર એ છે કે ઘરોમાં રાખેલું સોનું એક 'આઈડલ એસેટ' (એવી સંપત્તિ કે જેનાથી કોઈ કમાણી ન થાય) છે. સરકારે ગોલ્ડ બોન્ડ (SGB), ગોલ્ડ ETF અને ડિજિટલ ગોલ્ડ જેવા વિકલ્પો આપ્યા છે જેથી લોકો ફિઝિકલ ગોલ્ડને બદલે નાણાકીય ગોલ્ડમાં રોકાણ કરે, પરંતુ ભારતીયોનો ફિઝિકલ ગોલ્ડ એટલે કે ઘરેણાં અને સિક્કા પ્રત્યેનો પ્રેમ ઓછો થઈ રહ્યો નથી.

# VB-G RAM Gથી રાજ્યોને ₹17,000 કરોડનો ફાયદો થશે : યુપી, મહારાષ્ટ્ર અને બિહાર સૌથી મોટા ગેનર્સ બની શકે છે, કેન્દ્ર-રાજ્ય વચ્ચે ફંડિંગ રેશિયો 60:40 રહેશે

**નવી દિલ્હી, તા.29**



ગ્રામીણ વિસ્તારોમાં રોજગારની ગેરંટી આપતો નવો કાયદો 'વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન' (VB-G RAM G) થી રાજ્યોની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના હાલના અહેવાલ મુજબ, ફંડિંગ પેટર્નમાં ફેરફાર છતાં રાજ્યોને સામૂહિક રીતે આશરે 17,000 કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો થવાની અપેક્ષા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 21 ડિસેમ્બરે આ બિલને પોતાની મંજૂરી આપી દીધી છે, જેના પછી હવે તે કાયદો બની ગયો છે.

સરકારે કહ્યું કે નવા કાયદામાં હવે દરેક ગ્રામીણ પરિવારને વર્ષમાં 125 દિવસ કામ આપવાની ગેરંટી હશે, જે પહેલા 100 દિવસ હતી. આનાથી ગામડાઓમાં રહેતા પરિવારોને વધુ કામ મળશે અને તેમની આર્થિક સુરક્ષા મજબૂત બનશે.

કાયદાની કલમ 22 હેઠળ આ યોજનાનો ખર્ચ કેન્દ્ર અને રાજ્ય સરકારો મળીને ઉઠાવશે. સામાન્ય રાજ્યોમાં ખર્ચની વહેંચણી 60 ટકા કેન્દ્ર અને 40 ટકા રાજ્ય વચ્ચે થશે.

જ્યારે, ઉત્તર-પૂર્વીય રાજ્યો, પહાડી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો- જેમ કે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં કેન્દ્ર સરકાર 90 ટકા ખર્ચ ઉઠાવશે.

કલમ 6 મુજબ, રાજ્ય સરકારો ખેતીના વ્યસ્ત સમયગાળા દરમિયાન, જેમ કે વાવણી અને લણણી દરમિયાન, વર્ષમાં વધુમાં વધુ 60 દિવસ સુધી આ યોજના હેઠળ મળતા કામને નિયંત્રિત કરી શકશે.

આ કાયદાને લઈને સૌથી મોટી ચર્ચા તેના ફંડિંગ સ્ટ્રક્ચર પર હતી. નવા નિયમો મુજબ, કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ભંડોળની વહેંચણી 60:40 ના રેશિયોમાં થશે. જોકે, પૂર્વોત્તર રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને હિમાલયી રાજ્યો માટે આ નિયમ અલગ હશે. SBIના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કેટલાક લોકો તેને રાજ્યો પર વધારાનો નાણાકીય બોજ માની રહ્યા છે, પરંતુ ડેટા દર્શાવે છે કે ખરેખર રાજ્યોને તેનાથી ફાયદો જ થશે.


તમિલનાડુ જેવા કેટલાક રાજ્યોમાં નજીવો ઘટાડો જોવા મળી શકે છે, પરંતુ જો ગયા વર્ષના વિશેષ આંકડાઓને દૂર કરવામાં આવે, તો ત્યાં પણ સ્થિતિ સ્ટેબલ છે.

રિપોર્ટમાં તે દાવાઓને નકારી કાઢવામાં આવ્યા છે જેમાં કહેવામાં આવી રહ્યું હતું કે 60:40 ના રેશિયોથી રાજ્યોને વધુ લોન લેવી પડશે. SBI અનુસાર, આ ડર રાજ્યોની નાણાકીય સ્થિતિની ખોટી સમજને કારણે છે. નવા માળખામાં ભંડોળનું વિતરણ 'ઈક્વિટી અને એફિશિયન્સી' એટલે કે સમાનતા અને કાર્યક્ષમતાના આધારે થશે, જેનાથી વિકસિત અને પછાત, બંને પ્રકારના રાજ્યોને વધુ સારું ભંડોળ મળી શકશે.

SBIના રિપોર્ટમાં એવું પણ સૂચવવામાં આવ્યું છે કે રાજ્ય સરકારો તેમના તરફથી 40% યોગદાનનો અસરકારક રીતે ઉપયોગ કરીને આ મિશનના પરિણામોને વધુ સારા બનાવી શકે છે. આનાથી માત્ર રોજગાર વધશે જ નહીં, પરંતુ ગ્રામીણ માળખાકીય સુવિધાઓનો વિકાસ પણ ઝડપથી થશે.

# સેન્સેક્સ 345 અંક ઘટીને 84,695 પર બંધ : નિફ્ટી પણ 100 અંક ઘટ્યો, ઓટો અને IT શેરોમાં ઘટાડો, મીડિયા સેક્ટરમાં તેજી

**મુંબઈ, તા.29**




અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે આજે એટલે કે સોમવાર, 29 ડિસેમ્બરે સેન્સેક્સ 345 અંક ઘટીને 84,695 પર બંધ થયો છે. નિફ્ટીમાં 100 અંકનો ઘટાડો રહ્યો, તે 25,942 પર બંધ થયો છે.

સેન્સેક્સના 30 શેરોમાંથી 18માં ઘટાડો જોવા મળ્યો. નિફ્ટીના 50 શેરોમાંથી 33 શેર ઘટાડામાં રહ્યા. ઓટો, IT, ફાર્મા અને રિયલ્ટી શેરોમાં ઘટાડો રહ્યો, એકલા મીડિયા સેક્ટરમાં તેજી જોવા મળી છે.

એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 2.20% ઉપર 4,220 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.44% નીચે 50,526 પર બંધ થયો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.71% નીચે 25,635 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.041% વધીને 3,965 પર બંધ થયો છે.

26 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.041% ઘટીને 48,711 પર બંધ થયો હતો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.086% અને S&P 500માં 0.030%નો ઘટાડો રહ્યો હતો.

26 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ 317.56 કરોડના શેર વેચ્યા અને સ્થાનિક રોકાણકારો (DIIs) એ 1,772.56 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

ડિસેમ્બરમાં 26 તારીખ સુધી FIIs એ કુલ 24,148.33 કરોડના શેર વેચ્યા. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 64,056.61 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે એટલે કે શુક્રવાર, 26 ડિસેમ્બરે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 367 પોઈન્ટ ઘટીને 85,041 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 100 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 26,042 પર બંધ થયો.

સેન્સેક્સના 30 શેરોમાંથી 24માં ઘટાડો જોવા મળ્યો. બજાજ ફાઈનાન્સ અને એશિયન પેઈન્ટ્સ સહિત કુલ 8 શેરોમાં 1% થી વધુનો ઘટાડો રહ્યો. ટાઈટનનો શેર 2.2% ઉપર બંધ થયો.

નિફ્ટીના 50 શેરોમાંથી 35 નીચે બંધ થયા. NSE ના IT, ઓટો, રિયલ્ટી અને બેન્કિંગ ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો. મેટલ, FMCG અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં નજીવો વધારો રહ્યો.

# અદાણી ગ્રુપ ડિફેન્સ સેક્ટરમાં ₹1.8 લાખ કરોડનું રોકાણ કરશે

## 2026માં AI-પાવર્ડ ડ્રોન, મિસાઈલ બનાવવા પર ફોકસ, ઓપરેશન સિંદૂરમાં પ્રોડક્ટ્સનો ઉપયોગ થઈ ચુક્યો છે

**નવી દિલ્હી, તા.29**




અદાણી ગ્રુપે આવતા વર્ષે ડિફેન્સ મેન્યુફેક્ચરિંગમાં 1.8 લાખ કરોડનું રોકાણ કરવાનો પ્લાન કર્યો છે. કંપની આ રોકાણ દ્વારા માનવરહિત અને ઓટોનોમસ સિસ્ટમ્સ, એડવાન્સ્ડ ગાઈડેડ વેપન્સ બનાવવા પર ભાર મૂકશે, જેથી ભવિષ્યની લડાઈની જરૂરિયાતો અનુસાર પ્રોડક્ટ્સ બનાવી શકાય.

PTIના રિપોર્ટ અનુસાર, 2025માં ઓપરેશન સિંદૂર જેવા મિશન્સમાં અદાણીના મિલિટરી હાર્ડવેરનો ઉપયોગ થઈ ચૂક્યો છે. અદાણી ડિફેન્સ એન્ડ એયરોસ્પેસ આવતા વર્ષે AI-ઈનેબલ્ડ મલ્ટી-ડોમેન ઓપરેશન્સ, સેન્સર અને ઈલેક્ટ્રોનિક્સ, અને મોટા પાયે MRO (મેન્ટેનન્સ, રિપેર અને ઓવરહોલ) ટ્રેનિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરશે.

અદાણી ડિફેન્સ દેશના સૌથી મોટા ઈન્ટિગ્રેટેડ પ્રાઈવેટ સેક્ટર ડિફેન્સ પ્લેયર્સમાંથી એક તરીકે ઉભરી આવ્યું છે. 2025માં તેના ઘણા સૈન્ય સાધનોનો ઉપયોગ 'ઓપરેશન સિંદૂર'માં પણ કરવામાં આવ્યો હતો.

નૌકાદળ અને સેનામાં ડ્રોન: 2025માં કંપનીના દ્રષ્ટિ 10 UAVs (માનવરહિત હવાઈ વાહન)ને લાંબા અંતરના ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને રિકોનિસન્સ મિશન (ISR) માટે ભારતીય નૌકાદળ અને સેનામાં સામેલ કરવામાં આવ્યા.

કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ: તેના કાઉન્ટર-ડ્રોન સિસ્ટમે સેના, નૌકાદળ અને વાયુસેના દ્વારા કરવામાં આવેલા ટ્રાયલ પાસ કરી લીધા છે.

ગાઈડેડ વેપન્સ: કંપનીના અગ્નિકા લોઈટરિંગ મ્યુનિશન્સે ઈલેક્ટ્રોનિક વોરફેર (યુદ્ધ)માં પણ પોતાની ક્ષમતા દર્શાવી. આ ઉપરાંત, ખભા પર રાખીને ઝીંકવામાં આવતી મિસાઈલ સિસ્ટમ ARKA MANPADSને પણ ત્રણેય સેનાઓ માટે તૈયાર કરી લેવામાં આવી છે.

આ સિસ્ટમ્સ હવા, પાણી અને જમીન પર માણસ વગર ચાલે છે. સેન્સર્સ, સોફ્ટવેર અને સુરક્ષિત નેટવર્કથી આ ઓછી માનવીય મદદથી કામ કરે છે. આનાથી સેના દૂર સુધી પહોંચી શકે છે અને સૈનિકો સુરક્ષિત રહે છે.

હવામાં: ડ્રોન જાસૂસી, દેખરેખ, મેસેજ મોકલવા અને સચોટ મદદના કામ કરે છે. આ લાંબા સમય સુધી ઉડી શકે છે.

પાણીમાં: ક્રૂ વગરના જહાજો દેખરેખ, પાણીની અંદર લડાઈ અને માઈન્સ સાફ કરવાનું કામ કરે છે.

જમીન પર: નાના વાહનો સામાન પહોંચાડવા, જાસૂસી કરવા, બોમ્બનો નિકાલ કરવા અને સરહદની રક્ષા કરવામાં મદદ કરે છે.

કંપની માનવરહિત અને ઓટોનોમસ સિસ્ટમ્સ, એડવાન્સ્ડ ગાઈડેડ વેપન્સ બનાવવા પર ભાર મૂકશે.

કંપની માનવરહિત અને ઓટોનોમસ સિસ્ટમ્સ, એડવાન્સ્ડ ગાઈડેડ વેપન્સ બનાવવા પર ભાર મૂકશે.

2026માં અદાણી હવા, પાણી, જમીન પર ડ્રોન વધારશે. સચોટ હુમલાની તાકાત વધશે, સર્વિસ અને ટ્રેનિંગ સેન્ટર બનશે. AIથી ચાલતી ઘણી જગ્યાઓની સિસ્ટમ્સ સારી બનશે. આ ભારતના ડિફેન્સ પ્લાન સાથે મેચ કરશે.

રિપોર્ટ્સ અનુસાર, આ પ્લાન સેક્ટરને તાકાત આપશે અને નોકરીઓનું સર્જન કરશે. કંપનીનું લક્ષ્ય પ્રાઈવેટ ડિફેન્સમાં 25% હિસ્સો મેળવવાનું છે.

# આંખના પલકારે ચાંદીનો ભાવ ગગડ્યો: સવારે ઓલ ટાઈમ હાઈ હતો ને પછી અચાનક 21 હજાર ભાવ તૂટ્યો, વર્ષનાં છેલ્લાં દિવસોમાં સોનાનો ભાવ પણ વધી ₹1.38 લાખ થયો

**નવી દિલ્હી, તા.29**

સોના-ચાંદીના ભાવ આજે એટલે કે 29 ડિસેમ્બરે સતત પાંચમા કારોબારી દિવસે ઓલટાઈમ હાઈ પર છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ સોનાની કિંમત 205 રૂપિયા વધીને 1,38,161 પર પહોંચી ગઈ. આ પહેલા તે 1,37,956 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર હતું. સોમવારે ચાંદીનો ભાવ MCX પર વધીને 2.54 લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયો. પરંતુ તે પછી અચાનક એક ઝટકો આવ્યો અને ચાંદીની કિંમત 21500 રૂપિયા પ્રતિ કિલો સુધી ઘટી ગઈ, એટલે કે એક ઝટકામાં સોમવારે ચાંદી 21 હજાર રૂપિયાથી વધુ સસ્તી થઈ ગઈ. એક રીતે સોના-ચાંદી બજારમાં એક મોટો માર્કેટ ડ્રામા જોવા મળ્યો. ચાંદીના ભાવે દિવસની શરૂઆતમાં ઈતિહાસ રચ્યો અને પછી એક જ કલાકમાં 21,500 રૂપિયા સુધી ગગડી ગઈ, રોકાણકારો સમજી શકતા નથી કે આવું શું થયું, જેના કારણે ચાંદીનો ભાવ અચાનક ઘટી ગયો.

સવારે જ્યારે MCX પર ચાંદીના માર્ચ વાયદાના ભાવ પ્રતિ કિલો 2,54,174ના રેકોર્ડ સ્તરને પાર કરી ગયા, ત્યારે એવું લાગી રહ્યું હતું કે 2025નું આ છેલ્લું કારોબારી સત્ર ચાંદીના નામે જ રહેશે. પરંતુ બજારમાં પ્રોફિટ બુકિંગ શરૂ થતા જ ભાવ ઘટીને 2,32,663 સુધી પહોંચી ગયા. એટલે કે થોડા જ સમયમાં ચાંદીની કિંમતમાં લગભગ 21,500 રૂપિયાનો ઘટાડો થયો. નિષ્ણાતોના જણાવ્યા મુજબ આ ઘટાડો અચાનક નથી, પરંતુ બમ્પર ઉછાળા પછી થતી સામાન્ય પ્રતિક્રિયા છે. ઘણા ટ્રેડરોએ નફો સુરક્ષિત કરવા માટે ચાંદી વેચવાનું શરૂ કર્યું, જેના કારણે બજારમાં ઘટાડાની ગતિ વધુ તેજ બની ગઈ. IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતું. તેથી શહેરોના ભાવ તેનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 61,999 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,38,161 રૂપિયાનું થઈ ગયું છે.



ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,57,466 રૂપિયા વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 2,43,483 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

ડોલર નબળો- અમેરિકા દ્વારા વ્યાજદરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ- રશિયા-યુક્રેન યુદ્ધ અને વિશ્વમાં તણાવ વધવાને કારણે રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક- ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ વર્ષભરમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ વધી રહ્યા છે.

સવારે જ્યારે MCX પર ચાંદીના ભાવે 2,54,174 રૂપિયા પ્રતિ કિલોનો રેકોર્ડ તોડ્યો, ત્યારે એવું લાગી રહ્યું હતું કે 2025નું આ છેલ્લું કારોબારી સત્ર ચાંદીના નામે થઈ જશે. પરંતુ જેવી બજારમાં પ્રોફિટ બુકિંગની લહેર ચાલી, ભાવે ઝડપથી ઊંધી દિશા પકડી અને 2,32,663 રૂપિયા સુધી ગગડી ગયો, એટલે કે થોડી જ વારમાં ચાંદીની કિંમત લગભગ 21,500 રૂપિયા ઘટી ગઈ.

જાણકારોના મતે આ ઘટાડો અચાનક નથી, પરંતુ ઝડપી ઉછાળા પછીની સામાન્ય પ્રતિક્રિયા છે. ઘણા વેપારીઓએ નફો સુરક્ષિત કરવા માટે ચાંદી વેચવાનું શરૂ કર્યું, જેના કારણે બજારમાં ઘટાડાની ગતિ વધુ તેજ બની.

ઔદ્યોગિક માગ- સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર- અમેરિકન કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધા- ઉત્પાદન અટકી જવાની ભીતિથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયાએ જણાવ્યું હતું કે ચાંદીની માગમાં હાલ તેજી છે જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવી સ્થિતિમાં ચાંદી આગામી 1 વર્ષમાં 2.75 લાખ સુધી પહોંચી શકે છે. સોનાની વાત કરીએ તો એની માગમાં પણ તેજી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં આવતા વર્ષ સુધીમાં એ 10 ગ્રામદીઠ 1.50 લાખ રૂપિયાને પાર કરી શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે એની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**જાહેર સૂચના**

આથી જાણ કરવામાં આવે છે કે મોટી આદરજ-વિજાપુર સેક્શનની વચ્ચે મોટી આદરજ-વિજાપુર ગેજ કન્વર્ઝન પર નવી બિછાવેલી બીજી લાઈન પર પેસેન્જર અને માલગાડીઓ ચાલુ થશે અને 29.12.2025 અને 30.12.2025ના રોજ C R S નિરીક્ષણ કરવામાં આવશે. 30.12.2025ના રોજ 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રાયલ રન પણ કરવામાં આવશે સામાન્ય જનતાને રેલવે ટ્રેકથી દૂર રહેવાની વિનંતી કરવામાં આવે છે.

રેલવે ટ્રેક ક્રોસ કરવો અથવા રેલવે ટ્રેકની નજીક અવરજવર કરવી જીવલેણ બની શકે છે.

CPM 105

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**જાહેર સૂચના**

રેલવે પરિસરના તમામ વપરાશકર્તાઓને જાણ કરવામાં આવે છે કે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળના DRM કાર્યાલય - અસારવા ખાતે નવા નિયંત્રણ કાર્યાલય માટે નવું સ્થાપિત ૧૧/0.૪૩૩ kV હાઈ ટેન્શન પાવર સબસ્ટેશન ૦૫.૦૧.૨૦૨૬ ના રોજ અથવા તે પછી સક્રિય કરવામાં આવશે. તે તારીખથી, આ પાવર સબસ્ટેશન હંમેશા લાઈવ માનવામાં આવશે, અને કોઈપણ અનધિકૃત વ્યક્તિએ આ પરિસરની નજીક અથવા સંપર્કમાં કામ કરવું જોઈએ નહીં.

| વિભાગ | તારીખ |
|---|---|
| વિષય: અમદાવાદ મંડળ હેઠળના D R M કાર્યાલય - અસારવા ખાતે નવા નિયંત્રણ કાર્યાલય માટે નવા સ્થાપિત ૧૧/0.૪૩૩ kV હાઈ ટેન્શન પાવર સબસ્ટેશનનું નિયમિત સક્રિયકરણ. | ૦૫.૦૧.૨૦૨૬ |

ADI 242

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે - ભાવનગર વિભાગ**

**કેન્ટીન અને રેલ કોચ રેસ્ટોરન્ટના સંચાલન અને સંચાલન માટેનો કરાર**

**કેટલોગ નંબર:** MSSDRMCANRCRGG2

**કરારનો પ્રકાર:** ડીઆરએમ ઓફિસ - ભાવનગર પરા ખાતે કેન્ટીનનું સંચાલન અને સંચાલન અને ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન ખાતે રેલ કોચ રેસ્ટોરન્ટ.

**શ્રેણી:** વિવિધ સ્થિર સેવાઓ

બિડર/ટેન્ડરરએ (IREPS/E-ઓક્શન) સાઈટ **(www.ireps.gov.in)** ની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે વિભાગીય કાર્યાલય ભાવનગર અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR), ભાવનગર વિભાગ - +91-7227989486) ની મુલાકાત લેવાની રહેશે.

**હરાજી શરૂ થવાનો સમય અને તારીખ:** ૦૯.૦૧.૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે

BVP 231

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# રખિયાલના ક્રિષ્ણા મેડીકલ સ્ટોરમાં નશાના વિકલ્પ તરીકે કફસીરપનું કોડવર્ડમાં વેચાણ

- **તબીબોના પ્રિસ્ક્રિપશન વિના જ એક બોટલ 200 રૂપિયામાં વેચાણ થતુ હોવાની વિગતો સામે આવી**
- **નશા માટે કફસીરપ લેવા આવતા ગ્રાહકોનો કોડવર્ડ એક વસ્તુ આપો એટલે વેપારી કફ સીરપ આપી દે**

**અમદાવાદ, તા.29**

અમદાવાદ શહેર ગ્રામ્ય વિસ્તારોમાં નશો કરવાના વિકલ્પના ભાગરૂપે દારૂના બદલે કફ શીરપનો નશો કરતા લોકોની સંખ્યા વધી રહી છે. જેના કારણે મેડીકલ સ્ટોરમાં દવાની આડમાં તબીબી પ્રિસ્ક્રીપશન વિના કફશીરપનું આડેધડ વેચાણ કરતા તત્વો પણ મોટા પ્રમાણમાં સક્રિય થયા છે. જેમાં રખિયાલ પોલીસ સ્ટેશનથી માત્ર થોડા અંતરે આવેલા ક્રિષ્ણા મેડીકલ સ્ટોરમાં નશા માટે બેરોકટોક રીતે વેચાણ કરવામાં આવતા કફસીરપ અંગેની



ચોંકાવનારી વિગતો સામે આવી છે. સરદારજી નામના મેડીકલ સ્ટોરના સંચાલક પાસેં કફસીરપ ખરીદી કરવા આવતા ગ્રાહકો માટે ખાસ કોડવર્ડ છે.

રખિયાલના ક્રિષ્ણા મેડીકલ સ્ટોરમાં નશાના વિકલ્પ તરીકે કફસીરપનું કોડવર્ડમાં વેચાણ જેમાં ગ્રાહક એક વસ્તુ આપો એમ બોલે તો સરદારજી સમજી જાય છે કે આ ગ્રાહક દવા લેવા માટે નહી પણ કફસીરપ લેવા માટે આવ્યો છે. જેથી તે ચુપચાપ મેડીકલ સ્ટોરના એક ખુણામાં જઈને કફસીરપની બોટલ આપી દે છે.

જો ગ્રાહક એમ કહે કે બે વસ્તુ આપો તો સરદારજી બે બોટલ આપે.. વાત અહીયાથી નથી અટકતી આ મેડીકલ સ્ટોરમાંથી અન્ય કફસીરપના સપ્લાયર્સ પણ મોટાપ્રમાણમાં કફસીરપનો જથ્થો લઈને વેચાણ કરે છે. આ માટે તેમના હોલસેલના ક્લાઈન્ટ પણ નક્કી છે.

રખિયાલના ક્રિષ્ણા મેડીકલ સ્ટોરમાં નશાના વિકલ્પ તરીકે કફસીરપનું કોડવર્ડમાં વેચાણ ક્રિષ્ના મેડીકલ સ્ટોરના વેપારી દ્વારા કાયરેક્ટ કંપનીમાંથી ગેરકાયદે પ્રોડ્કશન કરાવીને કફસીરપનો મોટો નિયમિત રીતે ખરીદી કરવામાં આવતો હોવાની માહિતી આરોગ્ય વિભાગના કેટલાંક અધિકારીઓને પણ છે. પરંતુ, મિલિભગત હોવાને કારણે દરોડો પાડીને કાર્યવાહી કરવાને બદલે આંખ આડા કાન કરવામાં આવે છે.

# અમદાવાદમાં લગ્નની જીદમાં પ્રેમી બન્યો દુશ્મન, યુવતીની તસવીરો સોશિયલ મીડિયામાં વાઈરલ કરી

**અમદાવાદ, તા.29**

અમદાવાદના અસલાલીમાં એક તરફી પ્રેમ અને લગ્નની જીદમાં અંધ બનેલા પ્રેમીએ હદ વટાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રેમિકાના પરિવારજનો લગ્ન માટે તૈયાર ન થતા, આરોપીએ યુવતીને બદનામ કરી લગ્ન માટે દબાણ કરવાના ઈરાદે સોશિયલ મીડિયા પર તેના વાંધાજનક તસવીરો અને વીડિયો વાઈરલ કર્યા હતા. આ મામલે પીડિત યુવતીએ ધોળકાના શખસ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, 22 વર્ષીય પીડિત યુવતી છેલ્લા પાંચ વર્ષથી ધોળકાના રહેવાસી યોગેશ વાઘેલા સાથે પ્રેમ સંબંધમાં હતી. જોકે, યુવતીના પરિવારજનો આ સંબંધની વિરુદ્ધમાં હોવાથી યુવતીએ દૂર રહેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આરોપી યોગેશ તેને લગ્ન કરવા માટે સતત દબાણ કરી રહ્યો હતો. જ્યારે યુવતીએ લગ્નની ના



પાડી, ત્યારે આરોપીએ તેની આબરૂ ખરાબ કરવાની ધમકી આપી હતી. આરોપીએ સોશિયલ મીડિયા પર ફેક આઈડી બનાવીને તેના પર યુવતીના વાંધાજનક તસવીરો તેમજ વીડિયો અપલોડ કરી તેને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો.

યુવતી અને આરોપી યોગેશની પ્રથમ મુલાકાત પાંચ વર્ષ પહેલા એક લગ્ન પ્રસંગમાં થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા અને પ્રેમ સંબંધ બંધાયો હતો. આરોપી યુવતીને છૂપી રીતે મોબાઈલ ફોન મોકલાવી વાતચીત કરતો હતો. જો કે, પરિવારને જાણ થતા તેઓએ ફોન લઈ લીધો હતો, તેમ છતાં આરોપી ગમે તે રીતે સંપર્ક ચાલુ રાખતો હતો. આ પછી વાતચીત દરમિયાન આરોપીએ યુવતીના વાંધાજનક વીડિયો કોલ રેકોર્ડ કરી લીધા હતા. આ પછી આરોપી ધમકી આપી એવું કહેતો હતો કે, 'તારા માતા-પિતા લગ્ન માટે તૈયાર નથી, તેથી હું તારી આબરૂ ખરાબ કરી નાખીશ તો તેઓ મજબૂરીમાં આપણા લગ્ન કરાવી દેશે.' આમ ગત 23મી ડિસેમ્બરના રોજ જ્યારે આ તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા ત્યારે પરિવારને આ પાશવી કૃત્યની જાણ થઈ હતી. આરોપીના આ કૃત્યથી ડરી ગયેલા પરિવારે તાત્કાલિક સાયબર હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ પીડિત યુવતીએ અસલાલી પોલીસ સ્ટેશનમાં હાજર થઈ યોગેશ વાઘેલા સામે વિધિવત ફરિયાદ નોંધાવી છે. પુરાવા તરીકે વીડિયો ક્લિપની પેનડ્રાઈવ અને સ્ક્રીનશોટ પોલીસને સોંપવામાં આવ્યા છે.

# અમદાવાદ FRCનો મહત્ત્વનો નિર્ણય, વાલીઓ હવે પોર્ટલ પર ઘરે બેઠા શાળાઓની ફી જાણી શકશે

**અમદાવાદ, તા.29**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ પ્રણાલીમાં પારદર્શિતા લાવવા માટે એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ ફી રેગ્યુલેટરી કમિટી (FRC) ઝોન દ્વારા શાળાઓની નક્કી થયેલી ફીના ઑર્ડર હવે જાહેર જનતા માટે ઓનલાઇન ડેશબોર્ડ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. મહત્ત્વનું છે કે, આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય વાલીઓમાં જાગૃતિ લાવવાનો અને તે કોઈપણ શાળાની ફીની સચોટ વિગતો સરળતાથી જાણી શકે તે સુનિશ્ચિત કરવાનો છે. FRC ઝોન અમદાવાદે તેના પોર્ટલ પર એક વિશેષ ડેશબોર્ડ તૈયાર કર્યું છે. જ્યાં તમામ શાળાઓની નિર્ધારિત ફીના ઑર્ડર મૂકવામાં આવ્યા છે. વાલીઓ હવે ઘરે બેઠા જ પોર્ટલ પર જઈને શાળાનું નામ સર્ચ કરીને જે-તે વર્ષનો ફી ઑર્ડર જોઈ અને મેળવી શકે છે. સરકારની આ નીતિનો હેતુ વાલીઓને ફી બાબતે અવગત કરવાનો અને શાળાઓ દ્વારા લેવામાં આવતી ફીમાં પારદર્શિતા જાળવવાનો છે. હવે કોઈ પણ શાળા FRC દ્વારા નક્કી કરવામાં આવેલી ફી કરતાં વધારે રકમ વસૂલી શકશે નહીં.



જો વાલીઓ સ્વૈચ્છિક રીતે કોઈ વૈકલ્પિક પ્રવૃત્તિઓ રાખવા માંગતા હોય, તો જ તેની અલગ ફી લઈ શકાય છે. મહત્ત્વની વાત એ છે કે, જો કમિટી દ્વારા કોઈ શાળાની ફીમાં ઘટાડો કરવામાં આવ્યો હોય અને અપીલ પછી પણ જો તેમાં ફેરફાર ન થાય, તો શાળાઓએ વધારાની લીધેલી ફી વાલીઓને પરત કરવાની રહેશે અથવા આગામી ફીમાં એડજસ્ટ કરવાની રહેશે. આ માટે શાળાઓએ સત્વરે કાર્યવાહી કરવાની રહેશે તેવું સૂચવવામાં આવ્યું છે. અમદાવાદ શહેરના DEO રોહિત ચૌધરીએ જણાવ્યું કે, 'FRC અમદાવાદ ઝોન દ્વારા 5800થી વધુ શાળાઓની ફી મંજૂર કરવામાં આવી છે, જેની વિગતો વાલીઓ ઓનલાઈન અથવા શાળાના નોટિસ બોર્ડ પર જોઈ શકશે. જે શાળાઓની ફીમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

# આણંદ કૃષિ યુનિવર્સિટીનો 22મો પદવીદાન સમારોહ યોજાયો: 589 વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતકમાં ડિગ્રી એનાયત કરાઈ.....

**આણંદ, તા.29**

આણંદ કૃષિ યુનિવર્સિટીનો 22મો પદવીદાન સમારોહ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે કૃષિ મંત્રી જીતુ વાઘાણી અને પદ્મશ્રી ડો. જે.એમ. વ્યાસ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં કુલ 589 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી, જેમાં 387 સ્નાતક અને 202 અનુસ્નાતક વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, શ્રેષ્ઠ શિક્ષક અને શ્રેષ્ઠ સંશોધન કરનારને એવોર્ડ્સ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ્સ અને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ 13 ગોલ્ડ મેડલ્સ, 77 ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ્સ, 6 કેશ પ્રાઈઝ, પ્રત્યેક ફેકલ્ટી માટે 3 ચાન્સલર ગોલ્ડ અને 5 વાઈસ ચાન્સલર ગોલ્ડ મેડલ્સ એનાયત કરાયા હતા.

દિક્ષાંત સમારોહના પ્રારંભે રાજ્યપાલએ યુનિવર્સિટી પરિસરમાં રૂપિયા 4.07 કરોડના




ખર્ચે નિર્માણ પામેલ સેન્ટર ફોર પ્રિસિઝન ફાર્મિંગ સિસ્ટમ, રૂપિયા 4.10 કરોડના ખર્ચે બનેલ ડિપાર્ટમેન્ટ ઓફ બેઝિક સાયન્સ એન્ડ હ્યુમેનિટીઝ વિભાગનું નવું બિલ્ડિંગ અને સેન્ટર ફોર ક્લાઈમેટ સ્માર્ટ માઈક્રોબિયલ ટેકનોલોજી એન્ડ જીએચજી મોનિટરિંગના નવા બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું હતું.

રાજ્યપાલે આણંદ કૃષિ યુનિવર્સિટી તથા આત્માના સહયોગથી બોરસદ ચોકડી સ્થિત કૃષિ તજજ્ઞતા માહિતી કેન્દ્રના પ્રાંગણમાં પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ કેન્દ્રનું પણ ઉદ્ઘાટન કર્યું. તેમણે પ્રાકૃતિક ખેત પેદાશો વેચવા આવેલા ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો હતો. સમારંભના અંતે, રાજ્યપાલએ યુનિવર્સિટીના એગ્રોનોમી ફાર્મની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી વાવેતર કરાયેલા વિવિધ પાકો વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી.

આ પ્રસંગે રાજ્યપાલએ યુવા સ્નાતકોને રાસાયણિક ખેતીનો પ્રચાર ન કરવા, પરંતુ પ્રાકૃતિક ખેતી પર સંશોધન કરીને સત્યને જાણીને આગળ વધવા અપીલ કરી હતી. તેમણે પ્રાકૃતિક ખેતીને માનવતાની સૌથી મોટી સેવા ગણાવી, જે પર્યાવરણ, પાણી, ધરતી માતા, ગૌ માતા, લોકોનું સ્વાસ્થ્ય અને ખેડૂતની આવક જેવા અનેક કાર્યો એકસાથે કરે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આણંદ કૃષિ યુનિવર્સિટી આ મિશનમાં દેશનું નેતૃત્વ કરશે અને સૌને 'રાષ્ટ્ર પ્રથમ'ના ભાવ સાથે રિસર્ચ અને ઈનોવેશન કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

14 મેડલ મેળવનાર વિદ્યાર્થીની નિયતી પંચાલ સૌપ્રથમ ભગવાન અને ત્યારબાદ માતા-પિતા અને શિક્ષકોનો આભાર માનતા જણાવે છે કે, માતા-પિતા અને શિક્ષકોના સપોર્ટથી આજે મને 14 મેડલ મળ્યાં છે. હજુ જર્ની ઘણી બધી બાકી છે.

# 1.71 કરોડના દારુ પર રોલર ફેરવી દેવાયું : વડોદરાના 17 પોલીસ સ્ટેશનમાં ઝડપાયેલી દારૂ-બિયરની 50 હજારથી વધુ બોટલનો નાશ કરાતા રેલમછેલ

**વડોદરા, તા.29**

વડોદરા શહેર પોલીસે શહેરના 17 પોલીસ સ્ટેશનોમાં પકડાયેલા 1.71 કરોડની કિંમતની 50 હજારથી વધુ દારુ અને બિયરની બોટલોનો નાશ કર્યો હતો. આ સમયે વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર, ચારેય ઝોનના ડીસીપી, તમામ એસીપી અને તમામ પોલીસ સ્ટેશનોના પીઆઈ હાજર રહ્યા હતા અને દારૂના જથ્થા પર રોલર ફેરવી દેવાયા હતા. વડોદરા શહેરના છેવાડે આવેલ કોયલી ચેકપોસ્ટની સામે ખુલ્લા પ્લોટમાં દારુ અને બિયરના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ સમયે પ્લોટમાં દારૂની રેલમછેલ થતી જોવા મળી હતી. જ્યાં જુઓ ત્યાં દારુ અને બિયરની બોટલો જોવા મળી હતી. ગુજરાતમાં દારુબંધી હોવા છતાં વડોદરા શહેરમાં અલગ-અલગ રાજ્યોમાંથી દારૂનો સપ્લાય થાય છે. જો કે, વડોદરા શહેર પોલીસ એલર્ટ હોવાથી અવારનવાર દારૂનો જથ્થો પકડાય છે. વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું હતું કે, વડોદરા શહેર પોલીસ દ્વારા વર્ષ 2025 દરમિયાન 3,200થી વધુ કેસો દાખલ કરવામાં આવ્યા છે અને આ કેસોમાં સંડોવાયેલા આરોપીઓની તેટલી જ મોટી સંખ્યામાં ધરપકડ



કરવામાં આવી છે. આ કેસોની તપાસ દરમિયાન અંદાજે 9.54 કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આજે શહેરના 17 પોલીસ સ્ટેશનની હદમાં જપ્ત કરાયેલી 50,000 થી વધુ દારૂ અને બિયરની બોટલોનો નાશ કરવામાં આવ્યો છે, જેની કિંમત અંદાજે 1.71 કરોડ રૂપિયાથી વધુ થાય છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, વડોદરા શહેર પોલીસે વર્ષ 2025 દરમિયાન 131થી વધુ રીઢા ગુનેગારોને પાસા હેઠળ જેલભેગા કરવામાં આવ્યા છે, જ્યારે 15 આરોપીઓને શહેરના કાર્યક્ષેત્રમાંથી તડીપાર કરવામાં આવ્યા છે. જેથી કરીને આ પ્રકારની પ્રવૃતિઓ પર નિયંત્રણ રહે. પ્રોહિબિશન એક્ટની કલમ 93 હેઠળ જે આરોપીઓએ જામીન લીધા બાદ શરતોનો ભંગ કર્યો હોય તેવા 89 આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે.

# 8 ફૂટ ઊંડો મુખ્ય કાંસ કચરાથી ભરેલો મળ્યો : નડિયાદને પૂરથી બચાવવા સરદાર પ્રતિમા પાસેનો મુખ્ય કાંસ વર્ષો પછી ખુલ્લો કરાશે, પાણીનો નિકાલ ઝડપી બનશે

**નડિયાદ, તા.29**

નડિયાદ શહેરના મધ્યમાં આવેલા જર્જરિત સરદાર ભુવન કોમ્પ્લેક્સની 46 દુકાનોને મહાનગરપાલિકા દ્વારા ગયા સપ્તાહે તોડી પાડવામાં આવી હતી. આ કામગીરી બાદ સોમવારે કાટમાળ હટાવીને સરદાર પ્રતિમા પાસેનો મુખ્ય માર્ગ વાહનવ્યવહાર માટે ફરીથી ખુલ્લો કરાયો છે, જેનાથી નાગરિકોને ટ્રાફિકની સમસ્યામાંથી રાહત મળી છે.

આજે સોમવારે ધારાસભ્ય પંકજ દેસાઈ અને ડેપ્યુટી કમિશનર રુદ્રેશ હુદડ દ્વારા ટેકનિકલ ટીમ અને ઈજનેરો સાથે સ્થળની મુલાકાત લેવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, 14 ફૂટ પહોળો અને 8 ફૂટ ઊંડો આ મુખ્ય કાંસ કચરા અને માટીના કારણે લગભગ સંપૂર્ણપણે ભરાઈ ગયો છે. મજૂરો દ્વારા વાંસ નાખીને કરાયેલી ચકાસણીમાં માત્ર દોઢ ફૂટ જેટલી જગ્યામાંથી જ પાણી પસાર થતું હોવાનું સામે આવ્યું હતું.

નડિયાદ શહેર ભૌગોલિક રીતે પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વહેંચાયેલું છે. શહેરના પૂર્વ ભાગના વરસાદી પાણીના નિકાલ માટે આ સૌથી મુખ્ય કાંસ છે, જે પારસ સર્કલ, સંતરામ મંદિર અને બસ સ્ટેન્ડ થઈને સરદાર પ્રતિમા પાસેથી પસાર થાય છે. વર્ષ 1961-62માં આ કાંસ ઉપર જ સરદાર ભુવન કોમ્પ્લેક્સ બનાવવામાં આવ્યું હતું, જે લાંબા ગાળે સફાઈમાં મોટો અવરોધ બન્યું હતું.



આ વિસ્તારમાં અગાઉ પણ કાંસ સફાઈના પ્રયાસો થયા હતા, પરંતુ ઉપર દુકાનો હોવાથી ભારે મશીનરીનો ઉપયોગ શક્ય બનતો નહોતો. તે સમયે દુકાનોના તળિયે બ્લોક બનાવીને સફાઈનું આયોજન કરાયું હતું, પરંતુ તેમાં સફળતા મળી ન હતી. હવે જર્જરિત દુકાનો દૂર થઈ ગઈ હોવાથી, મહાનગરપાલિકા દ્વારા આ કાંસના સ્લેબ તોડીને તેને ખુલ્લો કરી સંપૂર્ણ સફાઈ કરવાનું નક્કી કરાયું છે.

વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થવાને કારણે નડિયાદના પૂર્વ વિસ્તારો જેવા કે દેસાઈ વગો, જૂના માખણપુરા, વી.કે.વી. રોડ અને સંતરામ રોડ પર સામાન્ય વરસાદમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાતી હતી. આ વિસ્તારોમાં મોટી હોસ્પિટલો આવેલી હોવાથી દર્દીઓ અને નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. કાંસ ખુલ્લો થવાથી હવે પાણીનો નિકાલ ઝડપી બનશે અને નાગરિકોને વર્ષો જૂની સમસ્યામાંથી મુક્તિ મળશે.

વહીવટી તંત્ર દ્વારા આ વિસ્તારમાં ડ્રેનેજ વ્યવસ્થાને વધુ મજબૂત કરવા માટે 68 કરોડ રૂપિયાના ખર્ચે નવી 'સ્લેબ ડ્રેનેજ' મંજૂર કરવામાં આવી છે. આ કાંસ શહેરનું તમામ પાણી લઈને આગળ કમળા ગામ થઈને શેઢી નદીમાં મળે છે. નવા પ્રોજેક્ટ અને સફાઈ અભિયાનથી શહેરની ગટર વ્યવસ્થામાં મોટો સુધારો આવવાની આશા છે.

ધારાસભ્ય પંકજ દેસાઈએ જણાવ્યું હતું કે, આગામી ચોમાસામાં નગરમાં પાણી ભરાવાની સમસ્યા ન રહે તે માટે અત્યારથી જ કમર કસવામાં આવી છે. કાંસ ખુલ્લો કરીને સફાઈ કર્યા બાદ આગળ ક્યાં ક્યાં અવરોધો છે તેની સ્થિતિ વધુ સ્પષ્ટ થશે, જેથી સમગ્ર નિકાલ વ્યવસ્થાને સુવ્યવસ્થિત કરી શકાશે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**

